# श्रुतसंविभाग – १२

November, 2018 કારતક, ૨૦૭૫

## આંતરડી ઠરે છે...

જિજ્ઞાસા જ્ઞાનની ગંગોત્રી છે.

જ્ઞાનનું સંતાન જો વિવેક હોય, તો જ્ઞાનની જનેતા હોય જિજ્ઞાસા.

જિજ્ઞાસાનો મહિમા આપણા શાસ્ત્રકારોએ બહુ જ ગાયો છે.

બ્રહ્મસૂત્રનું આદિસૂત્ર જ છે – अथातो ब्रह्मजिज्ञासा. જિજ્ઞાસા વિના જ્ઞાન કેવું? અને જ્ઞાન વગર નિઃશ્રેયસ પણ ક્યાં?

શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું – जिज्ञासुरपि योगस्य, शब्दब्रह्माऽतिवर्तते. અને પછી એમ પણ કહ્યું કે – शब्दे ब्रह्मणि निष्णातः, परं ब्रह्माऽधिगच्छति. આમ, પરબ્રહ્મની પ્રાપ્તિના પાયામાં ધરબાઈ છે જિજ્ઞાસા.

ઉપાધ્યાયજી મહારાજે જિજ્ઞાસા અથવા શુશ્રૂષાને જરા જુદી રીતે વર્ણવી છે – "સરી એ બોધ-પ્રવાહની જી, તે વિણ શ્રુત થળી-કૂપ." અર્થાત્, આ જિજ્ઞાસા કે શ્રવણજિજ્ઞાસા બોધના વહેણને વહેતું રાખનારી 'સર' એટલે કે સરવાણી છે. જેમ કૂવો ગાળતાં પાણીની સર ફૂટે તો કૂવો છલકાય, જીવે; તેમ જિજ્ઞાસા હોય તો ચિત્તના કૂવામાં બોધનું વહેણ વહેતું રહે.

એક સ્થાને તો ઉપાધ્યાયજીએ જિજ્ઞાસાને (અને વિવેકને) મમત્વદશાની વિનાશક (અને તેથી સમત્વના નિદાન) લેખે ગણાવી છે.

સ્યાદ્વાદના શાસનની સપ્તભંગીના મૂળમાં પણ જિજ્ઞાસા જ હોય, એ તો સર્વવિદિત છે.

આવી જિજ્ઞાસા આપણને જ્ઞાનના અગાધ સમુદ્ર ભણી દોરી જાય છે, અને તેમાં ગરકાવ થવાનું સુખ આપે છે. **श्रुतसंविभाग** એ જિજ્ઞાસાનું ફરજંદ છે, અને આપણી શગને સંકોરવાનું માધ્યમ પણ બની રહ્યું છે, તે કેટલા આનંદની વાત છે!

સ્વાધ્યાયની બે રીત છે – એક વાંચન, બીજું ચિંતન અથવા પરિશીલન.

વાંચનથી જિજ્ઞાસા તૃપ્ત થાય, પણ ચિંતનથી તો તે પ્રદીપ્ત થાય છે. વાંચ્યું, વાંચવામાં આવ્યું, અને વહેંચી દીધું, એમાં ઉપરછલ્લી તૃપ્તિ અવશ્ય મળે. પણ વાંચેલું વાગોળતાં જઈએ, તે વિશે વિચારતાં અને મનોમંથન કરતાં જઈએ, તો સામાન્ય જિજ્ઞાસા-તૃપ્તિની સામે અનેક નવનવી જિજ્ઞાસાઓ ઉદ્ભવતી જાય છે, પછી તે વિશે અન્યાન્ય ગ્રંથોનું અવલોકન-અવગાહન થાય, સમાન-ધર્મા મિત્રો સાથે સંવાદ રચાય, અને તે રીતે કાંઈક અનોખાં સમાધાન મળે, પદાર્થો મળે, અને પરિણામે શાસન-સંઘને લાભ થાય, તો આપણી કર્મનિર્જરા થાય.

મારા નાનેરા પણ અતિપ્રિય સાધુ-મિત્રો **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી જિજ્ઞાસાના આવા ઉદ્દીપનમાં રમમાણ છે તે જોતાં હૈયું ભારે હરખાય છે. મારા પ્રભુના શાસનની આવતી કાલ ઊજળી હશે તેવી આશાનો પિંડ બંધાય છે. મિત્રો! તમને – તમારી વિચારક્ષમતા અને શાસ્ત્રનિષ્ઠાને જોઈને આંતરડી ઠરે છે.

આ ક્ષણે એક જ સૂચના કરવી છે કે તમે ક્યારે પણ જ્ઞાનનો ગર્વ ન કરશો, અહંમ્મન્ય ન બનશો, અમને જ આવડે છે – સમજાય છે; અમને જે સમજાયું તે જ સાચું, બીજું નહીં; આવી તુચ્છ માન્યતાના અંધારિયા કૂવામાં ના ઊતરશો. ज्ञानमगर्वं અને ज्ञानं मददर्पहरं જેવાં ટંકશાળી શાસ્ત્રવચનોને નિરંતર ઘૂંટજો.

એક વાત હમેશાં યાદ રાખીએ – જ્ઞાનનો દર્પ આપણને શાસનશત્રુ બનાવી શકે છે. દર્પ તે જ કરી શકે, જેને 'સ્વ' અને 'સ્વાર્થ' શાસન કરતાં વધુ વહાલા હોય. આપણા માટે જગતની કોઈ પણ બાબત કરતાં, આપણી જાત કરતાંય, શાસન વધુ વહાલું હોય, હોવું જોઈએ, એ મુદ્દો હૈયે કોતરી રાખવાનો છે.

તમારા સૌના ગુરુભગવંતો તથા પૂજ્ય વડીલો તમારા જ્ઞાન-ધ્યાનના તથા ચારિત્રાદિ ગુણોના ઘડતર, વિકાસ વગેરે માટે જે કાળજીભર્યો પરિશ્રમ લે છે તે, ગર્વોદ્ધત કે સ્વકેન્દ્રી બનાવવા માટે નહિ, પરંતુ શાસનકેન્દ્રી બનાવવા માટે, અને વિવેકથી મહેકતા જીવનના ઉપાસક બનાવવા માટે, એ ક્યારેય ભૂલશો નહિ.

અંતમાં ફરી, **શ્રુતસંવિભાગ** ને ચિંતન – શાસ્ત્રાવગાહનની ઊંચાઈ પર લઈ જનારા સહુ મુનિ-મિત્રોનું હૃદયપૂર્વક અભિવાદન!

**/ વિજયશીલચંદ્રસૂરિ**

## અનુક્રમ


| લેખ | પૃષ્ઠ |
|---|---|
| દ્રવ્યાનુયોગ | |
| 129. વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનવામાં મતભેદ | 06 |
| 130. प्रतिबिंब की पर्यालोचना | 07 |
| 131. तमोवाद | 12 |
| 132. ईर्यापथिकी आस्रव में कर्मबंध की स्थिति | 10 |
| 133. દ્રવ્યેન્દ્રિયના ભેદો અને તેની વ્યાખ્યા | 11 |
| 134.ઇચ્છાદિ યોગો કયા ગુણઠાણે? | 17 |
| 135. ઋજુસૂત્ર-સંમત અવક્તવ્યત્વ | 18 |
| ચરણકરણાનુયોગ | |
| 136. મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ | 20 |
| 137. સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થો અંગે... | 20 |
| 138. તીર્થંકર ભગવંતોનું આલંબન | 22 |
| 139. આચાર્ય દ્વારા રત્નાધિકને વંદન! | 24 |
| 140. કેવલીભગવંતે પણ પ્રત્યુપેક્ષણા કરવાની! | 25 |
| 141. ત્રણ પ્રકારની પૂજા | 26 |
| ગણિતાનુયોગ | |
| 142. બૃહત્સંગ્રહણી ની એક જ ગાથાના બે અર્થ | 28 |
| 143. સુષમદુઃષમ આરાના ૩ વિભાગ | 29 |
| 144. યુગલિકો વિશે | 30 |
| 145. પરમાત્માના કલ્યાણક સમયે દેવોનું આગમન | 31 |
| ધર્મકથાનુયોગ | |
| 146. તપસ્યા કરતાં ઉપસર્ગ સહન કરવાથી વધારે નિર્જરા | 32 |
| 147. પઉમચરિયં માં જાણવા મળેલ કેટલીક વિશેષ વાત – ૧ | 33 |
| 148. મહામેઘવાહન ખારવેલના મહારાણી 'ધુસી'નો અપ્રસિદ્ધ ઇતિહાસ | 34 |
| 149. વર્માદેવી કે વામાદેવી? | 34 |
| 150. ચૌદપૂર્વી દ્વારા પૂર્વોમાંથી ઉદ્ધાર | 35 |
| 151. ત્રણ નવકાર ગણવાની પરંપરા અંગે | 35 |
| 152. શ્રીગૌતમસ્વામીની અષ્ટાપદતીર્થની યાત્રા અંગે એક નવી વાત | 36 |

**<u>સંશોધન</u>**


| | |
|---|---|
| 153. કેવલીના અવર્ણવાદનું નિરૂપણ | 37 |
| 154. જિનકલ્પની ૭ વીથી | 38 |
| 155. સિદ્ધાંતકૌમુદી ના સમાસના અધ્યયન સમયે થયેલી વિચારણા | 41 |
| 156. બંધસ્વામિત્વની અજ્ઞાતકર્તૃક અવચૂરિ માં કેટલાંક વિચારણીય સ્થાનો | 43 |
| 157. શ્રીદેવેન્દ્રસૂરિજી વિરચિત શતક કર્મગ્રંથમાં કેટલાંક વિચારણીય સ્થાનો | 46 |
| **<u>ઈદમત્ર ચિન્ત્યમ્</u>** | |
| 158. ચિત્ર અને સંભૂતિ | 48 |
| 159. ધર્મપરીક્ષા ની એક ગાથાનો અનુવાદ | 49 |
| 160. ઓઘનિર્યુક્તિ-વિવેચનની કેટલીક વિચારણીય વાતો – ૧ | 50 |
| 161. ષડાવશ્યક-બાલાવબોધ ની પ્રશસ્તિ | 56 |
| 162. અંતરકરણમાં નપુંસકવેદ અને સ્ત્રીવેદની સ્થિતિ | 58 |
| **<u>પ્રકીર્ણ</u>** | |
| 163. વાનપ્રસ્થ તાપસો | 59 |
| 164. મોતી અંગે... | 60 |
| 165. અવક્રગામી જીવોના ગુણો | 60 |
| 166. દીક્ષાર્થીની શુભાશુભ ગતિ જાણવાનો ઉપાય | 62 |
| 167. શિષ્યના વિશેષ ગુણ-દોષ | 63 |
| 168. શિષ્ય કેવા ગુણોથી યુક્ત હોય? | 64 |
| **<u>જિજ્ઞાસા</u>** | |
| ? 47 शङ्कुलाखण्डः માં તૃતીયા વિભક્તિ | 65 |
| ? 48 यावदवधारणे નિત્ય સમાસ | 66 |
| ? 49 આસનોમાં વિશેષ | 66 |
| ? 50 અંડગોલિક મનુષ્ય | 67 |
| ? 51 ધર્મદાસગણિ | 67 |
| ? 52 વાસુદેવનું સ્ત્રીરત્ન | 68 |
| ? 53 અનુત્તર વિમાનોમાં ચંદરવો વગેરે | 68 |
| ? 54 ચક્રવર્તીના સ્ત્રીરત્નની ગતિ | 68 |
| **<u>સમાધાન</u>** | |
| ? 22 સ્થાપનાજીમાં સ્થાપના | 69 |
| ? 23 સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચોની ઉત્પત્તિ | 70 |
| ? 24 સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ | 70 |

? 26 ૧૭૦ પ્રભુના સમયમાં કેવલી અને શ્રમણ-શ્રમણીની સંખ્યા 71
? 27 વિહરમાન પ્રભુના કેવલી અને શ્રમણ-શ્રમણીની સંખ્યા 71
? 29 છદ્મસ્થ ગણધરની દેશના વખતે કેવલિપર્ષદામાં કેવલી ભગવંતો 72
? 37 આકાશાસ્તિકાયનો ઘનગોલક આકાર 73
? 38 મનઃપર્યાયજ્ઞાન વડે ગતિ-આગતિને કેવી રીતે જાણી શકાય 73
? 45 लवणसमुद्र-कालोदधिसमुद्र में अग्नि होती है 73
? 39 મનઃપર્યાયજ્ઞાની પાણી સચિત્ત છે કે અચિત્ત છે તે કેવી રીતે જાણે 74
? 43 देवों को ९००-१००० योजन तक कैसे गंध आती है 74
? 32 નવધા ભક્તિનો જૈન દર્શનમાં સમાવેશ 75

**પત્રચર્ચા**

51 ∑ 112 સપ્તભંગીગત ચોથા ભાંગાની વિકલાદેશતા 75
52-54 ∑ 110 કિલ્બિષિક ચારિત્રી અને કિલ્બિષિક દેવ 78
55 ? 13 પ્રભુનું સિંહાસન સ્ફટિકમય કે સુવર્ણમય? 79
56 ∑ 115 સાન્નિપાતિકના ૨૬ ભાંગા 79
57 ∑ 98 ૨૪ તીર્થંકરોને દેવદૂષ્ય વસ્ત્ર ક્યાં સુધી રહ્યું? 79
58 ∑ 115 દંડકપ્રકરણ અને ષડશીતિમાં ભિન્ન અલ્પબહુત્વ વિશે 80

**શ્રુતશુદ્ધિ**

૧. બૃહત્કલ્પસૂત્ર - ભાગ -૧ 82
૨.ઓઘનિર્યુક્તિવિવેચન - ભાગ – ૧ 82
૩. ઓઘનિર્યુક્તિ - ભાગ – ૧ 84

**અહો સારલ્યમ્**

૧. વર્તમાન કૃદંતના સ્ત્રીલિંગ અંગમાં न् નો આગમ 95
૨. પૂરણાર્થક પ્રત્યય 96
૩. ક્રિયાના મૂળ કર્તાને પ્રેરક પ્રયોગમાં વિભક્તિ 97

**શ્રુતવધામણાં** 98

**વિશેષ પ્રતિસ્પંદ** 99

# 129. વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનવામાં મતભેદ

अवधिदृगावरणक्षयोपशमनाद् विशेषग्रहणविमुखोऽवधिदर्शनमित्युच्यते नियमतस्तु तत् सम्यग्दृष्टिस्वामिकम् ।। (*તત્ત્વાર્થ* – ૨.૫ – *ગંધહસ્તી* ટીકા)

અહીં અવધિદર્શનના સ્વામી નિયમા સમ્યગ્દૃષ્ટિ બતાવ્યા છે. તો પ્રશ્ન થાય કે વિભંગજ્ઞાની એવા મિથ્યાદૃષ્ટિને કયું દર્શન ઘટે? તો તેના ઉત્તરમાં આ જ ટીકામાં જણાવ્યું છે કે - अवधिदर्शनं तु सम्यग्दृष्टेरेव, न मिथ्यादृष्टेः, चक्षुर्दर्शनमेव किल तस्येति पारमर्षी श्रुतिः ।। (२.९) મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાનની અવસ્થામાં ચક્ષુર્દર્શન જ હોય એવી પરમઋષિઓની શ્રુતિ છે.

ચતુર્થ કર્મગ્રંથની ગાથા – ૨૧ માં અવધિદર્શન-માર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા બતાવ્યા છે. પરંતુ ત્યાં આ પાઠ સામે *ભગવતીસૂત્ર* - ૮.૨ નો પાઠ આપ્યો છે –

ओहिदंसणअणागारोवउत्ता णं भंते! किं नाणी अन्नाणी? गोयमा! नाणी वि अन्नाणी वि । जे नाणी ते तिन्नाणी अत्थेगइया चउनाणी, जे अन्नाणी ते मईअन्नाणी सुयअन्नाणी विभंगनाणी ।।

*દ્રવ્ય-લોકપ્રકાશ* – ૧૦૫૭ માં પણ વિભંગજ્ઞાનીને અવધિદર્શન બતાવ્યું છે. ત્યાં આ માટે એક સરસ તર્ક આપ્યો છે કે અવધિદર્શનનો કાળ જઘન્યથી એક સમય છે અને ઉત્કૃષ્ટથી ૧૩૨ સાગરોપમથી કંઈક અધિક છે. અને અવધિજ્ઞાનનો ઉત્કૃષ્ટ કાળ તો ૬૬ સાગરોપમ જ છે. હવે જો અવધિજ્ઞાનીને જ અવધિદર્શન માનીએ તો તેની ૧૩૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ શી રીતે ઘટે? માટે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન માનવું રહ્યું. તો જ ૬૬+૬૬ એમ અવધિદર્શનની ઉત્કૃષ્ટસ્થિતિ સંભવે.

*પંચસંગ્રહકાર* વિભંગજ્ઞાનમાં અવધિદર્શનનો નિષેધ કરે છે –

अचक्खुचक्खुदंसणमन्नाणतिगं च मिच्छसासाणे ।। (१.१९)

અત્રે ટીકાકાર *શ્રીમલયગિરિજી* મહારાજ પણ આ બાબત બતાવીને *ભગવતીજી* નો પાઠ આપે છે અને લખે છે કે આનો યથાર્થ અભિપ્રાય અમે સમજી શકતા નથી. કેમ કે *ભગવતીજી* ના પાઠમાં તો મિથ્યાદૃષ્ટિ વિભંગજ્ઞાનીને અવધિદર્શન સ્પષ્ટપણે બતાવ્યું છે. જ્યારે અવધિજ્ઞાની સાસ્વાદન ભાવ કે મિશ્ર ભાવને પ્રાપ્ત કરે ત્યારે ત્યાં પણ અવધિદર્શન હોય છે આવો સિદ્ધાંતનો મત છે. તેમ જ તેઓશ્રીએ આગળ ગાથા – ૨૦ ની ટીકામાં ત્રીજે ગુણઠાણે અવધિદર્શન બતાવ્યું છે. તથા ગાથા – ૩૦ ની વૃત્તિમાં માર્ગણામાં ગુણઠાણ ઘટાવતા અવધિદર્શન ૧ થી ૧૨ ગુણઠાણામાં ઘટાવ્યું છે. ⁄ **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

* * *

## 130. प्रतिबिंब की पर्यालोचना

*तत्त्वार्थसूत्र* - ५.२४ की टीका में *श्रीसिद्धसेनगणि* ने चर्चा की है कि –

१. दर्पण में हमारे मुख का प्रतिबिंब सम्मुख ही परिणत कैसे होता है, पराङ्मुख क्यों नहीं? २. अथवा मुख से निकले हुए पुद्गल कठिन दर्पण का प्रतिभेद करके पीछे प्रतिबिंब कैसे रचते हैं? इन प्रश्नों के उत्तर हैं -१. पुद्गलों के तादृश परिणाम से ही प्रतिबिंब सम्मुख बनता है । २. जैसे अयोगोलक में अग्नि का प्रवेश होता है, वैसे कठिन दर्पण का छायापुद्गल प्रतिभेद करते हैं ।

यहाँ प्रश्न यह होता है कि जब हम दर्पण के सम्मुख होते हैं तब तक यह बात ठीक है । किंतु जब दर्पण से विदिशा में वस्तु हो तब यह पुद्गल द्वारा दर्पण का प्रतिभेद कैसे घटेगा? यहाँ द्रष्टा को वस्तु का प्रतिबिंब जिस जगह पर दिखेगा उससे भिन्न दिशा में वस्तु के पुद्गल दर्पण का प्रतिभेद करके जाएँगे । यदि यहाँ कोई ऐसा समाधान दे कि वस्तु से निकले पुद्गल तादृश परिणाम से ही नियत दिशा में जा रहे हैं और वहाँ प्रतिबिंब दिखा रहा है तो यह आपत्ति होगी की जगह जैसे-जैसे बदलते जाएँगे वैसे-वैसे छाया भी बदलती जाएगी तो क्या द्रष्टा के स्थान के आधार पर वस्तु के पुद्गल का परिणाम बदलता है? ⁄ **मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

# 131. तमोवाद

नैयायिक मतानुसार अंधकार प्रकाश के अभाव रूप है । जबकि जैन मतानुसार अंधकार पुद्गलद्रव्य है । *तत्त्वार्थ* के टीकाकार *सिद्धसेनगणि* नैयायिक मत का खंडन कुछ इस प्रकार करते हैं -

नै. - अंधकार (तमस्) द्रव्य नहीं है, क्योंकि वह प्रकाश का विरोधी है, पृथ्व्यादि कोई भी द्रव्य प्रकाश का विरोधी नहीं है ।[१]

सिद्धसेनगणि - जल द्रव्य प्रकाश का विरोधी है । आप जल को प्रकाश का विरोधी होने पर भी द्रव्य मानते हो तो अंधकार (तमस्) को भी द्रव्य मानना चाहिए ।

नै. - जल प्रकाश का विरोधी कैसे है?

सि. - जल अग्नि का विरोधी है तथा अग्नि एवं प्रकाश को तो हम एक ही स्वीकारते हैं । अतः जल प्रकाश का भी विरोधी है ।[२]

नै. - यदि जल प्रकाश का विरोधी है तो निरन्तर धारा से बारिश होते हुए भी अलिन्दक (चौक) आदी में रखा हुआ दीपक बाहर कैसे प्रकाश करता है? विरोध होने से बाहर प्रकाश नहीं होना चाहिए क्योंकि वह जल से दूर हो जाएगा ।[३]

सि. - प्रदीप के पुद्गल पानी के बिंदु के संपर्क से तथास्वभाव को छोड देते हैं । उसी समय दीपक की शिखा से निकले हुए अन्य पुद्गल उस आकाश में व्याप्त हो जाते हैं । अग्नि के इन पुद्गलों को जल बुझाने में समर्थ नहीं है । यहाँ पुद्गल-परिणाम की विचित्रता ही कारण है । उदा. वडवानल के अवयवों को पानी बुझाने में समर्थ नहीं है ।[४]

यह पूरी चर्चा *सिद्धसेनगणि* के शब्दों में (५.२४ वृत्ति) इस प्रकार है –

१. न किल किञ्चित् कार्यद्रव्यं तैजसेन प्रकाशेन विरुध्यते, तमस्तु प्रकाशविरोधि, तस्मान्न पृथिव्यादिकार्यं तम इति ।

२. तेजःप्रकाशयोरेकत्वाभ्युपगमात्, जलद्रव्यं च विरोधकम्...।

३. स्यादारेका - निरन्तरधारं वर्षति बलाहके प्रदीपोऽलिन्दकादि-व्यवस्थापितः प्रद्योतते एव बहिः, यदि च विरोधः स्यान्न बहिः प्रकाशो विभाव्येत, जलपातेनाऽपनीतत्वाद्...।

४. प्रादीपाः पुद्गलाः...तथाविधतामुदबिन्दुसम्पर्काद् विजहति, तत्समकालं चाऽपरे प्रदीपशिखया विकीर्णाः कृशानुपुद्गलास्तमाकाशमश्नुवते, न च ते जलपातेन विध्यापयितुं शक्याः, परिणामवैचित्र्याद् वडवानलावयवा इवेति ।

यहाँ ऐसी शंकाएँ हो सकती हैं –

१. क्या जल को प्रकाश का विरोधी माना जा सकता है? यदि जल प्रकाश का विरोधी है तो प्रकाश से ही जल आरपार क्यों दिखता है?

२. जल को प्रकाश-विरोधी सिद्ध करने के लिए दी गई युक्ति कहाँ तक उचित है?

३. जल प्रदीप के कुछ पुद्गलों को बुझाने में समर्थ है, कुछ पुद्गलों को नहीं ऐसा कैसे? क्या प्रदीप के पुद्गलों में भी परिणाम की ऐसी विचित्रता है?

४. समुद्र में किसी प्राकृतिक कारण से अथवा जहाज आदी से leakage होने के कारण तैल आदि ज्वलनशील पदार्थ पानी की सतह पर फैल जाते हैं। किसी चिंगारी आदि से वह पदार्थ जलने लगता है, इसे वडवानल कहा जाता है। यहाँ अग्नि के नीचे पानी होने से वह पानी अग्नि को बुझा नहीं सकता, किंतु यदि अग्नि पर ऊपर से पानी डाला जाए तो अग्नि का वायु से संपर्क नहीं होता तथा यह संपर्क तूट जाने से अग्नि बुझ जाती है। हमारे ग्रंथों में भी अनेक जगह पर पाठ मिलता है –

'न विणा वायुकाएणं अगणिकाए उज्जलइ' (*भगवतीसूत्र* - १६५.१.६६२)

'यत्र अग्निः तत्र वायुः' (*पिंडनिर्युक्ति* – गाथा ५६० *मलयगिरीया* वृत्ति)

अतः पानी का कार्य मात्र अग्नि और वायु का संपर्क तोडना है। वडवानल में नीचे रहा हुआ पानी इसी कारण से अग्नि को नहीं बुझाता है, किंतु ऊपर से वर्षा होने पर अग्नि बुझ जाएगी। इस तरह प्रस्तुत संदर्भ में दिया वडवानल का दृष्टांत कैसे साध्य को सिद्ध करेगा? वडवानल के अवयवों के नीचे पानी होता है जबकि इन प्रकाश के पुद्गलों पर ऊपर वर्षा होती है। अतः ऊपर गिरने वाला वर्षाजल प्रकाश के पुद्गलों को नहीं बुझा सकता? ⁄ **मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

# 132. ईर्यापथिकी आस्रव में कर्मबंध की स्थिति

*तत्त्वार्थसूत्र* – ६.५ में *श्रीउमास्वाति* महाराज आस्रव के दो भेद बताते हैं –

'सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ।।' सकषाय जीव को सांपरायिक कर्म का तथा अकषाय जीव को ईर्यापथ कर्म का आश्रव होता है।

इनमें से अकषाय जीव के लिए वे *भाष्य* में लिखते हैं –

'अकषायस्येर्यापथस्यैवैकसमयस्थितेः ।।' (६.५ भाष्य) अर्थात् अकषाय जीव को एक समय की स्थिति वाले ईर्यापथ कर्म का आस्रव होता है।

इस भाष्य पर टीकाकार *श्रीहरिभद्रसूरिजी* लिखते हैं –

'एकसमयस्थितिः एकस्मिन् समये मध्यम एव स्थितिः- अवस्थानं यस्य कर्मण इति। तथा चाऽऽगमः - पढमसमए बद्धमित्यादि ।।'

अर्थात् मध्य वाले एक समय में ही स्थिति- अवस्थान है जिस कर्म का, ऐसे एक समय की स्थिति वाले कर्म का बंध होता है तथा इस बंध को 'पढमसमए बद्धं' इत्यादि आगमपाठ के अनुसार समझना चाहिए। *श्रीसिद्धसेनगणि* स्वयं की टीका में इसी आगमपाठ के आधार पर तीन समय की स्थिति वाले कर्म का बंध कहते है –

'त्रिसमयस्थितिको भवत्यकषायस्य बन्धः... यथोक्तम् – पढमे समए बद्धपुट्ठा बितिए समए वेदिता ततिए समए निजिण्णा... इति पारमर्षवचनात् त्रिसमयावस्थान एव वेदितव्यः ।।' (६.५ *सिद्धसेनीया* टीका) यहाँ *सिद्धसेनगणि* एवकार लगाकर भारपूर्वक तीन समय की स्थिति का कथन करते हैं तथा आगे *भाष्यकार* के अभिप्राय की स्पष्टता करते हुए कहते हैं कि *भाष्यकार* कर्म के वेद्यमान समय को ही स्थिति मानते हैं तथा तीसरा समय परिशाट समय है। देखें –

'वेद्यमानकर्मसमयो मध्यमः स एव स्थितिः कालः, आद्यो बन्धसमयस्तृतीयः परिशाटसमयः ।।'

इस कर्म की स्थिति के बारे में एक तीसरा मत भी है, जिसमें दो समय की स्थिति कही गई है। यह मत मूल *उत्तराध्ययनसूत्र* में है –

'इरियावहियं कम्मं निबंधइ सुहफरिसं दुसमयट्ठिईयं...' (२९.८५)

तथा इसी सूत्र में आगे वही पाठ है जो *श्रीहरिभद्रसूरिजी* देते हैं - 'पढमसमए बद्धं' इत्यादि। *श्रीसिद्धसेनगणिजी* द्वारा दिए गए पाठ की अक्षरापूर्वी भिन्न है।

*लोकप्रकाश* ग्रंथ में *श्रीविनयविजयजी* ने दो समय की स्थिति का ही उल्लेख किया है –

'योगैकहेतुबद्धस्य वेद्यस्य द्वौ क्षणौ स्थितिः ।।' (१०.७१)

इस प्रकार अकषाय जीवों के आस्रव का स्वरूप सभी आचार्य एक ही मानते हैं, किंतु स्थितिकथन में तीन मत हैं - कुछ आचार्य मात्र वेद्यमान समय को ही स्थिति मानते हैं, कुछ आचार्य बंधसमय और वेद्यमानसमय दोनों को कर्म की स्थिति कहते हैं, कुछ अन्य आचार्य परिशाट समय का भी कर्मस्थिति में समावेश करते हैं। ⁄**मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

* * *

## 133. દ્રવ્યેન્દ્રિયના ભેદો અને તેની વ્યાખ્યા

આપણે ત્યાં સામાન્ય રીતે *તત્ત્વાર્થ* આદિના અભ્યાસ વખતે દ્રવ્યેન્દ્રિયના ભેદો વિશે આ રીતે સમજ અપાય છે - દ્રવ્યેન્દ્રિયના બે ભેદ છે – નિર્વૃત્તિ અને ઉપકરણ. નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયના બે ભેદ છે – બાહ્ય અને આભ્યંતર. આપણને દેખાતો ચક્ષુ આદિનો બાહ્ય આકાર બાહ્ય નિર્વૃત્તિ છે. બાહ્ય નિર્વૃત્તિની અંદર રહેલો તે તે ઇન્દ્રિયનો આકાર આભ્યંતર નિર્વૃત્તિ છે. અને આભ્યંતર નિર્વૃત્તિમાં રહેલી પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય. આ રીતે દ્રવ્યેન્દ્રિયના ૩ ભેદ થયા.[1]

[1] આવું વિવેચન *પ્રજ્ઞાપનાસૂત્ર* ની વૃત્તિ, *પ્રવચનસારોદ્ધાર, લોકપ્રકાશ* વગેરે ગ્રંથોમાં ઉપલબ્ધ છે.

*આચારાંગસૂત્ર* ની *શ્રીશીલાંકાચાર્ય* કૃત વૃત્તિમાં દ્રવ્યેન્દ્રિયની ઉપરોક્ત પ્રચલિત માન્યતાથી ભિન્ન પ્રરૂપણા મળે છે. જુઓ –

1. ઉત્સેધ-અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા શુદ્ધ આત્મપ્રદેશો ચક્ષુ વિગેરે ચોક્કસ ઈન્દ્રિયોના આકારમાં ગોઠવાય છે તે આત્મપ્રદેશોની રચના જ આભ્યંતર નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય છે.

2. તે આત્મપ્રદેશોમાં ઈન્દ્રિયરૂપે ઓળખાતો પુદ્ગલોનો જે આકાર (કર્ણશષ્કુલી વિગેરે) તે બાહ્ય નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય છે. તે નિવૃત્તિનો જેના વડે ઉપકાર કરાય તે ઉપકરણેન્દ્રિય છે. તેના પણ ૨ પ્રકાર છે – આભ્યંતર અને બાહ્ય.

3. આંખમાં બહારથી દેખાતું જે કૃષ્ણ અને શુક્લ મંડલ છે તે આભ્યંતર ઉપકરણેન્દ્રિય છે.

4. આંખની ઉપર પાંદડાના આકારે રહેલાં પોપચાં બાહ્ય ઉપકરણેન્દ્રિય છે. આ રીતે અન્ય ઈન્દ્રિયોમાં પણ બાહ્ય અને આભ્યંતર ઉપકરણેન્દ્રિયની ગોઠવણ કરી લેવી.[2]

હવે આપણે આ બંને ભિન્ન પ્રકારની વ્યાખ્યાઓની તુલના કરીએ તો નીચે પ્રમાણેના વિચારો – પ્રશ્નો પ્રગટે છે.

1) આપણે જેને બાહ્ય નિર્વૃત્તિ સમજીએ છીએ તેને *શીલાંકાચાર્ય* ભગવંત ઉપકરણેન્દ્રિયરૂપે વર્ણવે છે. અને વળી ઉપકરણના બે ભેદ કરે છે. દૃષ્ટાંત રૂપે તેઓ આંખની

---

[2] तत्रोत्सेधाङ्गुलासङ्ख्येयभागप्रमितानां शुद्धानामात्मप्रदेशानां प्रतिनियतचक्षुरादीन्द्रियसंस्थानेनाऽवस्थिता या वृत्तिरभ्यन्तरा निर्वृत्तिः । तेष्वेवाऽऽत्मप्रदेशेष्विन्द्रियव्यपदेशभाग् यः प्रतिनियतसंस्थानो निर्माणनाम्ना पुद्गलविपाकिना वर्द्धकिसंस्थानीयेन आरचितः कर्णशष्कुल्यादिविशेषः अङ्गोपाङ्गनाम्ना च निष्पादित इति बाह्या निर्वृत्तिः । तस्या एव निर्वृत्तेर्द्विरूपाया येनोपकारः क्रियते तदुपकरणं, तच्चेन्द्रियकार्यसमर्थं, सत्यामपि निर्वृत्तावनुपहतायां मसूराकृतिरूपायां निर्वृत्तौ तस्योपघातान्न पश्यति, तदपि निर्वृत्तिवद् द्विधा बाह्य-माभ्यन्तरं चेति । तत्राऽभ्यन्तरमक्षणस्तावत् कृष्णशुक्लमण्डलं बाह्यमपि पत्रपक्षद्वयादि, एवं शेषेष्वप्यायोजनीयमिति ।। - *આચારાંગસૂત્ર* – ૨.૧.૬૪ ની *શીલાંકાચાર્ય* કૃત વૃત્તિ

કીકી અને પોપચાને ગણાવે છે. પરંતુ અન્ય ઈન્દ્રિયોમાં આ રીતે બે ભેદ ઘટશે ખરા? બહારથી દેખાતી ઈન્દ્રિયની ઉપર પાછું એક આવરણ હોય તેવું આંખ સિવાય બીજી ઈન્દ્રિયોમાં ઘટશે નહિ.

2) આપણે જેને આભ્યંતર નિર્વૃત્તિ ગણીએ છીએ તેને *શીલાંકાચાર્ય* ભગવંત બાહ્ય નિર્વૃત્તિ તરીકે ઓળખાવે છે. અને વળી આભ્યંતર નિર્વૃત્તિ રૂપે તે તે ઈન્દ્રિયના આકારે ગોઠવાયેલા આત્મપ્રદેશોને ઓળખાવે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે બહારથી ન દેખાતી પૌદ્ગલિક ઈન્દ્રિય અને તે તે આકારે રહેલા આત્મપ્રદેશો વચ્ચે બાહ્ય અને આભ્યંતરની વિવક્ષા કેવી રીતે ઘટાવવી? વળી, ઉપકરણ-ઈન્દ્રિયના બે ભેદ કરતી વખતે પણ કીકી અને પોપચાં વચ્ચે તેમણે બાહ્ય-આભ્યંતરની વિવક્ષા કરી છે જે 'બહાર અને અંદર' એવા અર્થમાં ઘટે છે. પણ ઉપરોક્ત સ્થાને તો તે વિવક્ષા સહજ રીતે ઘટતી નથી.

3) આપણે જેને ઉપકરણ-ઈન્દ્રિય ગણીએ છીએ તે 'ઈન્દ્રિયમાં રહેલી શક્તિ' માટે *શીલાંકાચાર્ય* ભગવંતે કોઈ વિકલ્પ યોજ્યો નથી. (જો કે અહીં એ સવાલ પણ થાય છે કે 'તે તે ઈન્દ્રિયના આકારે ગોઠવાયેલા આત્મપ્રદેશો' નો પણ જ્ઞાનોત્પાદન-પ્રક્રિયા માં ફાળો છે એમ માનીએ તો આપણી વ્યાખ્યામાં પણ તે માટે કોઈ વિકલ્પ હોવો ન જોઈએ?)

4) અહીં એક વાત એ પણ નોંધવી રહી કે *લોકપ્રકાશકાર* ભગવંતે આભ્યંતર નિર્વૃત્તિ બાબતે બંને પરંપરાઓની ભિન્નતાને તુલના કરીને સ્પષ્ટ કરી આપી છે. પરંતુ અન્ય ભિન્નતાઓ પર સ્પષ્ટરૂપે પ્રકાશ પાડ્યો નથી.

5) બંને પરંપરામાં એક સિદ્ધાંત સમાનરૂપે માન્ય છે કે 'કદંબપુષ્પ આદિ આકારે રહેલી નિર્વૃત્તિ-ઈન્દ્રિય અક્ષત હોવા છતાં જો ઉપકરણેન્દ્રિયનો પરાઘાત થાય તો અર્થનું જ્ઞાન ન થાય.' હવે પ્રચલિત પરંપરા પ્રમાણે ઉપકરણનો અર્થ છે તે તે ઈન્દ્રિયોની શક્તિ. તેથી 'નિર્વૃત્તિ-ઈન્દ્રિય અક્ષત હોવા છતાં શક્તિનો ઘાત થાય તો અર્થનું જ્ઞાન ન થાય' – આ રીતે અર્થ ઘટે છે. પરંતુ *આચારાંગવૃત્તિ* પ્રમાણે ઉપકરણનો અર્થ છે – બહારથી દેખાતો ઈન્દ્રિયનો આકાર. હવે આ વ્યાખ્યા પ્રમાણે ઉપરના સિદ્ધાંતને ગોઠવીએ તો આમ અર્થ થશે – 'નિર્વૃત્તિ-ઈન્દ્રિય (કદંબપુષ્પ આદિ આકારે રહેલી) અક્ષત હોવા છતાં ઈન્દ્રિયના બાહ્ય

આકારનો ઘાત થાય તો અર્થનું જ્ઞાન ન થાય' – પરંતુ આ અર્થ બરાબર સંગત થશે નહીં, કારણ કે ઇન્દ્રિયના બાહ્ય આકારનો (ખાસ કરીને કાન અને નાકના સંદર્ભમાં) ઘાત થાય તો પણ અર્થનું જ્ઞાન થઈ શકે છે.

*

આ પરંપરાને વ્યવસ્થિત રીતે સમજવા માટે સૌ પ્રથમ તેના પ્રાચીન આધારોની શોધ કરવી જરૂરી છે તેમ સમજીને શોધ-ખોળ કરતાં *તત્ત્વાર્થસૂત્ર* ની *સર્વાર્થસિદ્ધિ* ટીકામાં निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् (૨-૧૭) ની ટીકા નજરે ચડી. *શીલાંકાચાર્ય* ભગવંતનું દ્રવ્યેન્દ્રિયનું વિવેચન તે ટીકા સાથે શબ્દથી અને અર્થથી બંને રીતે અદ્ભુત સામ્ય ધરાવે છે.[3] *તત્ત્વાર્થ-રાજવાર્તિક* માં પણ આવું જ સામ્ય જોવા મળ્યું.[4] આનાથી એટલું તો નિશ્ચિત થઈ ગયું કે *શીલાંકાચાર્ય* ભગવંતનું વિવેચન અત્યન્ત પ્રાચીન સ્રોતોને આધારે છે. અને તે વિવેચન દિગંબર પરંપરામાં પણ પ્રાચીન સ્રોતોમાં ઉપલબ્ધ છે. શ્વેતાંબર ગ્રંથોમાં આ અર્થ-પરંપરાનો પ્રાચીન સ્રોત કયો છે તે જો કે હજી શોધવાનું બાકી રહે છે. અને ઉપર દર્શાવેલ પ્રશ્નોના ઉત્તર પણ.

*

*તત્ત્વાર્થસૂત્ર* ના દિગંબરીય વિવેચનો – *સર્વાર્થસિદ્ધિ* અને *રાજવાર્તિક* માં જો આ અર્થપરંપરા જળવાઈ છે તો શ્વેતાંબરીય વિવેચનો – સ્વોપજ્ઞ ભાષ્ય, *સિદ્ધસેનગણિ* કૃત ટીકા અને *હરિભદ્રસૂરિ* કૃત ટીકામાં આવો કોઈ સંદર્ભ સચવાયો છે કે કેમ તે વિશે તપાસ

---

[3] निर्वर्त्यते इति निर्वृत्तिः । केन निर्वर्त्यते? कर्मणा । सा द्विविधा, बाह्याभ्यन्तरभेदात् । उत्सेधाङ्गुलासंख्येयभागप्रमितानां शुद्धानामात्मप्रदेशानां प्रतिनियतचक्षुरादीन्द्रिय-संस्थानेनाऽवस्थितानां वृत्तिराभ्यन्तरा निर्वृत्तिः । तेष्वात्मप्रदेशेष्विन्द्रियव्यपदेशभाक्षु यः प्रतिनियतसंस्थानो नामकर्मोदयापादितावस्थाविशेषः पुद्गलप्रचयः सा बाह्या निर्वृत्तिः । येन निर्वृत्तेरुपकारः क्रियते तदुपकरणम् । पूर्ववत् तदपि द्विविधम् । तत्राऽभ्यन्तरं कृष्णशुक्ल-मण्डलं, बाह्यमक्षिपत्रपक्ष्मद्वयादि । एवं शेषेष्वपीन्द्रियेषु ज्ञेयम् ।। - *તત્ત્વાર્થ* – ૨.૧૭ ની *સર્વાર્થસિદ્ધિ* वृत्ति

[4] જુઓ, *તત્ત્વાર્થ* – ૨.૧૭ ની *રાજવાર્તિક* ટીકા

કરતાં કેટલાંક આશ્ચર્યકારક તથ્યો સામે આવ્યાં. તે તરફ દૃષ્ટિપાત કરતાં પહેલાં આપણે निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ના *સ્વોપજ્ઞ-ભાષ્ય* નું અવલોકન કરીશું –

तत्र निर्वृत्तीन्द्रियमुपकरणेन्द्रियं च द्विविधं द्रव्येन्द्रियम् । निर्वृत्तिरङ्गोपाङ्ग-नामनिर्वर्तितानीन्द्रियद्वाराणि, कर्मविशेषसंस्कृताः शरीरप्रदेशाः, निर्माणनामाङ्गो-पाङ्गप्रत्यया मूलगुणनिर्वर्तनेत्यर्थः । उपकरणं बाह्यमभ्यन्तरं च निर्वर्तितस्या-ऽनुपघाता-ऽनुग्रहाभ्यामुपकारीति ॥

આ ભાષ્યને જોવાથી કેટલીક વિગતો ઊડીને આંખે વળગે છે –

૧. નિર્વૃત્તિના બાહ્ય અને આભ્યંતર એમ બે ભેદ નથી.

૨. ઉપકરણના બાહ્ય અને આભ્યંતર એમ બે ભેદ પાડયા છે, જે આપણી પ્રચલિત પરંપરામાં જોવા મળતા નથી.

હવે આપણે *સિદ્ધસેનગણિ* કૃત ટીકા પર દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ જણાય છે કે તેમણે ભાષ્યના પાઠને આપણી પ્રચલિત પરંપરા પ્રમાણે ઢાળવાનો ભરપૂર પ્રયત્ન કર્યો છે. જુઓ -

૧. ટીકાકાર પહેલાં તો પ્રચલિત પરંપરા પ્રમાણે નિર્વૃત્તિના બાહ્ય અને આભ્યંતર એમ બે ભેદ અને તેના અર્થ સમજાવીને પછી *ભાષ્યકારે* બે ભેદ કેમ નથી બતાવ્યા? તેનું કારણ જણાવતાં કહે છે કે -

नानाकारं कायेन्द्रियमसङ्ख्येयभेदत्वादस्य चाऽन्तर्बहिर्भेदो निर्वृत्तेर्न कश्चित् प्रायः ।

આ પાઠથી એટલું તો સ્પષ્ટ જ છે કે *ભાષ્યકારે* નિર્વૃત્તિ ઇન્દ્રિયના બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ *ભાષ્ય* માં બતાવ્યા નથી – આ વાત *સિદ્ધસેનગણિ* ને પણ સમ્મત છે.

૨. હવે તેઓ ઉપકરણેન્દ્રિય સંબંધી ભાષ્યની વ્યાખ્યા કરતી વખતે કહે છે કે -

निर्वृत्तिद्रव्येन्द्रियापेक्षयाऽस्याऽपि द्वैविध्यमावेद्यते । यत्र निर्वृत्तिद्रव्येन्द्रियं तत्रोपकरणेन्द्रियमपि न भिन्नदेशवर्ति तस्येति कथयति तस्याः स्वविषयग्रहण-शक्तेर्निर्वृत्तिमध्यवर्तिनीत्वात् ।

આ પાઠને જોતાં જણાય છે કે ટીકાકાર ભગવંતે બાહ્ય અને આભ્યંતર નિર્વૃત્તિમાં રહેલી શક્તિ તે જ બાહ્ય અને આભ્યંતર ઉપકરણેન્દ્રિય રૂપે સમજાવી છે. આ વાત પર વિશેષ વિમર્શ કરતાં કેટલાક પ્રશ્નો સહજ રીતે ઊઠે છે – ૧. જો *ભાષ્યકાર* ભગવંતને બે નિર્વૃત્તિમાં રહેલી શક્તિ જ ઉપકરણ-ઇન્દ્રિયના બે ભેદ રૂપે સંમત હતી, તો તેઓએ પહેલાં નિર્વૃત્તિના પણ બે ભેદ કેમ ન બતાવ્યા? ૨. વર્તમાન પ્રચલિત પરંપરા પ્રમાણે આપણે જેને આભ્યંતર નિર્વૃત્તિ કહીએ છીએ તેમાં તો શક્તિની કલ્પના કરવી ક્યાં સુધી ઉચિત છે? વાસ્તવમાં *ટીકાકાર* ભગવંતને પણ 'આવો અર્થ સંગત નથી' તેવું ખ્યાલમાં છે. તેથી તેઓ જણાવે છે કે 'આગમમાં તો ઉપકરણેન્દ્રિયનો આભ્યંતર અને બાહ્ય એવો ભેદ નથી, પરંતુ ભાષ્યકાર ભગવંતનો કોઈક સંપ્રદાય હોવો જોઈએ.'[5] આમ કહીને તેઓ આવી કોઈ પરંપરા બાબતે પોતાની અનભિજ્ઞતા દર્શાવે છે. *હરિભદ્રસૂરિજી* મહારાજે પણ આ *ભાષ્ય* નો આ રીતે જ અર્થ કરી બતાવ્યો છે.[6]

*

*ભાષ્યકાર* અને *ટીકાકાર* ભગવંતે કરેલા અર્થો ઉપર દૃષ્ટિપાત કર્યા પછી એ નિષ્કર્ષ નીકળે છે કે *ભાષ્યકાર* ભગવંતે દ્રવ્યેન્દ્રિયના ભેદો કરતી વખતે, *સર્વાર્થસિદ્ધિ* અને *શીલાંકાચાર્ય* કૃત *આચારાંગવૃત્તિ* માં સચવાઈ છે તેવી કોઈ અર્થપરંપરાને સામે રાખી છે. પરંતુ *ટીકાકાર* ભગવંતને તેવી કોઈ પરંપરા જાણમાં ન હોવાને કારણે તેમણે તે ભાષ્યનો અર્થ પોતાને જ્ઞાત પરંપરા પ્રમાણે ઢાળ્યો છે, પરંતુ તેમ કરવામાં અર્થ વિકૃત થઈ જાય છે. જો કે *ભાષ્યકાર* ભગવંતે કરેલું વિવેચન *સર્વાર્થસિદ્ધિ* આદિ સાથે પૂર્ણપણે સામ્ય ધરાવતું નથી, તેથી *ભાષ્યકાર* ભગવંતે કરેલા વિવેચનનાં મૂળ ક્યાં છે તે શોધવું બાકી રહે છે. તેમ છતાં, *સર્વાર્થસિદ્ધિ* આદિ સાથે *ભાષ્ય* ની તુલના કરવાથી એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે *ભાષ્યકાર* ભગવંતને 'નિર્વૃત્તિ-ઇન્દ્રિય' થી, આપણી પ્રચલિત પરંપરામાં આપણે જેને આભ્યંતર નિર્વૃત્તિ

---

[5] आगमे तु नास्ति कश्चिदन्तर्बहिर्भेद उपकरणस्येत्याचार्यस्यैव कुतोऽपि सम्प्रदाय इति । - *તત્ત્વાર્થ* - ૨.૧૭ ની *સિદ્ધસેનગણિ* કૃત ટીકા

[6] જુઓ, *તત્ત્વાર્થ* – ૨.૧૭ ની *હરિભદ્રસૂરિ* કૃત ટીકા

તરીકે ગણીએ છીએ, તે જ નિર્વૃત્તિ-ઇન્દ્રિય ઈષ્ટ છે. અને 'ઉપકરણ-ઇન્દ્રિયના બે ભેદ' રૂપે આપણી પ્રચલિત પરંપરામાં જેને આપણે બાહ્ય નિર્વૃત્તિ કહીએ છીએ, તેના જ બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ (પોપંચા અને કીકી રૂપે) ઈષ્ટ છે. *ટીકાકાર* ભગવંતે કરેલો અર્થ આ ઉપરથી ભ્રાન્ત કરે છે.

આ આખી ચર્ચાથી એટલું તો સ્પષ્ટ ફલિત થાય છે કે કોઈ પણ ગ્રંથનો તેના ટીકાકાર ભગવંતે જણાવેલો અર્થ સત્ય અને મૂલ ગ્રંથકારને અભિમત જ હશે તેમ માની લેવાની જરૂર નથી. મૂળ ગ્રંથનો વાસ્તવિક અભિપ્રાય ટીકાકાર ભગવંતે જણાવેલા અર્થથી ભિન્ન હોઈ શકે છે. આવી મુશ્કેલીમાં સૂક્ષ્મ વિવેક દૃષ્ટિ જ શરણભૂત થઈ શકે. ✍ **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 134. ઇચ્છાદિ યોગો કયા ગુણઠાણે?

*શ્રીહરિભદ્રસૂરિજી* કૃત *યોગદૃષ્ટિસમુચ્ચય* ગ્રંથમાં ઈચ્છાદિ ૩ યોગોનું વર્ણન આવે છે. નિશ્ચયનયની અપેક્ષાએ તે યોગો કયા ગુણસ્થાનકે હોય તેની વિચારણા જોઈએ તો –

*શ્રીયુગભૂષણસૂરિજી* કૃત વિવેચનમાં - ઈચ્છાયોગ – ૧ થી ૪ ગુણસ્થાનકમાં, શાસ્ત્રયોગ – ૫ થી ૭ ગુણસ્થાનકમાં, ધર્મસન્ન્યાસરૂપ સામર્થ્યયોગ – ૮ થી ૧૨ ગુણસ્થાનકમાં અને યોગસન્ન્યાસરૂપ સામર્થ્યયોગ – ૧૩ મા ગુણસ્થાનકના અંતે કહ્યો છે.

*પં. શ્રીધીરજભાઈ મહેતા* કૃત વિવેચનમાં – ઈચ્છાયોગ – ૧ થી ૫ ગુણસ્થાનકમાં, શાસ્ત્રયોગ – ૬ અને ૭ ગુણસ્થાનકમાં, ધર્મસન્ન્યાસરૂપ સામર્થ્યયોગ – ૮ થી ૧૨ ગુણસ્થાનકમાં અને યોગસન્ન્યાસરૂપ સામર્થ્યયોગ – ૧૩ મા ગુણસ્થાનકના અંતે કહ્યો છે.

*પં. શ્રીપ્રવીણચંદ્ર મોતા* કૃત વિવેચનમાં - યોગસન્ન્યાસ ૧૪ મા ગુણસ્થાનકમાં જ કહ્યો છે. તે માટે ૧૦ મી ગાથાની ટીકામાં शैलेश्यवस्थायामस्य भावात् પદનો આધાર કહ્યો છે.

પરંતુ, આ વિચારણામાં એમ સમજાય છે કે જો ક્ષાયોપશમિક ભાવવાળા ધર્મોના ત્યાગ રૂપ ધર્મસન્ન્યાસયોગ તે ધર્મો જઈ રહ્યા છે, અર્થાત્ ૮, ૯, ૧૦ આદિ ગુણસ્થાનકોમાં

ક્રમશઃ એમના ક્ષયની પ્રક્રિયા થઈ રહી છે ત્યારે કહ્યો છે, તો તે જ પ્રમાણે મન-વચન-કાયાના વ્યાપારોના ત્યાગ રૂપ યોગસન્ન્યાસ પણ તે વ્યાપારોના ક્ષયની પ્રક્રિયા જ્યાં થઈ રહી છે એવી આયોજિકાકરણ પછીની ૧૩ મા ગુણસ્થાનકની અવસ્થાને જ માનવી જોઈએ.

આ વિશે તજ્જ્ઞોને સ્પષ્ટતા કરવા વિનંતિ. / **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## 135. ઋજુસૂત્ર-સંમત અવક્તવ્યત્વ

હમણાં *ત્રિભુવનભાનુ શાસનસેવા ટ્રસ્ટ* તરફથી પ્રકાશિત સપ્તભંગી વિષયક પુસ્તક જોવાનું થયું. તેમાં પૃષ્ઠ ૮૦ પર નીચે પ્રમાણે જણાવાયું છે –

"ત્રીજા ભાંગામાં ઋજુસૂત્રને વધારે નિર્ભર છે, લાગણી છે – પોતાપણું છે. એનું કારણ એ છે કે ત્રીજો ભાંગો પણ અસંવ્યવહાર્ય વસ્તુને – યુગપદ્ ઉભયાત્મક પદાર્થને – જણાવે છે. અને ઋજુસૂત્ર પણ જે ક્ષણિક વસ્તુને કહે છે, તે અસંવ્યવહાર્ય છે. અને ઋજુસૂત્રમત વસ્તુ – એથી જ – વ્યાવહારિક શબ્દથી વાચ્ય બનતી નથી. વળી, વર્તમાન ક્ષણિક પર્યાય કહી શકાતો નથી. કારણ કે શબ્દરચના અસંખ્ય સમયે પૂરી થાય, એટલી વારમાં વાચ્યાર્થ અસંખ્ય વખત વિનષ્ટ થઈ ચૂક્યો હોય. અથવા, અસંખ્ય સમય પૂર્વે નાશ પામી ગયો હોય. વળી, જે અતીત છે તે ઋજુસૂત્રમતે અસત્ છે. અને જે છે જ નહીં, તેને શબ્દ શી રીતે જણાવે? આથી એને અભિપ્રેત વસ્તુ 'અવક્તવ્ય' છે. માટે ઋજુસૂત્રને 'અવક્તવ્ય' ભાંગા પર વિશ્વાસ છે."

આ સંદર્ભે વાસ્તવમાં જોઈએ તો, અવક્તવ્યત્વ બે પ્રકારનું હોય છે – ૧. સાપેક્ષ ૨. નિરપેક્ષ. જ્યારે આપણે કોઈ પદાર્થના બે કે તેથી વધારે ધર્મોને મનમાં અવધારીને તે તમામ ધર્મોનો એકસાથે બોધ કરાવી શકે તેવા એક શબ્દની શોધ કરીએ છીએ ત્યારે તે તે ધર્મોને સ્વતંત્ર રીતે જણાવનારા ભિન્ન ભિન્ન શબ્દો તો મળી જાય છે, પરંતુ તે શબ્દોના પ્રયોગથી વિવક્ષિત ધર્મોનો એકસાથે બોધ નથી થઈ શકતો. એટલે આપણે તે ધર્મોની એકસાથે

લાગુ થનારી અપેક્ષાએ તે પદાર્થને 'અવક્તવ્ય' કહી દઈએ છીએ. આ સાપેક્ષ અવક્તવ્યતા છે. બીજા નિરપેક્ષ અવક્તવ્યત્વથી એમ જણાવાય છે કે વસ્તુનું પારમાર્થિક રૂપ જ એવું છે કે જેને શબ્દોથી વર્ણવી શકાય નહીં. એટલે એને કહેવા માટે શબ્દો જડે તે સંભવિત જ નથી.

સપ્તભંગીના ત્રીજા ભાંગામાં જે અવક્તવ્યત્વની વાત થાય છે તે <u>સાપેક્ષ અવક્તવ્યત્વ</u> છે. કેમ કે તેમાં વિધિ અને નિષેધ ઉભયરૂપથી વસ્તુની અવાચ્યતા અભિપ્રેત હોય છે. બન્નેની સ્વતંત્ર વક્તવ્યતાનો તો ત્યાં સ્વીકાર જ છે અને એટલે જ આપણે વિધિ અને નિષેધને અનુક્રમે સ્વતંત્ર રીતે જણાવનારા स्यादस्ति અને स्यान्नास्ति એવા બે ભાંગા રચી શકીએ છીએ.

આની સામે ઋજુસૂત્રસંમત વસ્તુનું <u>અવક્તવ્યત્વ નિરપેક્ષ</u> છે. કારણ કે એના મતે વસ્તુનું સ્વરૂપ મૂળભૂત રીતે જ અસંવ્યવહાર્ય હોય છે. અતીત કે અનાગત કે પરકીય વસ્તુને તે નય સ્વીકારતો જ ન હોવાથી તેના મતે તેવી વસ્તુનું સ્વરૂપ પારમાર્થિક રીતે શબ્દાતીત બને છે.

વૈદિક અને ઔપનિષદિક (સદ્રૂપ અને અસદ્રૂપથી) અવાચ્યત્વ તેમ જ માધ્યમિક દર્શનના પુરસ્કર્તા *નાગાર્જુન* સંમત ચતુષ્કોટિ-વિનિર્મુક્તત્વરૂપ (વિધિ, નિષેધ, ઉભય અને અનુભયથી) અવાચ્યત્વ એ સાપેક્ષ અવક્તવ્યત્વના દૃષ્ટાંતો છે. જ્યારે 'યતો વાચો નિવર્તન્તે' જેવાં ઔપનિષદિક વિધાનો અને 'સવ્વે સરા નિયટ્ટંતિ' જેવાં આગમિક વિધાનો નિરપેક્ષ અવક્તવ્યત્વનાં ઉદાહરણો છે.

ટૂંકમાં, સપ્તભંગીના ત્રીજા ભાંગામાં જે અવક્તવ્યત્વની વાત થાય છે તે <u>સાપેક્ષ અવક્તવ્યત્વ</u> અને ઋજુસૂત્રસંમત વસ્તુનું <u>નિરપેક્ષ અવક્તવ્યત્વ</u> બેને એક ગણી શકાય નહીં.

/ **त्रै.**

* * *

## 136. મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ

પડિલેહણાદિમાં અપાતા મુટ્ઠિસહિયંના પચ્ચક્ખાણમાં કેટલાક સમુદાયોમાં मुट्ठिसहियं पच्चक्खामि अन्नत्थाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहि-वत्तियागारेणं वोसिरामि આટલો જ પાઠ બોલવાની પ્રથા છે. ત્યાગનો વિષય દર્શાવતા चउव्विहं पि आहारं असणं पाणं खाइमं साइमं એ શબ્દો ત્યાં પરંપરાથી બોલાતા નથી. પણ *તરુણપ્રભાચાર્ય* કૃત *ષડાવશ્યકબાલાવબોધવૃત્તિ* (સંપા. – *પ્રબોધ બેચરદાસ પંડિત*, પ્ર. *ભારતીય વિદ્યા ભવન, સિંઘી જૈન ગ્રંથમાળા* – ૭૧, ઈ. ૧૯૭૬) માં જણાવ્યા મુજબ એ શબ્દો પણ ત્યાં બોલવા જોઈએ એમ સમજાય છે –

अंगुट्ठसहियं पच्चक्खामि चउव्विहं पि आहारं असणं पाणं खाइमं साइमं अन्नत्थाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि... एवं मुष्टिसहितु... ।। (પૃષ્ઠ - ૮૯) ⁄ **त्रै.**

* * *

## 137. સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થો અંગે...

હમણાં ઘણે ઠેકાણે વહોરવા જતાં એવું જાણવા મળ્યું કે શ્રાવિકા બહેનો સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થો અગ્નિના પ્રયોગથી અચિત્ત કર્યા વગર જ વહોરાવે છે. આમ કરવાનું કારણ પૂછતાં જવાબ મળ્યો કે “આજના જમાનામાં મીઠાને બરાબર અચિત્ત કરવું દુષ્કર થયું છે, અને તેના વપરાશમાં ઘણી વખત સચિત્તના વપરાશનો દોષ લાગવાની સંભાવના રહેતી હોય છે. જ્યારે સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થો અગ્નિના પ્રયોગ વગર જ સ્વયં અચિત્ત થતા હોવાથી તેના વપરાશમાં સચિત્તના વપરાશનો દોષ લાગવાની સંભાવના મહદંશે ટળી જાય છે. એમ કહીને શ્રમણ-શ્રમણી ભગવંતો એનો વપરાશ કરવાની ભલામણ કરતાં હોય છે. અને અમે એને અનુસરીએ છીએ.”

આ અંગે તપાસ કરતાં *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં નીચે પ્રમાણે વાંચવા મળ્યું –

लवणादिकं स्वस्थानाद् गच्छत् प्रतिदिवसं बहुबहुतरादिक्रमेण विध्वस्यमानं योजनशतात् परतो गत्वा सर्वथैव विध्वस्तमचित्तं भवति । आह – शस्त्राभावे योजनशतगमनमात्रेणैव कथमचित्तीभवति? इत्याह – अनाहारेण, यस्य यदुत्पत्ति-देशादिकं आधारणं तत् ततो व्यवच्छिन्नं स्वोपष्टम्भकाहारव्यवच्छेदाद् विध्वस्यते । तच्च लवणादिकं भाण्डसङ्क्रान्त्या पूर्वस्मात् पूर्वस्माद् भाजनादपरापरभाजनेषु, यद्वा पूर्वस्या भाण्डशालाया अपरस्यां भाण्डशालायां सङ्क्रम्यमाणं विध्वस्यते । तथा वातेन वाऽग्निना वा महानसादौ धूमेन वा लवणादिकं विध्वस्तं भवति ।। (ગાથા ૯૭૩ ની વૃત્તિ)

આનો ભાવાર્થ – લવણ વગેરે પોતાના સ્થાનથી બીજે ઠેકાણે ફેરવાતું હોય તો દરરોજ થોડું વધારે – થોડું વધારે એમ વિધ્વંસ પામતાં પામતાં સો યોજન ગયા પછી સર્વથા અચિત્ત બને છે. આમાં દેખીતા શસ્ત્રસંપર્ક વગર પણ સ્વયં અચિત્ત બનવામાં ત્રણ કારણ હોઈ શકે છે – ૧. પોતાના ઉત્પત્તિસ્થાનથી દૂર જવાને લીધે પોતાને આધાર આપનાર આહારનો વ્યવચ્છેદ થવાથી, ૨. એક વાસણથી બીજા વાસણમાં કે એક મકાનમાંથી બીજા મકાનમાં સંક્રમ થવાથી લાગનારા આઘાતથી, ૩. વાયુ, અગ્નિ કે રસોડાના ધૂમાડાનો સંપર્ક થવાથી. (આ સિવાય ગાડું ખેંચનારા બળદ વગેરેની અને માણસોની શારીરિક ઉષ્માનો સંપર્ક થવાથી પણ અચિત્ત થતું હોય છે એમ જાણવા મળ્યું છે.)

આમાં બહુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે એક સ્થાનેથી બીજે સ્થાને જવામાં લાંબો સમય વ્યતીત થતો હોય તો જ આવાં કારણોસર લવણ વગેરે અચિત્ત થઈ શકે છે. प्रतिदिवसं बहुबहुतरादिक्रमेण विध्वस्यमानं એ શબ્દો અત્રે ધ્યાનપાત્ર છે. આપણે જાણીએ જ છીએ કે પહેલાના જમાનામાં સો યોજન જેટલો પંથ પસાર કરવામાં કેટલો બધો વખત લાગતો હતો! અને એટલે આપણા વડીલોના સમયમાં સો યોજન કરતાં વધુ દૂરથી આવનારા સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થોને અગ્નિના પ્રયોગ વગર જ અચિત્ત માનીને વાપરવાની શાસ્ત્રસંમત પરંપરા હતી. (ત્યારે આવા ક્ષારપદાર્થોનું વધારે ઉત્પાદન પાકિસ્તાન જેવા દૂરના

દેશોમાં થતું હતું. અને આજે પણ એ પરિસ્થિતિમાં બહુ ફરક નથી.) અને એ પરંપરાને આપણે હજુ સુધી અનુસરીએ છીએ.

પરંતુ હવે બદલાયેલા દેશ-કાળમાં વિચારવાયોગ્ય વાત એ છે કે હવે બહુ જ ઓછા સમયમાં આ બધું આપણા સુધી પહોંચતું હોય છે. એટલે આ પદાર્થોને સ્વયં અચિત્ત થવામાં જે કારણો મળવાં જોઈએ તે પૂરેપૂરાં મળતાં નથી. એટલે બહુ જ સંભાવના છે કે સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થો (જો અગ્નિનો પ્રયોગ ના થયો હોય તો) કદાચ અચિત્ત ન હોવા છતાં પણ પરંપરાથી અચિત્ત માનીને આપણે એનું ગ્રહણ કરી લેતાં હોઈએ! અને તો સચિત્ત-ભક્ષણનો કેટલો મોટો દોષ આપણા માથે આવી પડે? એટલે હવે મીઠાની જેમ જ સિંધાલૂણ, સંચળ જેવા ક્ષારપદાર્થો પણ અગ્નિના પ્રયોગથી અચિત્ત થયા હોય તો જ એનું ગ્રહણ કરવું એમ ઉચિત જણાય છે.

અલબત્ત, આ એક વિચારણામાત્ર છે. મિત્ર મુનિવરો પોતાના વડીલ ભગવંતોની સાથે ચર્ચા-વિચારણા કરીને પોતાનો અભિપ્રાય જણાવે તેવી વિનંતિ. / **त्रै.**

* * *

## 138. તીર્થંકર ભગવંતોનું આલંબન

હમણાં હમણાં **तित्थयरसमो सूरी** જેવાં વિધાનોનો આધાર લઈને આચાર્ય ભગવંતોને વ્યાખ્યાનાદિ વખતે બિરાજમાન થવા માટે સિંહાસન, કમળ (ક્યારેક તો સમવસરણ પણ) જેવી રચનાઓનો ઉપયોગ કરવાનું ચાલુ થયું છે. આચાર્ય ભગવંતો માટે (કોણિકનાં ૧૪ રત્નો જેવી) અષ્ટપ્રાતિહાર્ય જેવી દેખાતી રચનાઓ ઊભી કરવાનું પણ વલણ વધતું જાય છે. આપણી અતિવિકસિત કલ્પનાશીલતા જોતાં, આ બધી બાબતો મધ્યકાલીન શાસ્ત્રો અને કથાગ્રંથોમાંથી પ્રમાણિત કરવાનું અઘરું હોય તો પણ, અશક્ય તો નથી જ. પ્રશ્ન માત્ર એ છે કે આગમપંચાંગીમાંથી આવી પ્રવૃત્તિને સીધું સમર્થન મળે ખરું? જવાબમાં નમ્રતાપૂર્વક ના પાડવી પડે તેમ છે.

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૯૯૫-૬ માં આ સંબંધે બહુ સરસ ચર્ચા થઈ છે. ત્યાં જણાવાયું છે કે આપણા પૂર્વસૂરિઓએ જે લોકોત્તર આચારોનું અણિશુદ્ધ પાલન કર્યું છે તેનું આપણે પણ એ જ રીતે પાલન કરવાનું છે. આ સાંભળીને શિષ્ય પ્રશ્ન પૂછે છે કે –

यदि यद्यत् प्राचीनगुरुभिराचीर्णं तत्तत् पाश्चात्त्यैरप्याचरितव्यं तर्हि तीर्थकरैः प्राकारत्रय-च्छत्रत्रयप्रभृतिका प्राभृतिका तेषामेवाऽर्थाय सुरैर्विरचिता यथा समुपजीविता तथा वयमप्यस्मन्निमित्तकृतं किं नोपजीवामः? ।।

પ્રાચીન ગુરુઓએ જે જે આચર્યું હોય તેનું એ જ રીતે આચરણ કરવાનું હોય તો, જેમ તીર્થંકર ભગવંતો પોતાના માટે જ દેવોએ બનાવેલાં સમવસરણ, છત્રત્રિક વગેરેનો ઉપયોગ કરતા હતા તેમ આપણે પણ આપણા નિમિત્તે બનાવેલા તેવા પદાર્થોનો શા માટે ઉપયોગ નથી કરતા?

આચાર્ય જવાબ આપે છે –

अनुमतं खल्वस्माकं यदनुगुरवो धर्माः, तथापि न सर्वसाधर्म्यात् चिन्त्यते, किन्तु देशसाधर्म्यादेव । तथाहि – तीर्थकरा यत् पुनः प्राभृतिकादीन् (प्राभृतिका – सुरेन्द्रादिकृता समवसरणरचना) आदिशब्दादवस्थितनखरोमा-ऽधोमुखकण्टकादि-सुरकृतातिशयपरिग्रहः, तान् समुपजीवन्ति, स तीर्थकरजीतकल्प इति कृत्वा न तत्राऽनुधर्मता चिन्तनीया । यत्र पुनस्तीर्थकृतामितरेषां च साधूनां सामान्यधर्मत्वं तत्रैवाऽनुधर्मता चिन्त्यते ।।

અર્થ - ગુરુઓના આચરણને અનુસરવું જોઈએ એ વાત તો અમને પણ માન્ય જ છે. પરંતુ એ વાત બધી જ વખત સાચી નથી હોતી. તીર્થંકર ભગવંતો દેવોએ કરેલી સમવસરણ વગેરે પૂજા અને અવસ્થિતનખ જેવા અતિશયોનો ઉપભોગ કરે છે તેમાં તેઓનો તેવા પ્રકારનો કલ્પ જ કારણભૂત છે. એટલે કલ્પને અનુસરવા ખાતર નિરાશંસપણે થતી એ પ્રવૃત્તિનું આલંબન લઈને આપણાથી તેવી પ્રવૃત્તિ કરાય નહીં. તીર્થંકર ભગવંતો સાથે આપણી જેટલી વાતોમાં સમાનતા હોઈ શકે તેટલી વાતોમાં જ એમનું આલંબન લેવું ઉચિત છે.

*નિશીથચૂર્ણિ* – ગાથા ૪૮૫૫-૬ માં પણ આ જ વાત સમજાવાઈ છે.

નથી લાગતું કે આપણે ઘણી બધી વાતો પર પુનર્વિચારણા કરવાની જરૂર છે?

/ त्रै.

* * *

# 139. આચાર્ય દ્વારા રત્નાધિકને વંદન!

*પંચવસ્તુક* – ૪૭૭ માં એક સરસ વાત જાણવા મળે છે –

विअडणपच्चक्खाणे, सुए अ रयणाहिआ वि उ करिंति ।

मज्झिल्ले ण करेंती, सो चेव य तेसि पकरेइ ।।

ટીકા – विकटनम्- आलोचनं, प्रत्याख्यानं प्रतीतं, श्रुते च उद्दिश्यमानादौ, रत्नाधिका अपि तु- ज्येष्ठार्या अपि कुर्वन्ति, वन्दनामिति प्रक्रमाद् गम्यते । मध्यम इति क्षमण इत्यर्थः, न कुर्वन्ति, अपि तु स एवाऽऽचार्यस्तेषां रत्नाधिकानां करोति वन्दनमिति गाथार्थः ।।

પ્રતિક્રમણમાં આલોચન વખતે, પ્રત્યાખ્યાન વખતે અને શ્રુતના ઉદ્દેશાદિ વખતે રત્નાધિકો પણ આચાર્યને જ વંદન કરે છે. પરંતુ મધ્યમ ખામણામાં (-અબ્ભુટ્ઠિઓ વખતે) રત્નાધિકો દીક્ષાપર્યાયથી નાના આચાર્યને વંદન કરતા નથી, પણ આચાર્ય જ રત્નાધિકોને વંદન કરે છે. ગાથા ૪૭૨ માં, *બૃહત્કલ્પસૂત્ર* – ૩.૧૮ અંતર્ગત ભાષ્યગાથા – ૪૫૦૦ માં તેમ જ *નિશીથભાષ્ય* – ૨૧૧૬ ની *ચૂર્ણિ* માં પણ આ જ વાત છે.

*આવશ્યકનિર્યુક્તિ* - અધ્યયન – ૩, ગાથા – ૧૯૯૫ ની *હારિભદ્રીયા* વૃત્તિમાં જણાવાયું છે કે - अन्ये तु... आचार्येणाऽपि मध्यमे क्षामणानन्तरे कृतिकर्मणि ज्येष्ठस्य कृतिकर्म कार्यमिति ।। અન્યો કહે છે કે મધ્યમ વંદન આવે ત્યારે આચાર્ય પણ પોતાનાથી જ્યેષ્ઠને વંદન કરે. આમાં આશ્ચર્ય એ છે કે *આવશ્યકનિર્યુક્તિ* ની વૃત્તિમાં *હરિભદ્રસૂરિજી* આ વાત अन्ये કરીને બતાવે છે અને *પંચવસ્તુક* – ગાથા – ૪૭૨ માં અને તેની સ્વોપજ્ઞ ટીકામાં આ જ વાત સ્વમતે દર્શાવે છે અને अन्ये થી શિષ્યોની શ્રદ્ધાનો ભંગ ન થાય તે માટે આચાર્યને જ જ્યેષ્ઠ મુનિઓ વંદન કરે તેવો અલગ મત દેખાડે છે – विभाषेत्यन्ये शिष्यकादिश्रद्धा-भङ्गनिवारणार्थं कदाचिदाचार्यमेवेति ।।

એક જ કર્તાનું અલગ-અલગ ગ્રંથોમાં ભિન્ન-ભિન્ન પ્રતિપાદન! ✍ **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

# 140. કેવલીભગવંતે પણ પ્રત્યુપેક્ષણા કરવાની!

*ઓઘનિર્યુક્તિ* – ગાથા ૨૫૭-૨૬૩ માં બે પ્રકારની પ્રત્યુપેક્ષણાનું વર્ણન છે - કૈવલિકી અને છાદ્મસ્થિકી. તે બંનેના પણ બે ભેદ છે - બાહ્ય અને અભ્યન્તર. તેમાં બાહ્ય પ્રત્યુપેક્ષણા દ્રવ્યસંબંધી છે અને અભ્યન્તર પ્રત્યુપેક્ષણા ભાવસંબંધી છે.

કૈવલિકી પ્રત્યુપેક્ષણા -

૧. બાહ્ય પ્રત્યુપેક્ષણા - કેવલી ભગવંતે જીવસંસક્ત દ્રવ્ય (વસ્ત્ર,પાત્ર વગેરે) ની જ પ્રત્યુપેક્ષણા કરવાની હોય છે, અસંસક્ત દ્રવ્યની નથી કરવાની હોતી. પરંતુ તે નહીં કરવામાં પણ બે વિકલ્પ છે - જો તેઓ પોતાના જ્ઞાનથી એવું જાણે કે, આ અસંસક્ત વસ્ત્રાદિની જો હમણાં પ્રત્યુપેક્ષણા નહિ કરવામાં આવે તો તે થોડા સમયમાં અવશ્ય સંસક્ત થશે, તો પછી તે વસ્ત્રાદિ અસંસક્ત હોવા છતાં પણ તેની પ્રત્યુપેક્ષણા કરે. પરંતુ જો તે વસ્ત્રાદિની હમણાં પ્રત્યુપેક્ષણા કરવાં છતાં પણ તેના ઉપભોગકાળે તે સંસક્ત થવાનું જ છે એવું જો તેમને જણાય, તો પછી ઉપભોગકાળે જ તેની પ્રત્યુપેક્ષણા કરે, તે પહેલાં વ્યર્થ પરિશ્રમ થતો હોવાથી ન કરે.

૨. અભ્યન્તર પ્રત્યુપેક્ષણા - વેદનીયાદિ ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મ કરતાં મોટી જાણીને, આયુષ્યકર્મ સાથે તેને તુલ્ય કરવા માટે કેવલી ભગવંતો જે કેવલી સમુદ્ઘાત કરે છે, તે ભાવ પ્રત્યુપેક્ષણા (અભ્યંતર પ્રત્યુપેક્ષણા) છે. અહીં ભાવ એટલે કર્મના ઉદયરૂપ ઔદયિકભાવ, તે સંબંધી કર્મોની પ્રત્યુપેક્ષણા હોવાથી ભાવ પ્રત્યુપેક્ષણા કહેવાય છે.

ધ્યાનાર્હ વાત એ કે દ્રવ્ય પ્રત્યુપેક્ષણા તો પ્રાયઃ દરેક કેવલી ભગવંત કરવાના જ. પરંતુ ભાવ પ્રત્યુપેક્ષણા કેવલી ભગવંત કરે પણ ખરા અને ન પણ કરે, કેમ કે કેવલી સમુદ્ઘાત દરેક કેવલી કરે જ એવો નિયમ નથી.

છાદ્મસ્થિકી પ્રત્યુપેક્ષણા -

૧. દ્રવ્ય પ્રત્યુપેક્ષણા - છદ્મસ્થે તો, દ્રવ્ય જીવોથી સંસક્ત હોય કે ન હોય, અવશ્ય પ્રત્યુપેક્ષણા કરવાની જ છે. આમાં એવો વિકલ્પ ન વિચારી શકાય કે જો દ્રવ્ય અસંસક્ત છે તો પ્રત્યુપેક્ષણા કરવાનો શો અર્થ? કેમ કે એની અસંસક્તતાની ખાતરી કરવા માટે જ પ્રત્યુપેક્ષણા છે.

૨. ભાવ પ્રત્યુપેક્ષણા - પૂર્વ રાત્રિએ અને અપર રાત્રિએ (રાત્રિના પ્રથમ અને ચરમ પ્રહરમાં) શું કર્યું? શું બાકી રહ્યું? કરવા યોગ્ય કયું તપ હું નથી કરતો? ઈત્યાદિ ચિંતન કરવું તે ભાવ પ્રત્યુપેક્ષણા છે. ✍ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

[આમાં એક વાત એ વિચારવા જેવી છે કે અવધિજ્ઞાની કે વિશિષ્ટ શ્રુતધર મહાત્માઓ તો છદ્મસ્થ હોવા છતાં દ્રવ્ય જીવસંસક્ત છે કે નહીં તેની ખાતરી પ્રત્યુપેક્ષણા કર્યા વગર જ પોતાના જ્ઞાનોપયોગથી કરી જ શકે છે. તો તેઓને કયો કલ્પ લાગુ પડશે – કેવલીનો કે છદ્મસ્થનો? કે પછી જ્ઞાનોપયોગ મૂકીને તેનાથી દ્રવ્ય તપાસવું તેને પણ પ્રત્યુપેક્ષણા ગણીને એવી પ્રત્યુપેક્ષણા તેઓ નિત્ય કરે જ એમ સમજવાનું છે? કે પછી આવો ઉપયોગ મૂકવો એ પ્રમાદ હોવાથી તેઓ તેમ કરતાં નથી? કેવલીને તો એ રીતે પણ નિયમિત પ્રત્યુપેક્ષણા કરવાની જરૂર નથી હોતી, કારણ કે તેઓને તો સદૈવ બધો બોધ હોય જ છે. ✍ **ત્રૈ.**]

* * *

## 141. ત્રણ પ્રકારની પૂજા

એક સમંતભદ્રા પૂજા, બે સર્વતોભદ્રા પૂજા અને ત્રણ સર્વસિદ્‌ધિફલા પૂજા. અનુક્રમે આ ત્રણે પૂજા કાય, વચન અને મનોયોગ પ્રધાન છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને યોગાવંચક નામના યોગથી પહેલી પૂજા સંભવે. શ્રાવક-શ્રાવિકાને (આણુવ્રતધારી) ક્રિયાવંચક નામના યોગથી બીજી પૂજા સંભવે. આગમમાં કહેલા આચારમાં તત્પર એવા શુદ્‌ધ શ્રાવકને ફળાવંચક યોગથી ત્રીજી પૂજા સંભવે. અલ્પ શબ્દોમાં આ ત્રણે પૂજા સમજીએ –

સમંતભદ્રા - સર્વાધિક ગુણસંપન્ન પ્રભુને વિષે સર્વોત્તમ કર્પૂર, ફૂલ, ચંદન વગેરે દ્રવ્યોથી જાતે જ લાવીને જે પૂજા કરવામાં આવે તે. આ પૂજા આપણને અત્યંત સંતોષનું કારણ છે.

સર્વતોભદ્રા - વાણીના આચારમાં સંચારથી પવિત્રતા પૂર્વક લાવવા દ્‌વારા એટલે કે નોકર-ચાકરને આઘાત ન થાય એવી વાણી બોલવા દ્‌વારા પોતાની શક્તિને અનુસાર ભક્તિપૂર્વક થાય એવી આ પૂજા છે. અને આ પૂજા અત્યંત (પહેલી કરતાં વધુ) સંતોષનું કારણ છે.

સર્વસિદ્ધિફલા - પોતાની શક્તિ કરતાં પણ વધુ પૂજાનાં વિધાનમાં આગળ વધીને (અવિશ્રમ્ય) દેવોથી થઈ શકે તેવી વિધિવિષયક કરવાની ઇચ્છા પણ જે પૂજામાં સામેલ હોય તે ત્રીજી પૂજા. જે અનંત ગણો સંતોષ આપે છે.

*મહોપાધ્યાય શ્રીયશોવિજયજી* મહારાજે *વૈરાગ્યકલ્પલતા* (૧.૮૩-૮૬) માં આ ત્રણ પૂજા આ રીતે વર્ણવી છે –

समन्तभद्रा प्रथमाऽत्र पूजा, प्रोक्ता द्वितीया खलु सर्वभद्रा ।
मरोर्भवस्याऽध्वनि सर्वसिद्धि-फला तृतीयाऽमृतदीर्घिकाऽऽभा ।।८३।।
तत्राऽऽदिमा सर्वगुणाधिकेषु, जिनेषु सर्वोत्तमवस्तुजातैः ।
कर्पूरपुष्पागरुचन्दनाद्यैः, स्वयं वितीर्णैः परितोषमूला ।।८४।।
तेषां जनैरानयनेन वाचामाचारसंचारपवित्रितेन ।
भवेद् द्वितीयाऽधिकतोषहेतुः, स्वशक्तिविस्फारितभूरिभक्तिः ।।८५।।
अनन्तसंतोषकरी तृतीया, स्वशक्तिसिद्धेऽर्चनसंविधाने ।
भवत्यविश्रम्य सुरादिसाध्य-विधौ विधित्साप्रसरोऽपि यस्याम् ।।८६।।

મોહરાજાના સુભટો જ્યારે ચારિત્ર ધર્મરાજાના સુભટો ઉપર આક્રમણ કરે છે એ વખતે મંત્રીશ્વર સદ્બોધનો ચારિત્રધર્મ રાજા સામે વાર્તાલાપ થાય છે.

ચારિત્રધર્મ રાજા કહે છે - 'મંત્રીશ્વર! સામે શત્રુ તરફથી થતા ઉપદ્રવના વિનાશનું આત્યંતિક કારણ આપો.' ત્યારે સદ્બોધ કહે છે – 'રાજા! મોહરાજાના સુભટો દ્વારા કરાતા ઉપદ્રવોના વિનાશનું કારણ એક જ છે - पूजाऽस्ति पूता परमेश्वरस्य પ્રભુની પવિત્ર પૂજા જ ઉપદ્રવના વિનાશનું કારણ છે.'

આમ કહી ઉપરોક્ત ત્રણ પૂજા બતાવે છે. પૂજાસંબંધી કેટલીક વાતો જિજ્ઞાસુઓએ મૂળ ગ્રંથમાંથી જાણી લેવી. આ ત્રણે પૂજા સમકિતધારીઓને એકછત્રી સામ્રાજ્ય કરનારી છે, મિથ્યાત્વીઓને વિઘ્ન દૂર કરનારી છે, અને ગ્રંથિપ્રદેશે આવેલાઓને ધર્મ આપનારી છે –

सम्यक्त्वभाजां त्रिविधाऽपि सेयमेकातपत्रप्रभुताविधात्री ।
मिथ्यात्वभाजामपि विघ्नहर्त्री, धर्माप्तिकृद् ग्रन्थिसमीपगानाम् ।।१.९०।।

✍ **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

# 142. બૃહત્સંગ્રહણી ની એક જ ગાથાના બે અર્થ

बत्तीसा अडयाल सट्ठि बावत्तरी य बोधव्वा ।
चुलसीइ छन्नउई दुरहियमट्ठुत्तरसयं च ।।

*જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* વિરચિત *બૃહત્સંગ્રહણી* ગ્રંથની આ ગાથાનો સુપ્રસિદ્ધ અર્થ આમ છે -

એક એક ન્યૂન એમ ૮ સમયથી માંડી ૧ સમય સુધી અનુક્રમે ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨, ૧૦૮ સિદ્ધ થાય છે. *શ્રીમલયગિરિસૂરિજી* એ ટીકામાં પણ તેનું સરસ વિવેચન કર્યું છે. *દ્રવ્ય-લોકપ્રકાશ* - ગાથા ૨.૧૩૩-૫ માં પણ તેનું વિસ્તૃત વિવેચન છે. *પ્રવચનસારોદ્ધાર* – દ્વાર ૫૨ ગાથા – ૪૭૮ માં પણ તે ગાથા ઉદ્ધૃત છે.

પરંતુ *શ્રીયશોદેવસૂરિજી* વિરચિત *પાક્ષિકસૂત્રવૃત્તિ* માં *બૃહત્સંગ્રહણી* ની આ જ ગાથાના વિવરણમાં અન્ય આચાર્યોનો મત નોંધ્યો છે. જે *શ્રીમલયગિરિજી* એ આ ગાથાની ટીકામાં પણ નથી નોંધ્યો. તે આ પ્રમાણે -

अन्ये तु व्याचक्षते - अष्टौ समयान् यदा नैरन्तर्येण सिद्धिस्तदा प्रथमसमये जघन्येनैकः सिद्ध्यति उत्कृष्टतो द्वात्रिंशदिति द्वितीयसमये जघन्येनैक उत्कृष्टतोऽष्टचत्वारिंशत्तदेवं सर्वत्र जघन्यैकः समये उत्कृष्टतो गाथार्थोऽयं भावनीयो बत्तीसेत्यादि ।।

અર્થાત્ આઠ સમય સુધી જો નિરંતરપણે સિદ્ધિ થાય તો પ્રથમ સમયે જઘન્યથી એક સિદ્ધ થાય છે, ઉત્કૃષ્ટથી બત્રીસ. એમ બીજા સમયે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અડતાલીસ. એમ સર્વત્ર જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ગાથા મુજબ વિચારવું.

પરંતુ આ કયા આચાર્યનો મત છે તે જણાવ્યું નથી માટે વિદ્વદ્ મિત્રોને જણાવવા વિનંતિ. / **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

# 143. સુષમદુઃષમ આરાના ૩ વિભાગ

*કાલ-લોકપ્રકાશ* - સર્ગ – ૨૯ ગાથા – ૨૮૩-૪ માં અવસર્પિણીના ૨ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ત્રીજા સુષમદુઃષમ આરાના ૩ વિભાગ કરવાનું અને તે દરેક વિભાગનું પ્રમાણ કહેલ છે. આનું *મોતીચંદ ઓધવજી શાહે* કરેલું વિવેચન (ભાગ – ૪, કાલલોક-પૂર્વાર્ધ, સં. – *પં. શ્રીવજ્રસેનવિજયજી* મ.) આ પ્રમાણે છે - "તે દરેક વિભાગનું પ્રમાણ ૬૬ ક્રોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ અને $\frac{૨}{૩}$ ભાગ થાય છે એમ ગણિતશાસ્ત્રના જાણનારાઓ કહે છે. તેની અંકસ્થાપના આ પ્રમાણે ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬ $\frac{૨}{૩}$ સમજવી." મૂલ સંસ્કૃત પાઠમાં પણ અંક-સ્થાપના આ પ્રમાણે છે. ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬ $\frac{૨}{૩}$ (પૃષ્ઠ – ૨૪૦)

અહીં ત્રીજા આરાના ત્રણે વિભાગનું પ્રમાણ સાધિક ૬૬ કોડાકોડી સાગરોપમ કહ્યું છે, જ્યારે ત્રીજા આરાનો કુલ કાળ ૨ કોડાકોડી સાગરોપમનો જ છે. અને તેનાથી આ સાધિક ૬૬ કોડાકોડી સાગરોપમ અનેકગણું વધારે હોવાથી વિરોધ આવશે. પણ ૨ કોડાકોડી સાગરોપમને ૩ વડે ભાગતાં સાધિક ૬૬ લાખ ક્રોડ સાગરોપમ થાય છે. એટલે ૬૬ લાખ, ૬૬ હજાર ને ૬૬૬ એટલા ક્રોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ અને $\frac{૨}{૩}$ સાગરોપમ થાય છે.

તેની અંકસ્થાપના પણ આ પ્રમાણે ૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬૬ $\frac{૨}{૩}$ એમ ૧૪ અંકની થશે. પણ ભાષાંતરમાં અને મૂળ સંસ્કૃત પાઠમાં જણાવ્યું છે તેમ ૧૬ અંકની નહિ થાય.

તે ગાથાઓ આ પ્રમાણે છે –

एकैकस्य विभागस्य मानमेवं भवेदिह ।
षट्षष्टिः कोटिलक्षाणि तावत्कोटिसहस्रकाः ।।२८२।।
षट् शतानि च कोटीनां षट्षष्टिः कोटयोऽपि च ।
लक्षाः षट्षष्टिरब्धीनां षट्षष्टिश्च सहस्रकाः ।।२८३।।
षट्शती च सषट्षष्टि-र्द्वौ तृतीयलवौ तथा ।
एकस्य वार्द्धेरित्येवं भाव्यं गणितकोविदैः ।।२८४।।

અર્થ – અહીં એક એક વિભાગનું પ્રમાણ આ પ્રમાણે થાય છે - षट्षष्टिः कोटिलक्षाणि એટલે ૬૬ લાખ ક્રોડ, तावत्कोटिसहस्रकाः એટલે તેટલા જ (૬૬) હજાર ક્રોડ, षट् शतानि च कोटीनां એટલે ૬૦૦ ક્રોડ, षट्षष्टिः कोटयोऽपि च એટલે ૬૬ ક્રોડ, अब्धीनाम् એટલે સાગરોપમોની, लक्षाः षट्षष्टिः એટલે ૬૬ લાખ, षट्षष्टिश्च सहस्रकाः એટલે ૬૬ હજાર, षट्शती च सषट्षष्टिः એટલે ૬૬૬, द्वौ तृतीयलवौ तथा एकस्य वार्द्धेः એટલે તથા એક સાગરોપમનો $\frac{2}{3}$ ભાગ થાય છે. इत्येवं भाव्यं गणितकोविदैः એટલે આ પ્રમાણે ગણિતશાસ્ત્રના જાણનારાઓ વડે વિચારવા યોગ્ય છે, સમજવા યોગ્ય છે. તેની અંકસ્થાપના આ પ્રમાણે ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬ ૨/૩ સાગરોપમ થાય. / **મુનિ શ્રીસુવ્રતચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 144. યુગલિકો વિશે

*મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિ* વિરચિત *કાલ-લોકપ્રકાશ* સર્ગ - ૨૯ ગાથા – ૨૮૦ – ૩૦૩ માં કહ્યું છે કે અવસર્પિણીના ત્રીજા સુષમદુઃષમ આરાનો સાધિક ૬૬ લાખ ક્રોડ સાગરોપમ જેટલો કાળ બાકી હોય ત્યારથી યુગલિકોને ૬ પ્રકારના સંઘયણ ૬ પ્રકારના સંસ્થાન હોય છે. ત્યાર પછી કાળક્રમે યુગલિકો ઉત્કૃષ્ટથી અસંખ્યાતા હજાર વર્ષના આયુષ્યવાળા અને જઘન્યથી સંખ્યાતા હજાર વર્ષના આયુષ્યવાળા પણ હોય છે, એટલે યુગલિકો અસંખ્યાત વર્ષ અને સંખ્યાત વર્ષ બન્ને પ્રકારના આયુષ્યવાળા હોય છે. અને આ યુગલિકો આયુષ્ય સમાપ્ત કરીને યથાયોગ્ય દેવ, નારક, મનુષ્ય અને તિર્યંચ આ ચારે ગતિમાં જાય છે. આમાં યુગલિકોનું આયુષ્ય, દેહની ઊંચાઈ, અને આહારનું અંતર પ્રથમ કરતાં અવશ્ય હીયમાન હોય છે, પણ તે નિયત નથી હોતું. આ બધું વિમલવાહન નામના પહેલા કુલકરની ઉત્પત્તિ પહેલાંથી શરુ થઈ જાય છે, કારણ કે કુલકરની ઉત્પત્તિ ત્રીજા આરાનો એક પલ્યોપમનો આઠમો ભાગ બાકી હોય ત્યારે થાય છે. / **મુનિ શ્રીસુવ્રતચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

# 145. પરમાત્માના કલ્યાણક સમયે દેવોનું આગમન

પરમાત્માના પાંચ કલ્યાણક પ્રસિદ્ધ છે. ચ્યવન સિવાયના ચાર કલ્યાણકમાં ઈન્દ્રો દેવ-દેવીઓ સહિત પરમાત્માના કલ્યાણકની ભક્તિ કરવા પધારતા હોય છે એવી પ્રરૂપણા અનેક સ્થાને જોવા મળે છે. પણ પરમાત્માના ચ્યવન કલ્યાણક વખતે ઈન્દ્રો આવતા હોય તેવા પાઠ ઓછા મળે છે.

*શ્રીદેવભદ્રસૂરિ* વિરચિત *પાસનાહચરિયં*માં જણાવ્યું છે કે –

अह वम्मादेविगब्भसंकंततिहुयणपहुपभावचलियासणा बत्तीसं वि सुरिंदा संपत्ता वाणारसिं ।।

પરમાત્મા માતાની કુક્ષિમાં પધાર્યા ત્યારે પરમાત્માના પ્રભાવથી ઈન્દ્રોના આસનો કંપ્યા અને તેનાથી પરમાત્માનું ચ્યવન જાણીને બત્રીશ ઈન્દ્રો વારાણસી નગરીમાં પધાર્યા.

પરમાત્માના ચ્યવન કલ્યાણક વખતે ૩૨ ઈન્દ્રો પધાર્યા તેવી વાત અહીં જણાવી છે. જ્યારે *ચઉપ્પન્નમહાપુરિયચરિયં* માં આદિનાથ પરમાત્માના ચ્યવન વખતે માત્ર સૌધર્મેન્દ્ર પધાર્યા હતા તેવી વાત છે –

एत्थंतरे चलियासणागएणं सोहम्मसुराहिवइणा अहिणंदिओ नाहिकुलगरो ।। (पृ. ३४)

અહીં સૌધર્મેન્દ્રના આવવાનું કારણ માતાને-પિતાને સ્વપ્નાર્થ જણાવવાનું મુખ્ય છે, કારણ કે સ્વપ્નપાઠકો નથી.

દીક્ષા - निक्खमणमहिमं काऊण सोहम्माहिवई (गओ) ।। (पृ. ४०)

કેવળજ્ઞાન - सोहम्मवइणा कया केवलमहिमा ।। (पृ. ४१)

આમ *ચઉપ્પન્ન૦* માં આદિનાથ પ્રભુના અન્ય કલ્યાણકોમાં માત્ર સૌધર્મેન્દ્રની જ વાત લખી છે. પાર્શ્વનાથચરિત્ર કે વીરચરિત્રમાં પણ આ ચરિત્રકાર ૩૨/૬૪ ની સ્પષ્ટતા કરતા નથી. જુઓ –

एत्थावसरम्मि चलियासणा सुराहिवइपमुहा सयलसुरगणा... (पृ. २५३ - जन्म), भगवओ पायसमीवं सुरासुरगणा... (पृ. २६५ - दीक्षा), कया जहक्कमं निव्वाणमहिमा... (पृ. २६९ - निर्वाण)

*કલ્પસૂત્ર* માં તો ચ્યવન કલ્યાણક વખતે કોઈ પણ ઈન્દ્ર પધારે છે તેવી કોઈ પણ જાતની વાત આવતી નથી. *ત્રિષષ્ટિ૦* ની વાત કરીએ તો *શ્રીહેમચંદ્રાચાર્ય* પરમાત્માના કલ્યાણક વખતે ૬૪ ઈન્દ્રો પધારતા હોય છે તેવી વાતના સમર્થનકાર છે.

तत्कालं भगवन्मातुः स्वप्नार्थमभिशंसितुम् ।
सुहृदः कृतसङ्केताः, इवेन्द्रास्तुल्यमाययुः ।। १.२.२३२
अवधिज्ञानतो ज्ञात्वाऽऽसनकम्पस्य कारणम् ।
इन्द्रा जिनेन्द्रमभ्येयुश्चतुःषष्टिरपि द्रुतम् ।। १.६.४८१
ज्योतिष्काणामसङ्ख्यातौ, चन्द्रादित्यावुपेयतुः ।
इतीन्द्राणां चतुःषष्टिराययौ मेरुमूर्द्धनि ।। १.२.४७४

નિગમન – *ચઉપ્પન્ન૦* ના મતે ચ્યવન કલ્યાણકમાં ઈન્દ્રો આવતા નથી. *શ્રીકલ્પસૂત્ર* પણ આ જ વાતનું સમર્થન કરે છે. *પાસનાહચરિયં* ચ્યવન કલ્યાણક વખતે ઈન્દ્રો આવે છે તેવું જણાવે છે. *ત્રિષષ્ટિ૦* પણ ચ્યવન કલ્યાણકે ઈન્દ્રોના આગમનને જણાવે છે. *પાસનાહચરિયં* કલ્યાણક વખતે ૩૨ ઈન્દ્રોની વાતનું સમર્થન કરે છે. *ત્રિષષ્ટિ૦* ૬૪ ઈન્દ્રોનું સમર્થનકાર છે. *ચઉપ્પન્ન૦* ૩૨ કે ૬૪ ની સંખ્યા સ્પષ્ટ જણાવતું નથી. આ બાબતે વિદ્વાનો વિશેષ વાત જણાવે. ⁄ **મુનિ શ્રીન્યાયરત્નવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

* * *

## *ધર્મકથાનુયોગ*

### 146. તપસ્યા કરતાં ઉપસર્ગ સહન કરવાથી વધારે નિર્જરા

ભગવાન મહાવીરસ્વામીને કઠપૂતના વ્યંતરીના ઉપસર્ગ પછી અવધિજ્ઞાન અધિક વિકસિત થઈ ૧૪ રાજલોકનું થયું. તેના પરથી પૂ. *સાગરજી મહારાજે* તાત્પર્ય આપ્યું કે તપસ્યા કરતાં ઉપસર્ગ સહન કરવાથી વધારે નિર્જરા થાય છે. *મહાવીરચરિત* નો મૂળ પાઠ -

इय चउज्जामं रयणिं जिणस्स सीओवसग्गसहिरस्स । सविसेसं संलग्गं धम्मज्झाणं भवुम्महणं । तओ तदहियासणेण जायंमि विसेसकम्मक्खए वियंभियं ओहिनाणं, सव्वं च लोगं पासिउमारद्धो । पुव्वं पुण गब्भसंभवाओ आरब्भ सुरभवकालमित्तो ओही आसि, एक्कारस य अंगाणि सुयसंपयं होत्था ।। (૬ પ્રસ્તાવ)

એમ રાત્રિના ચાર પ્રહર શીતોપસર્ગ શાંત ભાવે સહન કરવાથી ભગવંતનું ભવભંજક ધર્મધ્યાન વિશેષ રીતે વિકાસ પામ્યું તેનાથી વિશેષ કર્મક્ષય થતાં ભગવંતને અવધિજ્ઞાન અધિક વિકાસ પામ્યું. જેથી તે સર્વ લોક જોવા લાગ્યા. તે પૂર્વે ગર્ભકાળથી માંડી દેવભવ જેટલું જ અવધિજ્ઞાન અને અગ્યાર અંગ સુધીની શ્રુતસંપદા હતી. ⁄ **મુનિ શ્રીસંભવચંદ્રસાગરજી** (સાગરજી મહારાજનો સમુદાય)

## 147. પઉમચરિયં માં જાણવા મળેલ કેટલીક વિશેષ વાત - ૧

१. आकम्पिओ य जेणं, मेरू अंगुट्ठएण लीलाए ।
तेणेह महावीरो, नामं सि कयं सुरिन्देहिं ।। (२.२६)

અહીં મેરુપર્વતને અંગુઠા વડે કંપાયમાન કરવાથી 'મહાવીર' એવું નામ દેવેન્દ્રો દ્વારા અપાયું એમ કહ્યું છે. પણ *કલ્પસૂત્ર, ત્રિષષ્ઠિ૦* વગેરેમાં તાલપિશાચના ઉપસર્ગ વખતે અથવા દીક્ષા પછી ઉપસર્ગો અને પરિષહો સહન કરવાને લીધે 'મહાવીર' એવું નામ દેવો દ્વારા અપાયું એવો ઉલ્લેખ મળે છે.

२. अह अट्ठकम्मरहियस्स तस्स झाणोवओगजुत्तस्स ।
सयलजगुज्जोयगरं, केवलनाणं समुप्पन्नं ।। (२.३०)

અહીં अट्ठकम्मरहियस्स એ જે પાઠ દેખાય છે તે વિચારણીય છે. કારણ કે કેવળજ્ઞાન-પ્રાપ્તિ સમયે ચાર અઘાતી કર્મ તો હયાત જ હોય છે. અથવા અહીં એવું વિચારી શકાય કે મુખ્ય ચાર ઘાતી કર્મનો ક્ષય થયા પછી બાકીના જે કર્મની હયાતી છે તે નગણ્ય છે, આત્માને વિશેષ બાધ નથી કરતા એમ સમજી ગ્રંથકારે 'આઠેય કર્મથી રહિત' એમ લખ્યું હશે. *મુનિ શ્રીપુણ્યવિજયજી* દ્વારા સંશોધિત *પઉમચરિયં* ની પ્રતિમાં આ અંગે ટિપ્પણ આપી છે - अत्र आचार्यस्य प्रमादः प्रतिभाति... ।

३. अट्ठ य सट्ठीओ तह , गुहाण सीहासणाण पुण तीसं ।
उत्तर-देवकुरूणं, मज्झं वरपायवे दिव्वे ।। (३.२७)

અહીં જંબૂદ્વીપનું વર્ણન ચાલે છે. તેમાં બીજી વાતો સમજાય છે, પણ દેવગુરુ-ઉત્તરકુરુની મધ્યમાં એક ઉત્તમ અને દિવ્ય વૃક્ષની નીચે ત્રીસ સિંહાસન છે તે શું તે સમજાયું નથી. તપાસ કરતાં આ ત્રીસ સિંહાસનની વાત બીજે ક્યાંય મળી નથી, તે શાના માટે હોય છે તેનું વિશેષ વર્ણન જ્ઞાત નથી. જો કોઈ ગ્રંથમાં આવતું હોય તો જણાવશો.

४. सीहादओ वि सोमा, नवि ते कुप्पंति एक्कमेक्कस्स ।
सच्छंदसुहविहारी, ते वि हु भुज्जंति सोक्खाइं ।। (३.४०)

જેમ પ્રભુના સમવસરણમાં હિંસક પ્રાણી અહિંસક પ્રકૃતિવાળા થઈ જાય છે, તેવી જ રીતે ભોગભૂમિમાં, ભરત-ઐરાવતના સુષમસુષમ કાળમાં સિંહ આદિ હિંસક પશુઓ સૌમ્ય પ્રકૃતિવાળા થાય છે અને પરસ્પર એકબીજા પર કોપ નથી કરતા. ઈચ્છાપૂર્વક સુખેથી વિચરણ કરી સુખોને ભોગવે છે. / **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

## 148. મહામેઘવાહન ખારવેલના મહારાણી 'ધુસી'નો અપ્રસિદ્ધ ઇતિહાસ

સિન્ધુદેશના વિજિર રાજ્યના દ્રાવિડ જાતિના આર્યો જે ખેડૂતનો વ્યવસાય કરતા હતા તેમના રાજાને સિકંદરના સેનાપતિ દીત્તમ [ડમિટ્રિસીસ] એ જિત્યા પછી રાજ્યમાં આવનાર વિદેશી વ્યાપારીઓને અન્યાયથી લૂંટતો હતો તેમાં કલિંગના લોકોનો પણ સમાવેશ થતો હોવાથી ખારવેલ દીત્તમને જીતવા ચાલ્યા. સાથે વિજિર રાજ્યના હારેલા રાજા લાલકસની સેનાનું અધિપતિપદ રાજકન્યા ધુસીએ લીધું અને યુદ્ધ કરી દીત્તમને જીત્યો. પણ ખારવેલ મૃતવત્ થયા. આ જોઈ ધુસીએ એમને બચાવ્યા. પછી ધુસી સાથે લગ્ન થયા. મહારાણીએ શ્રમણો માટે ખંડગિરિ પર ગુફા બનાવી જેનો શિલાલેખ આજે ત્યાં વિદ્યમાન છે. આ ઘટના પં. *નીલકંઠદાસે* ઉડીયા ભાષામાં લખી છે. આધાર - *પાર્શ્વનાથ ભગવાન કી પરંપરા કા ઈતિહાસ* / **મુનિ શ્રીપદ્મચંદ્રસાગરજી ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## 149. વર્માદેવી કે વામાદેવી?

*શ્રીદેવભદ્રસૂરિ* વિરચિત *પાસનાહચરિયં* માં જણાવ્યું છે કે – अह वम्मादेवि-गब्भसंकंततिहुयणपहुपभावचलियासणा... આ અને આ ચરિત્રમાં આગળ આવતા वम्मादेवि એવા અનેક ઉલ્લેખોના આધારે મને *મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી* એ જણાવ્યું કે અત્રે શ્રીપાર્શ્વનાથ પરમાત્માની માતાનું નામ 'वम्मा' નોંધાયું છે. 'वम्मा' નું સંસ્કૃત 'વર્મા ' થાય. તો પાર્શ્વનાથ પ્રભુની માતાનું નામ 'વામા' નહીં પણ 'વર્મા' જ હોય અને પાછળથી લોકરૂઢિથી 'वम्मा' નું 'વામા' થયું હોય તે સંભવિત છે. અન્ય ચરિત્રગ્રંથો તેમ જ *સપ્તતિશતસ્થાનક* જેવાં પ્રકરણોના આધારે આ અંગે વધુ તપાસ થઈ શકે. પૂજનોની અમુક પ્રતોમાં પણ श्रीवर्मायै नमः એવો મંત્ર વાંચ્યો હોવાનું પણ સ્મરણ છે. / **મુનિ શ્રીન્યાયરત્નવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

* * *

# 150. ચૌદપૂર્વી દ્વારા પૂર્વોમાંથી ઉદ્ધાર

*દશવૈકાલિકસૂત્ર* ની *અગસ્ત્યસિંહ સ્થવિર* રચિત *ચૂર્ણિ* નો અભ્યાસ કરતાં નવું જાણવા મળ્યું કે દરેક અંતિમ ચૌદપૂર્વી અવશ્ય પૂર્વોમાંથી ઉદ્દ્ધાર કરવા રૂપ સંકલના કરે, અને અન્ય ચૌદપૂર્વી કોઈ કારણ ઉપસ્થિત થાય તો કરે. નિર્યુક્તિ - શ્લોક - ૪ની ચૂર્ણિ અંતર્ગત આ પ્રમાણે પાઠ છે –

चिंतियं च णेहिं – चरिमो चोद्दसपुव्वी अवस्सं निज्जूहति, चोद्दसपुव्वी वि कारणे, मम वि इमं कारणं – एयस्स अणुग्गहो तो निज्जूहामि । ✍ **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

[આ સંબંધે *વૃદ્ધવિવરણ* નામની અન્ય ચૂર્ણિ અને *હારિભદ્રી* વૃત્તિમાં આવો પાઠ જોવા મળે છે – तं चोद्दसपुव्वी कहिं पि कारणे समुप्पन्ने णिज्जूहइ, दसपुव्वी पुण अपच्छिमो अवस्समेव णिज्जूहइ. તેમાં दसपुव्वी ના સ્થાને चोद्दसपुव्वी પાઠ હોવો જોઈએ. *શ્રીદશવૈકાલિક-સૂત્ર* ની *શ્રીસમયસુંદરજી* કૃત *દીપિકા* વૃત્તિમાં પણ આ અંગે વિશેષ સ્પષ્ટ પાઠ મળે છે – चउदसपुव्वी कम्हि वि कारणे समुप्पन्ने निज्जूहइ, अपच्छिमो पुण चउदसपुव्वी अवस्समेव निज्जूहइ, मम वि इमं कारणं समुप्पन्नं, तओ अहमवि निज्जूहामि ।। ✍ **त्रै.**]

* * *

# 151. ત્રણ નવકાર ગણવાની પરંપરા અંગે

*શ્રીરત્નમંડનગણિ* રચિત *સુકૃતસાગર* ગ્રંથમાં વિમલશ્રી–દેદસ્વર્ગગમન-પ્રબન્ધમાં એક સરસ વાત જાણવા મળી. પેથડશાહ મન્ત્રીના માતા વિમલશ્રી જ્ઞાનપંચમીના ઉપવાસને પારણે પરમાન્ન (ખીર) બનાવે છે. અહીં રચનાકાર ભગવંત કલ્પના કરે છે કે ઉજ્જ્વલા પંચમીનો દિવસ, દોષરહિત હોવાને લીધે ઉજ્જ્વળ એવું તપ અને અમૃતના અર્ક સમાન ઉજ્જ્વલ પરમાન્ન - આમ જાણે ઉજ્જ્વલતાનો ત્રિવેણી-સંગમ રચાયો. હવે એક માલણ વિમલશ્રીને ફૂલો આપવા આવે છે. તે વખતે સંસ્કારપૂર્વક તૈયાર થયેલી ખીર જોઈને તેનું મન તેમાં આસક્ત થાય છે. અને માલણની ખરાબ દૃષ્ટિ ખીર પર પડે છે (ખીરને લાગે છે). તે

ખીર વિમલશ્રી વાપરે છે જેના કારણે તેમને વિસૂચિકાનો રોગ થાય છે અને તેમનું સ્વર્ગગમન થાય છે. આવી કુદૃષ્ટિને નિવારવાનો ઉપાય બતાવતા શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે ભોજન સમયે કુદૃષ્ટિના નિવારણ માટે હિતને ઇચ્છનાર પુરુષ વડે નમસ્કાર મહામંત્ર ગણાય છે. તેનું ઉદાહરણ આપતા રચનાકાર ભગવંત કહે છે કે નેમ-રાજીમતી જ્યારે ભીલયુગલ હતા ત્યારે તેમને એક કેવલી ભગવંતે નીચેનો શ્લોક કહેલો -

भोअणसमए सयणे, विबोहणे पवसणे भए वसणे ।
पंचनमुक्कारं खलु, सुमरिज्जा सव्वकालं पि ।।

ભોજનસમયે, સૂતાં પહેલાં, જાગીને, પ્રવાસ કરતાં, ભય આવી પડે ત્યારે અને આપત્તિમાં અવશ્ય પંચનમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું.

આપણે ત્યાં અન્ન-પાન કરતાં પૂર્વે ત્રણ નવકાર ગણવાની જે પરંપરા છે તેના મૂળમાં અન્ય વાતો સાથે કુદૃષ્ટિનિવારણનો પણ હેતુ છે તેમ આના પરથી સમજાય છે. શાસ્ત્રકાર ભગવંતોએ લૌકિક દૃષ્ટિએ પણ આપણું અહિત ન થાય તે માટે કેટલી કાળજી લીધી છે!

✍ **મુનિ શ્રીત્યાગમંડનવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## 152. શ્રીગૌતમસ્વામીની અષ્ટાપદતીર્થની યાત્રા અંગે એક નવી વાત

સામાન્યતયા એમ પ્રચલિત છે કે ગણધર શ્રીગૌતમસ્વામી સૂર્યનાં કિરણોનું આલંબન લઈને અષ્ટાપદ પર્વત ચડ્યા. જ્યારે *આવશ્યકચૂર્ણિ* માં આ વાત અલગ રીતે જણાવાઈ છે. ત્યાં લખ્યું છે કે શ્રીગૌતમસ્વામી જંઘાચારણ-લબ્ધિ તથા કરોળિયાનાં જાળાનું આલંબન લઈને અષ્ટાપદ પર્વત ચડ્યા – "...भगवं च गोयमे जंघाचारणलद्धीए लूयातंतुपुडगं पि णीसाए उप्पयति...।।" આ એક વિશેષ વાત છે. *ઉત્તરાધ્યયનસૂત્ર* ની *શ્રીભાવવિજયજી* ની અધ્યયન – ૧૦ ની ટીકામાં જંઘાચરણ-લબ્ધિ અને સૂર્યકિરણોના આલંબનની વાત છે. અને *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* માં ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત પર ચડયા આટલો જ ઉલ્લેખ છે, બીજી કોઈ સ્પષ્ટતા નથી. તથા *ઉત્તરાધ્યયનસૂત્ર* ની *શ્રીશાન્તિસૂરિજી* ની અધ્યયન – ૧૦ ની ટીકામાં ગૌતમસ્વામીના વર્ણનમાં અક્ષરશઃ *આવશ્યકચૂર્ણિ* નો પાઠ જ ઉદ્ધૃત કર્યો છે.

✍ **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## 153. કેવલીના અવર્ણવાદનું નિરૂપણ

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૧૩૦૨ થી ૧૩૦૭ માં કિલ્બિષિકી નામની અપ્રશસ્ત ભાવનાનું નિરૂપણ થયું છે. ગાથા ૧૩૦૨ માં આ ભાવનાના જ્ઞાનનો, કેવલીનો, ધર્માચાર્યનો અને સર્વસાધુઓનો અવર્ણવાદ અને માયા એમ કુલ પાંચ પ્રકાર જણાવાયા છે અને એ દરેક પ્રકારનું નિરૂપણ કરતી ૧-૧ ગાથા ત્યાં રજૂ થઈ છે. આમાં કેવલીના અવર્ણવાદનું નિરૂપણ કરતી ગાથા આ છે –

एगंतरमुप्पाए अन्नोन्नावरणया दुवेण्हं पि ।
केवलदंसण-णाणाणमेगकाले व एगत्तं ।।

આનો સામાન્ય અર્થ – કેવલીને વારાફરતી કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ હોય છે એમ માનો તો કેવલજ્ઞાન અને કેવલદર્શન પરસ્પર આવરણસ્વરૂપ છે એવું સ્વીકારવું પડે. અને તે બન્નેનો જો એકસાથે ઉપયોગ માનો તો બન્નેમાં અભેદ થઈ જવાની આપત્તિ આવી પડે. આવી રીતે કેવલી ભગવંતોનાં જ્ઞાન-દર્શન અંગે વિવિધ વિકલ્પો વિચારવા કે બોલવા તે એમનો અવર્ણવાદ ગણાય.

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૧૨૯૩ – ૧૩૨૭ માં કાંદર્પી, કિલ્બિષિકી વગેરે પાંચ અપ્રશસ્ત ભાવનાઓનું નિરૂપણ છે. આ જ ગાથાઓ સામાન્ય અક્ષરફેર સાથે *શ્રીહરિભદ્ર-સૂરિજી* રચિત *પંચવસ્તુક* પ્રકરણમાં ૧૬૩૦ - ૧૬૬૨ ક્રમે જોવા મળે છે. પરંતુ એમાં આશ્ચર્યજનક વાત એ છે કે *પંચવસ્તુક* માં કેવલીના અવર્ણવાદ સાથે સંબંધિત આ એક જ ગાથા તદ્દન ભિન્ન જ છે. જુઓ ગાથા ૧૬૩૮ –

सव्वे वि ण पडिबोहइ ण याऽविसेसेण देइ उवएसं ।
पडितप्पइ ण गुरूण वि णाओ अइणिट्ठिअट्ठो उ ।।

આનો અર્થ – કેવલી બધાય જીવોને પ્રતિબોધ પમાડતા ન હોવાથી સમભાવવાળા નથી. બધાને એકસરખી રીતે ઉપદેશ આપતા નથી. પોતાના ગુરુને પણ દાન વગેરેથી તૃપ્ત

કરતા નથી. પોતે જાણે અત્યંત કૃતકૃત્ય હોય તેમ વર્તે છે – આવું આવું વિચારવું કે બોલવું તે કેવલીનો અવર્ણવાદ છે.

પ્રશ્ન એ થાય કે *શ્રીહરિભદ્રસૂરિજી* એ પાંચ અપ્રશસ્ત ભાવનાનું નિરૂપણ કરવા માટે *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની બધી જ ગાથા યથાવત્ રૂપમાં ગ્રહણ કરી છે તો આ એક જ ગાથા શા માટે અલગ પડે છે? શું મૂળ *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં सव्वे वि ण पडिबोहइ ગાથા જ હશે અને પાછળથી કોઈક કારણસર તેના સ્થાને एगंतरमुप्पाए ગાથા મૂકવામાં આવી હશે? અથવા તો *શ્રીહરિભદ્રસૂરિજી* સામે *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની જે વાચના હશે તેમાં एगंतरमुप्पाए ની જગ્યાએ सव्वे वि ण पडिबोहइ ગાથા હશે? કે પછી ક્રમવાદ કે યુગપદ્વાદની ચર્ચા કરવી તેને એ પોતે અવર્ણવાદ નહીં ગણતા હોય અને એટલે એ એક ગાથા અલગથી નવી બનાવી હશે? વિદ્વજ્જનોને સમાધાન સૂચવવા વિનંતિ છે.

*સંવેગરંગશાળા* માં પણ આ પાંચ અપ્રશસ્ત ભાવનાનું નિરૂપણ થયું છે. તેમાં પણ કેવલીના અવર્ણવાદની જે ગાથા છે તે *શ્રીહરિભદ્રસૂરિજી* ના નિરૂપણને અનુસરતી જ છે. જુઓ –

केवलिणं पि अवन्ना जइ सञ्चं ते पमट्ठपेमाणो ।
तो कीस भव्वसत्ताणं चेव धम्मं उवइसंति ।। (३८५७) ✓ **त्रै.**

* * *

## 154. જિનકલ્પની ૭ વીથી

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૧૪૧૨ અને તેની વૃત્તિ આ પ્રમાણે છે –

एक्काए वसहीए उक्कोसेणं वसंति सत्त जणा ।
अवरोप्परसंभासं चयंति अन्नोन्नवीहिं च ।।

एकस्यां वसतावुत्कर्षतः सप्त जिनकल्पिका वसन्ति । ते चैकत्र वसन्तोऽपि परस्परसम्भाषणं न कुर्वन्ति । अन्योन्यवीथीं च त्यजन्ति, यस्मिन् दिने यस्यां वीथ्यामेकः पर्यटति न तस्मिन्नेव तस्यामपर इत्यर्थः ।।

આનો સામાન્ય અર્થ એ થાય કે એક વસતિમાં વધુમાં વધુ ૭ જિનકલ્પિક એકસાથે હોઈ શકે. પરંતુ સાથે રહેવા છતાં એ ભગવંતો એકબીજા સાથે વાત પણ ન કરે અને એક વીથીમાં (ગામના એક ભાગમાં) એકસાથે બે જણ વહોરવા માટે પણ ન જાય. સ્વાભાવિક રીતે આ માટે એક ગામના ૭ ભાગ કલ્પવા પડે.

હવે આમાં મુશ્કેલી એ આવે છે કે આ પૂર્વે ગાથા ૧૪૦૦ માં એક ગામના ૬ ભાગ કરવાનું જ લખ્યું છે. જુઓ – छव्वीहीओ गामं काउं एक्किक्कियं तु सो अडइ । અને આ રીતે ગામના ૬ જ ભાગ કેમ કલ્પવા પડે તેનું ગણિત પણ બહુ સરસ રીતે આ પછીની ગાથાઓમાં સમજાવાયું છે.

જિનકલ્પી એક ક્ષેત્રમાં એક માસ સુધી રહે. ત્યાં ભિક્ષાકુળોની ૬ વીથી (-ભાગ) કલ્પે. અને દરરોજ આસક્તિ વગર વારાફરતી એક-એક વીથીમાં એક-એક દિવસ ભિક્ષા માટે ફરે. આમ કરવાથી આધાકર્મ વગેરે દોષ લાગવાની સંભાવના ટળી જાય છે. કેવી રીતે? ધારો કે જિનકલ્પી મહાત્મા પહેલે દિવસે પહેલી વીથીમાં ગોચરી માટે ફરી રહ્યા છે. તપથી શુષ્કકાયાવાળા અને મહાસત્ત્વવંત તે મુનિને જોઈને કોઈક શ્રદ્ધાળુ સ્ત્રી એમ વિચારે કે આજે તો આ મહાત્મા અચાનક આવી જવાને લીધે હું તેમને કશું સારું દ્રવ્ય વહોરાવી શકી નહીં. કાલે હું સર્વ પ્રયત્નથી સારું ભોજન તૈયાર કરીને આ સાધુને આપીશ. તેમ વિચારીને તે સ્ત્રીએ તે મુનિ માટે બીજા દિવસે સારું ભોજન તૈયાર કર્યું. પરંતુ મુનિ તો પોતાના કલ્પ પ્રમાણે તે વીથી છોડીને બીજી વીથીમાં જ વહોરવા જાય. હવે તે સ્ત્રીએ તે ભોજન બનાવ્યું તે દિવસે તે ભોજન આધાકર્મદોષથી દુષ્ટ બને. અને જે ઘરમાં આધાકર્મિક આહાર બન્યો હોય તે ઘર તે પછીના ત્રણ દિવસ સુધી પૂતિ ગણાય અને ત્યાં વહોરવા ન જવાય એ નિયમ અનુસાર પછીના ત્રીજા, ચોથા અને પાંચમા દિવસે પણ તે ઘરે ભિક્ષા માટે જિનકલ્પી આવે નહીં. પણ મૂળ દિવસથી ગણતા છટ્ઠા દિવસે અને આધાકર્મિક આહાર બન્યો ત્યાંથી ગણતાં પાંચમા દિવસે તે ઘરે વહોરવા જવાય. પરંતુ આમાં જો મુનિ માટે અવગાહિમ (-પક્વાન્ન) બનાવ્યું હોય અને બીજા દિવસે મુનિ વહોરવા ન ગયા હોવાથી 'આ મૂકી રાખું, કાલે એમને આપીશ' એવી ધારણા કરીને મૂકી રાખે તો ત્રીજો દિવસ પણ આધાકર્મદોષથી દુષ્ટ થતાં અને એ પછીના ત્રણ દિવસ પૂતિદોષ રહેતાં એ પછી મૂળ દિવસથી ગણતાં શુદ્ધ થયેલા સાતમા દિવસે તે ઘરે જિનકલ્પીથી ભિક્ષા માટે પ્રવેશ કરાય. (અલબત્ત, અવગાહિમ દ્રવ્યને મુનિ

માટે ધારણા કરીને વધારે દિવસ સુધી મૂકી રાખે તો સાતમા દિવસે પણ એ ઘર શુદ્ધ નથી જ થતું અને જિનકલ્પી મહાત્મા પોતાના વિશિષ્ટ જ્ઞાનથી એ વાત જાણીને એ ઘરે સાતમા દિવસે પણ ન જ જાય. પરંતુ સામાન્યતઃ સાતમા દિવસે આધાકર્મ કે પૂતિ દોષ રહેતો ન હોય એમ સમજીને આ વાત વિચારવાની છે.) આમ, એષણાની વિશુદ્ધિ માટે એક ગામના ૬ ભાગ કરીને દર સાતમા દિવસે ૧-૧ ભાગમાં ભિક્ષા માટે જવું એવો જિનકલ્પી મહાત્માનો આચાર હોય છે.

હવે પ્રશ્ન એ થાય કે આ રીતે તો એક ગામના ૬ જ ભાગ કલ્પવાનું વિધાન છે. અને જો એક વસતિમાં ઉત્કૃષ્ટથી ૭ જિનકલ્પી ભેગા થાય તો ગામના ૬ ભાગમાંથી કોઈ એક ભાગમાં તો બે જિનકલ્પી ભિક્ષા માટે ભેગા થઈ જાય તેમ બનવાનું જ. અને તો એક વીથીમાં (- ગામના એક ભાગમાં) એકસાથે બે જણ વહોરવા માટે ન જાય એ નિયમ કઈ રીતે જળવાય? હવે જો નિયમ જાળવવા માટે એક ગામના ૭ ભાગ કલ્પવાનું વિચારીએ તો જિનકલ્પની સામાચારીમાં તેવું વિધાન દેખાતું નથી. આનું સમાધાન શું હોઈ શકે?

હમણાં આ સંદર્ભે તપાસ કરતાં *ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટ – પૂના* ના તાડપત્રભંડારની એક પ્રતિમાં ગાથા ૧૪૧૨ માં चयंति अन्नोन्नवीहिं च ના સ્થાને जहंति भयणाओ वीधीसु એવો પાઠ મળ્યો. આ પાઠ સ્પષ્ટ કરે છે કે વધુમાં વધુ ૭ જિનકલ્પી મહાત્માઓ એક વસતિમાં ભેગા થવા છતાં એકબીજા સાથે સંભાષણ ન કરે, પણ ભિક્ષા માટે એક વીથીમાં બે જિનકલ્પી ભેગા થાય કે નહીં તે વાતમાં ભજના સમજવી, અર્થાત્ ભેગા થાય પણ ખરા અને ન પણ થાય. આ રીતે વિચારીએ તો એક ગામના ૬ ભાગ કરવા છતાં પણ કોઈ સમસ્યા ઊભી થતી નથી. કારણ કે પાંચ જિનકલ્પી ભિન્ન-ભિન્ન પાંચ વીથીમાં ભિક્ષા માટે જાય અને કોઈ એક વીથીમાં બે જિનકલ્પી ભિક્ષા માટે જાય તેવું સંમત છે એમ આ પાઠ પરથી સિદ્ધ થાય છે. અને તો પૂર્વોક્ત પ્રશ્ન આપોઆપ ઉકલી જાય છે.

પરંતુ આ વાત પર વધુ શોધખોળ કરતાં *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત *પંચવસ્તુક* પ્રકરણમાં ગાથા ૧૪૭૯-૮૦ માં આનું સરસ સમાધાન પ્રાપ્ત થયું –

वीहीए एक्काए एक्को च्चिअ पइदिणं अडइ एसो ।
अण्णे भणंति भयणा सा य ण जुत्तिक्खमा णेआ ।।
एएसिं सत्त वीही एत्तो च्चिअ पायसो जओ भणिआ ।
कह नाम अणोमाणं हविज्ज गुणकारणं णिअमा ।।

ભાવાર્થ – એક વીથીમાં પ્રતિદિન એક જ જિનકલ્પી ભિક્ષાટન કરે. આ અંગે બીજાઓ વિકલ્પ કહે છે. અર્થાત્ એક વીથીમાં એકથી વધારે જિનકલ્પી પણ ભિક્ષાટન કરે તેમ તેઓનું માનવું છે. પણ તેઓની આ વાત યુક્તિસંગત નથી. કારણ કે એક વીથીમાં બે જિનકલ્પીઓને ભિક્ષાટન કરવાનો પ્રસંગ ન આવે તે માટે જ, (સામાન્ય રીતે એક ગામના ૬ વિભાગ કરવાનું વિધાન હોવા છતાં) પ્રાયઃ કોઈક પ્રદેશમાં ૭ વીથી કહી છે. કેમ કે જો આ રીતે ૭ વિભાગ કરવામાં ન આવે તો એક વીથીમાં બે જિનકલ્પીઓનો પરસ્પર સંઘટ્ટ થાય. અને તો પ્રવચનને તે લાભકારી ન જ બને.

આ પછી એમાં ઉમેર્યું છે કે ધીર જિનકલ્પીઓ શ્રુતાતિશયવાળા હોય છે. અને તેના બળે સ્થાન વગેરે ચિહ્નોથી વીથીઓના વિભાગને અવશ્ય જાણી શકે છે.

આમ, **जहंति भयणाओ वीधीसु** એ પાઠાંતર દ્વારા પ્રાપ્ત સમાધાનને અહીં સ્પષ્ટ રીતે નકારાવામાં આવ્યું છે. અને નવી જ રીતે સમાધાન દર્શાવવામાં આવ્યું છે. / **त्रै.**

* * *

## 155. *સિદ્ધાંતકૌમુદી*ના સમાસ-પ્રકરણના અધ્યયન સમયે થયેલી વિચારણા

*પાણિનીય વ્યાકરણ* નું અધ્યયન અત્યારના સમયે મહત્તમ અંશે *સિદ્ધાંતકૌમુદી* તથા તેના ટીકાગ્રંથોના આધારે થતું હોય છે. તે અંગે થોડીક વિચારણાઓ અત્રે રજૂ કરી છે –

૧. પાણિનીય સૂત્ર **तृतीयासप्तम्योर्बहुलम्** (૨.૪.૮૪) માં 'બહુલ'થી કેટલાક સ્થાને સપ્તમીનો **अम्**-ભાવ જ રહેશે. પરંતુ તે સ્થાનોનો ચોક્કસ નિર્દેશ *સિદ્ધાંતકૌમુદી*માં કરાયો નથી. જ્યારે *વામન-જયાદિત્ય* વિરચિત *કાશિકાવૃત્તિ* માં *કાત્યાયન* નું વાર્તિક **सप्तम्या ऋद्धि-नदी-समाससङ्ख्यावयवेभ्यो नित्यमिति वक्तव्यम्** અપાયું છે. જેના દ્વારા **सुमद्रम्** જેવા ઋદ્ધિવાચક સમાસો, **उन्मत्तगङ्गम्** જેવા સંજ્ઞાવાચક નદી સાથેના સમાસો તેમ જ **एकविंशतिभारद्वाजम्** જેવા વંશવાચક સમાસો સિદ્ધ થાય છે. જ્યારે *હૈમવ્યાકરણ* ખૂબ સરળતાથી **ऋद्धनदीवंशस्य** (૩.૨.૫) સૂત્ર દ્વારા આ વિધાનને સ્પષ્ટ કરે છે.

૨. પાણિનીય સૂત્ર **नदीभिश्च** (૨.૧.૧૦) દ્વારા નદીવાચક શબ્દો સાથે સંખ્યાનો અવ્યયીભાવ સમાસ થાય છે. અને તેમાં **सङ्ख्याया नदीगोदावरीभ्यां च** વાર્તિક દ્વારા

पञ्चनदम्, सप्तगोदावरम् આદિ પ્રયોગ સિદ્ધ થાય છે. હવે *હેમચંદ્રાચાર્ય* ભગવંતે *બૃહદ્વૃત્તિ* માં અન્ય મતે गोदावरीणां सप्तत्वं सप्तगोदावरं, समाहारे तु द्विगुरेव इत्याहुः, सप्तानां गोदावरीणां समाहारः सप्तगोदावरि, द्विगोदावरि એમ નોંધ્યું છે. તે મત *કાશિકા* ના ટીકાકાર *કૈયટ* નો જ છે. છતાં *સિદ્ધાંતકૌમુદી* ના અભ્યાસ દ્વારા આ બંને રૂપોની સિદ્ધિ થતી નથી.

૩. પંચમી તત્પુરુષમાં *હૈમવ્યાકરણ* ના સૂત્ર परःशतादि (૩.૧.૭૫) द्वारा परःशताः, परःसहस्राः, परोलक्षाः વગેરેની સિદ્ધિ થાય છે. *સિદ્ધાંતકૌમુદી* માં આ વિષયમાં કોઈ સમાસ દર્શાવાયો નથી. *કાત્યાયન* નું વાર્તિક *કાશિકાવૃત્તિ* માં નોંધાયું છે - शतसहस्रौ परेणेति वक्तव्यम् જેના દ્વારા परश्शताः અને परस्सहस्राः બે જ રૂપ સિદ્ધ થાય છે. परस् ને પદાંત ન કહેવાથી વિસર્ગ થતો નથી. लक्ष પદનો ઉલ્લેખ ન હોવાથી परोलक्षाः પણ સિદ્ધ થતું નથી. જ્યારે *હૈમવ્યાકરણ* માં નિપાતનથી આ રૂપો થાય છે. પરંતુ, પાણિનીય પરંપરામાં परःशताः, परःसहस्राः પ્રયોગ અશુદ્ધ કહેવાય છે. (- *લઘુ-સિદ્ધાંતકૌમુદી* ની *ભૈમી* વ્યાખ્યા – ભાગ - ૪, પૃષ્ઠ - ૮૧)

૪. *હૈમવ્યાકરણ* ના कारकं कृता (૩.૧.૬૮) સૂત્રમાં બહુલના ગ્રહણથી क्तवत्, क्त्वा, तव्य અને अनीय પ્રત્યયોથી તૃતીયાનો નિષેધ કર્યો છે. જ્યારે *પાણિનીય* ગ્રંથોમાં कृत्य થી અહીં ण्यत् અને यत् નું જ ગ્રહણ કરવું એવું *સિદ્ધાંતકૌમુદી* કે તેના ટીકાગ્રંથોમાં નથી નોંધાયું. તે વાત *કાશિકા* દ્વારા જ સમજાય છે.

આવાં બીજાં પણ સ્થાનો છે જ્યાં *સિદ્ધાંતકૌમુદીકાર* કે તેના ટીકાકારો (*બાલમનોરમાકાર, પ્રૌઢમનોરમાકાર, લઘુશબ્દેન્દુશેખરકાર, તત્વબોધિનીકાર*) એ જે સ્પષ્ટતા નથી કરી તે *કાશિકા* કે તેના ટીકાગ્રંથોથી સમજાય છે. માટે *સિદ્ધાંતકૌમુદી* ના અભ્યાસુઓએ *સિદ્ધાંતકૌમુદી* સાથે *કાશિકા* ને પણ મહત્વ આપવું જ રહ્યું. અથવા *હૈમબૃહદ્વૃત્તિ* થી તો સ્પષ્ટતા મળી જ રહે છે. ✍ **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

# 156. *બંધસ્વામિત્વ*ની અજ્ઞાતકર્તૃક *અવચૂરિ*માં કેટલાંક વિચારણીય સ્થાનો

→ ગાથા – ૧૫ માં ઔદારિકમિશ્ર કાયયોગમાં વર્તતા ચોથા ગુણસ્થાનકમાં રહેલા જીવનું બંધસ્વામિત્વ આ પ્રમાણે છે –

प्रागुक्ता चतुर्नवतिरनन्तानुबन्ध्यादिचतुर्विंशतिप्रकृतीर्विना जिननामादि-प्रकृतिपञ्चकयुता च पञ्चसप्ततिस्तामौदारिकमिश्रकाययोगी सम्यक्त्वे बध्नाति ।

અર્થ - પૂર્વોક્ત ૯૪ પ્રકૃતિમાંથી અનંતાનુબંધી ૨૪ પ્રકૃતિ વિના અને જિનનામાદિ ૫ પ્રકૃતિ યુક્ત ઔદારિક મિશ્રકાયયોગી સમ્યક્ત્વમાં (ચોથા ગુણસ્થાનકમાં) બાંધે છે. અને પ્રાચીન તૃતીય કર્મગ્રંથની *શ્રીહરિભદ્રસૂરિજી* ની ટીકામાં પણ આ પ્રમાણેનું કથન જોવા મળે છે -

तिरियाउविहीणं पणवीसमुज्झितु अविरए बंधो ।।२८।।

तथा चतुर्नवतेर्मध्यात्तिर्यगायुर्विहीनां पञ्चविंशतिं 'उज्झित्वा' परित्यज्य शेषायाः सप्ततेः 'तित्थं वेउव्विदुगं सुरदुगसहियं' इति प्राकृतवशात् तीर्थकरनाम वैक्रियद्विकं सुरद्विकसहितमिति पञ्चप्रकृतिसहिताया ७५ औदारिकमिश्रयोगे 'अविरए' इति अविरतसम्यग्दृष्टिगुणस्थानके बन्धः ।

પરંતુ, ઔદારિકમિશ્રકાયયોગ મનુષ્ય અને તિર્યંચોને જ હોય છે. અને તે બંનેનું ૪થા ગુણસ્થાનકમાં બંધસ્વામિત્વ અનુક્રમે ૭૦ અને ૭૧ છે. તેથી ઔદારિકમિશ્રકાયયોગમાં ૪થા ગુણસ્થાનકમાં ૭૪નો બંધ કેવી રીતે ઘટે તે વિચારણીય છે.

સમાધાન તરીકે, *શ્રીયશઃસોમસૂરિજી* કૃત *બાલાવબોધ* માં આ પ્રમાણે કહ્યું છે - अणचउवीसाइ (મૂળ ગાથા) માં આદિ-પદ છે. તેનો અર્થ અનંતાનુંબંધી આદિ ૨૪ એમ ન કરતાં, આદિ-શબ્દથી મનુષ્યદ્વિક, વૈક્રિયદ્વિક અને પ્રથમસંઘયણ એમ બીજી પાંચ પ્રકૃતિઓ લેવી. આ પ્રમાણે અર્થ કરવાથી શંકા રહેશે નહિ. કારણ કે ૯૪ માંથી ૨૯ પ્રકૃતિઓ ઓછી કરી, બાકી રહેલ ૬૫ માં જિનપંચક મેળવવાથી ૭૦ પ્રકૃતિઓ થાય છે. વળી, ગાથામાં ૭૫ પ્રકૃતિ જ લેવી એવો કોઈ ઉલ્લેખ નથી.

ઔદારિકમિશ્રકાયયોગના સ્વામી તિર્યંચ અને મનુષ્ય છે. અને ચોથા ગુણસ્થાનકે તેને ૭૦ અને ૭૧ નો બંધ કહ્યો છે. તો પણ ઔદારિકમિશ્રકાયયોગમાં ચોથે ગુણઠાણે ૭૧

પ્રકૃતિઓનો બંધ માનવાને બદલે ૭૦ પ્રકૃતિઓનો બંધ એટલા માટે માન્યો છે કે આ યોગ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. અને અપર્યાપ્ત અવસ્થામાં તિર્યંચ અને મનુષ્ય દેવાયુનો બંધ કરતા નથી. માટે આયુષ્ય ગણવામાં આવે નહિ, તેથી ૭૦ નો બંધ સંભવે છે. પરંતુ *અવચૂરિ* માં આવો કોઈ પણ ખુલાસો આપવામાં આવ્યો નથી. તથા *ગોમ્મટસાર* માં કર્મકાંડની ૧૧૭ મી ગાથામાં પણ ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં ચોથા ગુણસ્થાનકમાં ૨૯ પ્રકૃતિ ઓછી કરવાનું કહ્યું છે.

पण्णारसमुणतीसं, मिच्छदुगे अविरदे छिदी चउरो ।
उवरिमपणसट्ठी वि, य एक्क सादंसजोगिम्मि ।।

આ ગાથામાં પણ મિથ્યાત્વથી સાસ્વાદને જતાં ૧૫ અને અવિરતે उनतीस = ૨૯ પ્રકૃતિ ઓછી કરવાનું કહ્યું છે.

આથી, આ સમાધાન નવ્યકર્મગ્રંથમાં તો સંગત થઈ જશે. પરંતુ, પ્રાચીનકર્મગ્રંથમાં તો મૂળગાથામાં જ ૨૫ પ્રકૃતિ ઓછી કરવાનું સ્પષ્ટ કહ્યું છે, તેથી ત્યાં મુનિભગવંતોને વિચારવા નમ્ર વિનંતિ છે.

→ બાવીસમી ગાથાની ટીકામાં શુકલલેશ્યામાં ઓઘબંધ તથા બીજા સાસ્વાદન ગુણસ્થાનકમાં રહેલા જીવનું બંધસ્વામિત્વ આ પ્રમાણે છે –

ઓઘબંધ = सासादनादिषु षट्सु गुणस्थानकेषु ओघः विंशत्युत्तरशतमध्याद् उद्योतादिचतुष्कं नरकत्रिकादिद्वादशं च मुक्त्वा शेषः चतुरुत्तरशतमोघतः शुक्ल-लेश्यायां बध्यते ।

બીજા ગુણસ્થાનકમાં બંધ – सासादने तदीयैकोत्तरशतरूपौघबन्धाद् उद्द्योतादिप्रकृतिचतुष्टयापसारेण शेषाः सप्तनवतिर्बध्यते ।

અહિં ઉદ્યોતાદિ-૪ અને નરકત્રિકાદિ-૧૨ પ્રકૃતિ બાદ કરીને ઓઘબંધ ૧૦૪ કહ્યો છે. અને ફરીથી સાસ્વાદન ગુણસ્થાનકમાં ઉદ્યોતાદિ-૪ પ્રકૃતિ બાદ કરીને ૯૭ નો બંધ કહ્યો છે. આથી ત્યાં उद्योतादिप्रकृति ના સ્થાને नपुंसकादिप्रकृति પાઠ વધારે સંગત થશે.

અને પ્રાચીન તૃતીય કર્મગ્રંથની *શ્રીહરિભદ્રસૂરિજી* કૃત ટીકામાં પણ આ જ પ્રમાણે કહ્યું છે –

पुनरेतदेवैकाग्रशतं 'संढाइचउक्कोणं' इति नपुंसकादिचतुष्केण पूर्वोक्तेनोनं हीनं नपुंसकादि-चतुष्कोणं सत् सप्तनवतिर्भवति तां शुक्ललेश्याकाः सासादना बध्नन्ति ।

→ ત્રેવીસમી ગાથામાં સાસ્વાદન ગુણસ્થાનકમાં રહેલા અસંજ્ઞી જીવોનું બંધસ્વામિત્વ આ પ્રમાણે છે -

सासाणि असन्नि सन्नि व्व, कम्मभंगो अणाहारे ।।२३।।

ટીકા - सासादने पुनरसंज्ञी संज्ञीवत् एकोत्तरशतबन्धक इत्यर्थः ।

તથા પ્રાચીન તૃતીય કર્મગ્રંથની ત્રેવીસમી ગાથા અને *શ્રીહરિભદ્રસૂરિજી* કૃત ટીકામાં પણ આમ જ કહ્યું છે -

साणे वि असण्णिस्सा, भंगा सण्णुब्भवा मुणेयव्वा ।

ટીકા - सासादनेऽप्यसंज्ञिनो भङ्गः संज्ञ्युद्भवो मुणितव्यः । तद्यथा – सा०१०१ ।

અસંજ્ઞી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના અસંજ્ઞી જીવોને વિશે કોઈક સમ્યક્ત્વ વમતાં અવતરે તેથી કરણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન ગુણસ્થાનક હોય, તેથી અસંજ્ઞીને સાસ્વાદન ગુણસ્થાનકમાં સંજ્ઞીની જેમ ૧૦૧ પ્રકૃતિનો બંધ હોય એમ કહ્યું છે.

અહીં એક વસ્તુ વિચારવા જેવી જણાય છે કે અસંજ્ઞીને અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણ તથા ઔદારિક-મિશ્રયોગ હોય છે, અને તે યોગમાં સાસ્વાદન ગુણસ્થાનકે ૯૪ કે ૯૬ નો બંધ કહ્યો છે. તેથી તેને સુરત્રિક અને વૈક્રિયદ્વિક આ પાંચ પ્રકૃતિઓનો બંધ ઘટી શકતો નથી. કારણ કે અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન ગુણસ્થાનકે દેવપ્રાયોગ્ય પ્રકૃતિનો બંધ કોઈ જીવ કરતો નથી. આથી ગાથામાં અસંજ્ઞીનો બંધ સંજ્ઞીની જેમ શા માટે કહ્યો તે વિચારણીય છે.

સમાધાન માટે *ગોમ્મટસાર*નું અવલોકન કરતાં કર્મકાંડની ગાથા – ૧૨૧ ની ટીકામાં અલગ જ વાત જાણવા મળી -

सुक्के सदरचउक्कं, वामंति बारसं च ण च अत्थि ।

कम्मेव अणाहारे, बंधस्संतो अणंतो य ।।

ટીકા - असंज्ञीमार्गणायां बन्धयोग्यम् ११७ । गुणस्थानकद्वयम् । तत्र सासादने मिश्रकाययोगीत्वात् मिथ्यादृष्टावेव आयुश्चतुष्कस्य व्युच्छित्तिः ।

असंज्ञिनः ११७। मिथ्या १९ व्युच्छित्ति ११७ बंध ० अबंध। सास्वा २९ व्युच्छित्ति ९८ बंध १९ अबंध।

આમ તે અસંજ્ઞી માર્ગણામાં ઓઘબંધ ૧૧૭ અને સાસ્વાદન ગુણસ્થાનકમાં ૯૮ નો બંધ કહે છે. તેઓ દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો છેદ કરતા નથી. પરંતુ, આ વાત પણ સંગત થતી નથી. કારણ કે તેઓ પણ સાસ્વાદનમાં રહેલ અસંજ્ઞીને મિશ્રકાયયોગી કહે છે. અને તે પણ ઔદારિકમિશ્ર જ હોય, કારણ કે વૈક્રિયમિશ્ર કે આહારકમિશ્ર કાયયોગમાં સાસ્વાદન ગુણસ્થાનક અસંજ્ઞી જીવોને સંભવ નથી. અને તેઓ જ પૂર્વે ઔદારિક-મિશ્રકાયયોગમાં સાસ્વાદન ગુણસ્થાનકમાં દેવદ્વિક અને વૈક્રિયદ્વિક બાદ કરીને ૯૪ નો બંધ કહે છે. सासादने (बंध) ९४। (अबंध) २०।

આમ, બંને સ્થાનો પરસ્પર સંગત થતાં જણાતાં નથી, તેથી આ દરેક બાબતમાં બહુશ્રુત મુનિભગવંતોએ વિચારવા નમ્ર વિનંતિ છે. ⁄ **મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## 157. *શ્રીદેવેન્દ્રસૂરિજી* વિરચિત *શતક* કર્મગ્રંથમાં કેટલાંક વિચારણીય સ્થાનો

→ ગાથા – ૩ માં આહારક શરીર અને જિન નામકર્મના અધ્રુવબંધીપણાનું કારણ આ પ્રમાણે કહેવાયું છે –

आहारकद्विक-जिननाम्नि अपि यथाक्रमं संयम-सम्यक्त्वप्रत्ययेनैव बध्येते नान्यथेत्यध्रुवबन्धित्वम्।

અર્થ - આહારકદ્વિક અને જિનનામકર્મ અનુક્રમે સંયમ અને સમ્યક્ત્વપ્રત્યય જ બંધાય છે, અન્યથા નહિ. આથી અધ્રુવબંધી છે.

પરંતુ આ કારણ વિચારણીય જણાય છે. કારણ કે, અધ્રુવબંધીની વ્યાખ્યા જ એ પ્રમાણે છે કે બંધહેતુના ગુણઠાણા પ્રાપ્ત થયે છતે પણ કોઈક જીવો બાંધે અને કોઈક ન બાંધે તે અધ્રુવબંધ. અને આહારકદ્વિક તેમ જ જિન નામકર્મના બંધહેતુ જ સંયમ અને સમ્યક્ત્વ છે. આથી, સંયમ અને સમ્યક્ત્વ હોતે છતે પણ કેટલાક બાંધે, કેટલાક ન બાંધે એવું કારણ

આપવું જોઈએ. આથી તેઓ જ આગળ આહારકદ્વિક અને જિન નામકર્મની અધ્રુવસતાનું જે કારણ આપે છે એ જ કારણ અહીં પણ વધારે સંગત થતું હોય એમ લાગે છે.

सम्यक्त्वहैतौ सत्यपि जिननाम कस्यचिद् भवति कस्यचिद् नेति । तथा संयमे सत्यपि आहारकसप्तकं कस्यचिद् बन्धसद्भावे सत्तायां स्यात्, तदभावे कस्यचिद् नेति ।

→ ગાથા – ૫૪ માં યોગસ્થાનોનું અલ્પબહુત્વ બતાવતા ૨૮-૨૯ મા અનુક્રમે આવેલ અલ્પબહુત્વ આ પ્રમાણે છે –

૨૮ ततः पर्याप्तसंज्ञिपञ्चेन्द्रियस्योत्कृष्टो योगोऽसंख्येयगुणः । २९ ततः पर्याप्तसंज्ञ्युत्कृष्टयोगाद् अनुत्तरोपपातिनामुत्कृष्टो योगोऽसङ्ख्येयगुणः ।

અર્થ - પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગણો હોય છે. અને પર્યાપ્ત સંજ્ઞીના ઉત્કૃષ્ટ યોગથી અનુત્તર દેવોનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગણો હોય છે.

અહિં પર્યાપ્ત સંજ્ઞીના ઉત્કૃષ્ટ યોગથી અનુત્તર દેવોનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગણો કહ્યો છે તે સંગત થતું નથી. કારણ કે પર્યાપ્ત સંજ્ઞીનો ઉત્કૃષ્ટ યોગ કહેવાતા ૧૪ જીવસ્થાનકોનું કથન પૂર્ણ થઈ જાય છે. કોઈ પણ જીવ બાકી રહેતા નથી. આનાથી આગળના અનુત્તરાદિ ભેદો પર્યાપ્ત સંજ્ઞીના જ ઉત્તરભેદો છે. આથી પર્યાપ્ત અસંજ્ઞીના ઉત્કૃષ્ટ યોગથી અનુત્તર દેવોનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગણો છે એમ હોવું જોઈએ અને *કર્મપ્રકૃતિ* માં પણ આ જ પ્રમાણે કહ્યું છે.

આથી ત્યાં पर्याप्तसंज्ञ्युत्कृष्ट ના સ્થાને पर्याप्तासंज्ञ्युत्कृष्ट આવો પાઠ કરી શકાય.

**/મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

[કર્મગ્રંથ – ૩ અને ૫ સાથે સંબંધિત આ પ્રશ્નો લગભગ જાણીતા છે. તેમ છતાં ગોમ્મટસારાદિ ગ્રંથોના સંદર્ભો અપાયા હોવાથી અત્રે પ્રકાશિત કર્યા છે. – **त्रै.**]

## *इदमत्र चिन्त्यम्...*

# 158. ચિત્ર અને સંભૂતિ

*ઉપદેશપ્રાસાદ* સ્તંભ – ૨૪, વ્યાખ્યાન – ૩૪૭ માં સુલભબોધિપણાના સ્વરૂપને સમજાવવા છ મુનિની કથા આપી છે. એનો પ્રારંભ આ પ્રમાણે છે –

क्षितिप्रतिष्ठिते नगरे चित्रसंभूतौ पूर्वभवे उभौ गोणौ सुहृदावभूताम् । तौ वल्लभौ साधुसंयोगात् संयममाराध्य सुरावभवताम् । ततश्च्युतौ पृथ्वीपुरे सोदराविभ्यात्मजौ जातौ । तयोरन्ये चत्वारो महर्द्धिका इभ्यपुत्राः सुहृदो जज्ञिरे... ।।

આનો અર્થ પ્રાયઃ ગુજરાતી-હિન્દી દરેક ભાષાંતરના પુસ્તકમાં આ પ્રમાણે છે કે - ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ચિત્ર અને સંભૂતિના જીવ પૂર્વભવે બે ગોવાળમિત્રો હતા. તે બન્ને સાધુના સમાગમથી સંયમ આરાધી દેવ થયા ને ત્યાંથી ચ્યવીને પૃથ્વીપુરમાં બન્ને ભાઈ રૂપે શ્રેષ્ઠિપુત્રો થયા. ત્યાં તે બન્નેને બીજા ચાર મહાઋદ્ધિવાળા એવા શ્રેષ્ઠીપુત્રો મિત્ર થયા...

આગળનો સંબંધ સંક્ષેપમાં આ પ્રમાણે છે કે તે છએ મિત્રો ભોગો ભોગવી સંયમ પાળી દેવ થઈને પછીના ભવમાં રાજા, રાણી, પુરોહિત, તેની પત્ની અને તેના બે પુત્રો (જે ચિત્ર-સંભૂતિના જીવ રૂપે છે તે બે ગોપાળમિત્રો) રૂપે ઉત્પન્ન થઈ અનુક્રમે છએ સાથે સંયમ સ્વીકારી મુક્તિને પામ્યા.

અહીં *ઉપદેશપ્રાસાદ* ની ટીકા અને તેનું ભાષાંતર બન્ને જોતાં એમ જ લાગે કે આ કથા ચિત્ર અને સંભૂતિ મુનિની છે. તથા *ઉત્તરાધ્યયનસૂત્ર* આદિમાં સ્પષ્ટ છે કે ચિત્ર અને સંભૂતિના જીવો પૂર્વભવમાં સંયમ આરાધી તેની જુગુપ્સા કરવાથી અનેક ભવ ભમી ચિત્ર-સંભૂતિના ભવમાં ચંડાલપણે ઉત્પન્ન થયા. તે ભવમાં સંભૂતિના જીવે મુનિ બની નિયાણું કરીને અનુક્રમે બ્રહ્મદત્ત ચક્રવર્તીપણે ઉત્પન્ન થઈ અંતે નરકે જવાનું થયું અને ચિત્ર મુનિ નિરતિચાર ચારિત્ર પાળી દેવ થઈને શ્રેષ્ઠીપુત્રપણે ઉત્પન્ન થયા. ત્યાં દીક્ષા લઈને મુક્તિને પામ્યા.

આ રીતે *ઉપદેશપ્રાસાદ* અને *ઉત્તરાધ્યયનસૂત્ર* માં જણાવેલ ચિત્ર અને સંભૂતિ મુનિની કથામાં સ્પષ્ટ વિરોધ દેખાય છે. આના સમાધાન માટે એવું લાગે છે કે *ઉપદેશપ્રાસાદ* ની ટીકાની પ્રથમ પંક્તિમાં માત્ર चित्रसंभूतौ ને બદલે चित्रसंभूतिमित्रौ લખવાથી વિરોધ ટળી જશે. કારણ કે અન્ય ટીકાઓમાં આ પ્રમાણેનો ઉલ્લેખ પણ ઉપલબ્ધ છે. તેથી હવે પછી *ઉપદેશપ્રાસાદ* કે તેના ભાષાંતરને પ્રગટ કરનાર આ અનિવાર્યશુદ્ધિને સ્થાન આપે. – **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

# 159. *ધર્મપરીક્ષા* ની એક ગાથાનો અનુવાદ

*મહોપાધ્યાય શ્રીયશોવિજયજી* રચિત *ધર્મપરીક્ષા* ની સાતમી ગાથાની સ્વોપજ્ઞ વૃત્તિના પ્રારંભે *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત *ઉપદેશપદ* ની એક ગાથા ઉદ્ધૃત થઈ છે –

गंठीइ आरओ वि हु असईबंधो ण अन्नहा होइ ।
ता एसो वि हु एवं णेओ असुहाणुबंधो त्ति ।। (૩૮૬)

આ ઉદ્ધૃત ગાથાના અર્થઘટન સંબંધે વિચાર કરતાં *ધર્મપરીક્ષા* ના ઉપલબ્ધ ત્રણ વિવરણો જોવાનાં થયાં. તેમાં થયેલું વિવરણ –

*દિવ્યદર્શન ટ્રસ્ટ* – ગ્રંથિભેદ પૂર્વે પણ અશુભકર્મોનો અનંતવાર બંધ કરવા રૂપ અસકૃદ્બંધ અશુભાનુબંધ વિના થતો નથી. તેથી એ અસકૃદ્બંધ પણ કાર્ય-કારણના કથંચિદ્અભેદના કારણે અશુભાનુબંધ જ છે.

*કમલ પ્રકાશન ટ્રસ્ટ* – ગ્રંથિની પૂર્વે પણ અનેકવાર કર્મબંધ અશુભાનુબંધ વિના થતો નથી. તેથી આ બંધ પણ (અશુભાનુબંધરૂપ કારણથી જન્ય હોવાને લીધે કાર્યમાં કારણનો ઉપચાર કરવા દ્વારા) અશુભાનુબંધ જાણવો.

*ગીતાર્થગંગા* - ગ્રંથિના ભેદ પૂર્વે પણ અસકૃદ્બંધ – જ્ઞાનાવરણીયાદિ કર્મોનો અનંતવાર બંધ અન્યથા થતો નથી – અશુભ અનુબંધ વગર થતો નથી. તેથી આ પણ – સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી પાત થવાને કારણે જે જ્ઞાનાવરણીયાદિનો અસકૃદ્ – અનંતવાર બંધ થાય છે એ પણ, આ રીતે અશુભ અનુબંધથી જાણવો.

આ ત્રણે વિવરણોમાં ગાથાના પૂર્વાર્ધનો અર્થ તો સરખો જ છે કે - ગ્રંથિભેદ પૂર્વે પણ થતો અશુભકર્મોનો અનંતવાર બંધ કરવા રૂપ અસકૃદ્બંધ અશુભાનુબંધથી જ થતો હોય છે. પ્રશ્ન આ ગાથાના ઉત્તરાર્ધના અર્થઘટન પરત્વે છે જેમાં પહેલાં બે વિવરણો અને ત્રીજું વિવરણ પરસ્પર જુદાં પડે છે.

*દિવ્યદર્શન* અને *કમલ પ્રકાશન* – બન્નેનાં વિવરણો **एसो** થી ગ્રંથિભેદ પૂર્વે થનારા અસકૃદ્બંધનું ગ્રહણ કરે છે અને આ અસકૃદ્બંધ અશુભાનુબંધ વિના થતો ન હોવાને લીધે, કાર્ય-કારણના કથંચિદ્ અભેદના કારણે અથવા કાર્યમાં કારણનો ઉપચાર કરવા દ્વારા,

અસકૃદ્બંધ અશુભાનુબંધ જ ગણાય એમ સમજાવે છે. જ્યારે *ગીતાર્થગંગા* ના વિવરણમાં एसो થી ગ્રંથિભેદ પૂર્વે થનારા અસકૃદ્બંધને સ્થાને સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી પાત થયા પછી થનારા અસકૃદ્બંધનું ગ્રહણ થયું છે. અને આ અસકૃદ્બંધ પણ ગ્રંથિભેદ પૂર્વે થનારા અસકૃદ્બંધની જેમ જ અશુભાનુબંધ વગર નથી થતો એમ સમજાવવામાં આવ્યું છે.

વિચાર કરતાં *ગીતાર્થગંગા* નું વિવરણ વધુ ઉચિત જણાય છે. કારણ કે *ધર્મપરીક્ષા* માં આ ગાથા ग्रन्थिभेदात् प्रागप्यनन्तसंसारार्जनेऽशुभानुबन्धस्यैव हेतुत्वात् प्राप्त-सम्यग्दर्शनानामपि प्रतिपातेन तत (-अशुभानुबन्धात्) एवाऽनन्तसंसारसंभवात् । तदुक्तं उपदेशपदे... એમ કહીને રજૂ થઈ છે. એટલે ગ્રંથકાર ગ્રંથિભેદ પૂર્વે થનારા અસકૃદ્બંધની જેમ, સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વથી પાત થયા પછી થતા અસકૃદ્બંધમાં પણ અશુભાનુબંધ જ કારણભૂત છે એવી પ્રરૂપણાના સાક્ષીપાઠ તરીકે આ ગાથાને ઉદ્ધૃત કરી રહ્યા છે એમ સમજાય છે. તેથી ગ્રંથકારનું તાત્પર્ય અસકૃદ્બંધ અને અશુભાનુબંધમાં કથંચિદ્ અભેદ પ્રમાણિત કરવાનું નહીં, પણ અસકૃદ્બંધ ગ્રંથિભેદ પૂર્વે થાય કે પછી થાય – બન્નેમાં અશુભાનુબંધ જ કારણભૂત છે એમ સમજાવવાનું છે. અને *ગીતાર્થગંગા* નું વિવરણ એ તાત્પર્યને અનુકૂળ જણાય છે. / **त्रै.**

* * *

## 160. *ઓઘનિર્યુક્તિ-વિવેચન* ની કેટલીક વિચારણીય વાતો – ૧

(સં. ૨૦૬૩ માં *કમલ પ્રકાશન ટ્રસ્ટ – અમદાવાદ* તરફથી *ઓઘનિર્યુક્તિ* ની *શ્રીદ્રોણાચાર્ય* રચિત વૃત્તિ વિવેચન સાથે બે ભાગમાં પ્રકાશિત થઈ છે, જે વિદ્યાર્થીઓ માટે ઘણી ઉપયોગી બની છે. હમણાં આ ગ્રંથની વાચના દરમ્યાન અમુક સ્થળે આ વિવેચનમાંથી પણ પસાર થવાનું થયું. તે વખતે આ વિવેચનની અમુક વાતો પુનર્વિચારણીય જણાવાથી અત્રે રજૂ કરી છે. વિસ્તારભયે ૨-૩ ભાગમાં રજૂ કરવાનું ઉચિત ધાર્યું છે. આ લખાણ તૈયાર કરવામાં સહવર્તી મુનિઓનો પણ સાથ-સહકાર રહ્યો છે.)

<u>પૃ. ૨</u> सिद्धाणं પદની વૃત્તિકારશ્રી આવી વ્યાખ્યા કરે છે - सिद्धेभ्यः सितघन-कर्मबन्धनेभ्यः. તેનો વિવેચનમાં આવો અર્થ થયો છે - "કર્મોના ગાઢ બંધનોને બાળી ચૂકેલા સિદ્ધ ભગવંતોને". પરંતુ તે વ્યાખ્યાનો આવો અર્થ કરવો વધુ યોગ્ય જણાય છે – "કર્મોના

ગાઢ બંધનોને જેમણે છેદી નાખ્યાં છે તેવા સિદ્ધ ભગવંતોને". કેમ કે सो ધાતુનો નાશ કરવો, છેદવું વગેરે અર્થો થાય છે, પરંતુ બાળવું અર્થ પ્રાયઃ નથી થતો. તે सो ધાતુનું જ આ કર્મણિ ભૂતકૃદંતનું सित રૂપ છે. વળી, 'બાળવું' એવો અર્થ પ્રસંગોચિત પણ નથી. કેમ કે બંધનોને તો છેદવાનાં હોય, બાળવાનાં થોડાં હોય! આથી, અહીં 'સિત' નો અર્થ 'છેદાયેલાં' એવો કરવો વધુ યુક્તિયુક્ત જણાય છે.

પૃ. ૧૨૬ અહીં एको भणति - जो (जइ) समत्थो... આ પંક્તિનું વિવેચન આમ થયું છે - "તો જે સમર્થ સાધુ હોય તેને ગચ્છ કહે..." આ અર્થ પ્રમાણે તો जो પાઠ બરાબર જ છે, તો जइ એવો સુધારો શા માટે સૂચવ્યો હશે?

પૃ. ૧૬૪ નિર્યુક્તિ - ગાથા ૯ માં આવેલા बहि અને अन्नभावेणं આ બે પદનો વૃત્તિકારશ્રી આવો અર્થ કરે છે - बहि त्ति बाह्यतः प्रतिश्रयस्य श्रुतमन्यस्मै कथ्यमानं केनचित् । अन्नभावेणं ति योऽसौ गन्ता सोऽन्यभावः – उन्निष्क्रमितुकामः, एतच्चाऽऽचार्याय तत्सङ्घाटकेनाऽऽख्यातं, ततश्चाऽसौ ध्रियते केनचिद् व्याजेन । આ વ્યાખ્યાનો વિવેચનકાર આવો અર્થ કરે છે – "ઉપાશ્રયની બહાર કોઈક વ્યક્તિ બીજાને કહી રહી હતી કે, આ જે સાધુ આવતી કાલે આચાર્યના કામ માટે જવાનો છે, તે તો દીક્ષા છોડી દેવાની ઈચ્છાવાળો છે. આ વાત તે જનાર સાધુના સંઘાટકે સાંભળી એટલે એણે આચાર્યને એ વાત જણાવી. એટલે આચાર્ય કોઈ પણ બહાનું કાઢી એને જતો અટકાવે." વૃત્તિકારશ્રીએ बहि અને अन्नभावेणं એ બંને પદની અલગ વ્યાખ્યા કરી છે અને અલગ દોષ તરીકે જણાવ્યા છે. જ્યારે અનુવાદકાર બંને પદનો એક જ અર્થ કરી દે છે, જે યોગ્ય જણાતો નથી.

ખરેખર बहि અને अन्नभावेणं બંને અલગ જ કારણો છે. बहि પદનો પૂરેપૂરો અર્થ જાણવા માટે તેની જ પૂર્વેના अंतो પદની વ્યાખ્યા જોવી જોઈએ - अंतो त्ति अभ्यन्तरतः, कस्य? प्रतिश्रयस्य, केनचिदुल्लपितं यथा – अस्माकमप्येवंविधाः साधव आसन्, ते च ततो गता मृता वा ।। અર્થાત્ ઉપાશ્રયની અંદર જ કોઈક બોલ્યું કે જે સાધુઓના કાર્ય માટે આચાર્ય આ સાધુને મોકલે છે. તે સાધુઓનું જે સ્વરૂપ આચાર્યે બતાવ્યું છે. અમારા સાધુઓ પણ તેવા જ પ્રકારના હતા. પણ તેઓ તો એ સ્થાનેથી નીકળી ગયા છે, અથવા કાળ કરી ગયા છે. આ સાંભળીને આચાર્ય તે સાધુને જતો અટકાવે. અહીં बहि પદની વ્યાખ્યામાં પણ આ જ સંબંધ જોડવાનો છે - केनचिदुल्लपितं यथा – अस्माकमप्येवंविधाः साधव आसन्, ते च ततो गता मृता वा ।। આથી बहि પદનો અર્થ આવો થશે - "ઉપાશ્રયની બહાર

કોઈક બીજા કોઈકને કહી રહ્યું હતું કે અમુક સાધુઓ ત્યાંથી નીકળી ગયા છે અથવા કાળ કરી ગયા છે. આ સાંભળી આચાર્ય તે સાધુને જતો અટકાવે". તથા **अन्नभावेण** પદનો અર્થ આવો થશે કે "તે જનાર સાધુના સંઘાટકે આચાર્યને કહ્યું કે આપ જે સાધુને મોકલી રહ્યા છો, તે તો દીક્ષા છોડી દેવાની ઈચ્છાવાળો છે. આથી આચાર્ય કોઈ પણ બહાનું કાઢીને તે સાધુને જતો અટકાવે". આમ, **बहि** અને **अन्नभावेणं** બંનેના અલગ જ અર્થો થાય છે અને બંને અલગ જ કારણો છે.

પૃ. ૨૧૮-૯ 'સાધુએ કેવી ભૂમિ પર વિહાર કરવો?' તે વિષયમાં વિવેચનમાં ભાંગા દર્શાવ્યા છે તે આ પ્રમાણે છે -

(1) નિષ્પ્રત્યપાય + શુષ્ક + ધૂલિરહિત + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(2) નિષ્પ્રત્યપાય + શુષ્ક + ધૂલિરહિત + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(3) નિષ્પ્રત્યપાય + શુષ્ક + ધૂલિસહિત + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(4) નિષ્પ્રત્યપાય + શુષ્ક + ધૂલિસહિત + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(5) નિષ્પ્રત્યપાય + આર્દ્ર + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(6) નિષ્પ્રત્યપાય + આર્દ્ર + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(7) નિષ્પ્રત્યપાય + મિશ્ર + શુષ્ક + ધૂલિરહિત + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(8) નિષ્પ્રત્યપાય + મિશ્ર + શુષ્ક + ધૂલિરહિત + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(9) નિષ્પ્રત્યપાય + મિશ્ર + શુષ્ક + ધૂલિરહિત + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(10) નિષ્પ્રત્યપાય + મિશ્ર + શુષ્ક + ધૂલિરહિત + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(11) નિષ્પ્રત્યપાય + મિશ્ર + આર્દ્ર + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(12) નિષ્પ્રત્યપાય + મિશ્ર + આર્દ્ર + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(13) નિષ્પ્રત્યપાય + સચિત્ત + શુષ્ક + ધૂલિરહિત + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(14) નિષ્પ્રત્યપાય + સચિત્ત + શુષ્ક + ધૂલિરહિત + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ
(15) નિષ્પ્રત્યપાય + સચિત્ત + શુષ્ક + ધૂલિરહિત + આક્રાન્ત પૃથ્વીમાર્ગ
(16) નિષ્પ્રત્યપાય + સચિત્ત + શુષ્ક + ધૂલિરહિત + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ

(17) નિષ્પ્રત્યપાય + સચિત્ત + આર્દ્ર + આક્રાન્ત પૃથ્વીમાર્ગ

(18) નિષ્પ્રત્યપાય + સચિત્ત + આર્દ્ર + અનાક્રાન્ત પૃથ્વીમાર્ગ

આ રીતે નિષ્પ્રત્યપાયને લઈને કુલ ૧૮ ભાંગા મળે. આમાં ક્રમશઃ પૂર્વ-પૂર્વ ભાંગાના અભાવમાં પછી પછીના ભાંગા વડે જવાય."

અહીં પ્રથમ છ ભાંગા અચિત્ત પૃથ્વીમાર્ગના છે. (સ્પષ્ટ લખ્યું નથી, પણ સમજી શકાય તેમ છે. કારણ કે પછીના છ-છ ભાંગામાં મિશ્ર અને સચિત્તનો ઉલ્લેખ કર્યો છે તેથી આ અચિત્તના જ હોવાના ને?) પછીના છ ભાંગા મિશ્ર પૃથ્વીમાર્ગના છે અને છેલ્લા છ ભાંગા સચિત્ત પૃથ્વીમાર્ગના છે. આક્રાન્ત માર્ગ અચિત્ત હોય છે. (अक्कंतेण गम्मइ, प्रासुकत्वात् – निर्युक्ति – ગાથા – ૧૫ ની વૃત્તિ) આના પરથી સમજાય છે કે અનાક્રાન્ત માર્ગ એટલે કે સચિત્ત માર્ગ તથા આક્રાન્ત અને અનાક્રાન્ત એમ ઉભયની મિશ્રતાવાળો માર્ગ તે મિશ્ર માર્ગ કહેવાય છે. જ્યારે અચિત્ત પૃથ્વીમાર્ગના ભાંગા દર્શાવવામાં આવે ત્યારે સ્વાભાવિક છે કે તે આક્રાન્ત જ હોય. અનાક્રાન્ત ભેદ તો તેમાં ઘટે જ નહિ. કેમ કે અનાક્રાન્ત એટલે તો સચિત્ત પૃથ્વીમાર્ગ. તે જ રીતે જ્યારે સચિત્ત પૃથ્વીમાર્ગના ભાંગા દર્શાવવામાં આવે ત્યારે અનાક્રાન્ત એવો એક જ ભેદ ઘટે, આક્રાન્ત ઘટે જ નહિ. કેમ કે તે તો અચિત્ત હોય. વળી, જયારે મિશ્ર પૃથ્વીમાર્ગના ભાંગા દર્શાવવામાં આવે ત્યારે તે એકલો આક્રાન્ત કે એકલો અનાક્રાન્ત ન હોય, પરંતુ ઉભયની મિશ્રતાવાળો જ હોય. જો એકલો આક્રાન્ત ભેદ દર્શાવવામાં આવે તો તે મિશ્ર ન રહે, પણ અચિત્ત થઈ જાય અને જો એકલો અનાક્રાન્ત ભેદ દર્શાવવામાં આવે, તો તે સચિત્ત થઈ જાય. તેથી ઉપર નિર્દિષ્ટ ૧૮ ભાંગામાં કુલ ૬ ભાંગા મળવા જ શક્ય છે. બાકીના ૧૨ ભાંગા કોઈ રીતે મળતા નથી. તેથી જો ભાંગાની વિચારણા કરવી હોય તો આ રીતે કરવી યોગ્ય જણાય છે –

(1) નિષ્પ્રત્યપાય + અચિત્ત (આક્રાન્ત) + શુષ્ક + ધૂલિરહિત

(2) નિષ્પ્રત્યપાય + અચિત્ત (આક્રાન્ત) + શુષ્ક + ધૂલિસહિત

(3) નિષ્પ્રત્યપાય + અચિત્ત (આક્રાન્ત) + આર્દ્ર

(4) નિષ્પ્રત્યપાય + મિશ્ર (આક્રાન્ત-અનાક્રાન્ત) + શુષ્ક + ધૂલિરહિત

(5) નિષ્પ્રત્યપાય + મિશ્ર (આક્રાન્ત-અનાક્રાન્ત) + શુષ્ક + ધૂલિસહિત

(6) નિષ્પ્રત્યપાય + મિશ્ર (આક્રાન્ત-અનાક્રાન્ત) + આર્દ્ર

(7) નિષ્પ્રત્યપાય + સચિત્ત (અનાક્રાન્ત) + શુષ્ક + ધૂલિરહિત

(8) નિષ્પ્રત્યપાય + સચિત્ત (અનાક્રાન્ત) + શુષ્ક + ધૂલિસહિત

(9) નિષ્પ્રત્યપાય + સચિત્ત (અનાક્રાન્ત) + આર્દ્ર

આમાં ક્રમશઃ પૂર્વ-પૂર્વ ભાંગાના અભાવમાં પછી પછીના ભાંગા વડે જવાય.

પૃ. ૨૨૮ शुष्कवृक्षारोहणं कर्तव्यम् । अथासौ सापायो नास्ति तत... આવો ટીકાપાઠ લેવાયો છે. હવે આનો વિવેચનમાં અર્થ જુઓ – તો પછી શુષ્ક વૃક્ષ ઉપર ચડી જવું. પણ જો એ શુષ્ક વૃક્ષ અપાયવાળું હોય... અથવા હોય જ નહીં તો પછી... અહીં અથવા કહીને सापायो અને नास्ति વચ્ચે વિકલ્પ સૂચવાયો છે, પણ ટીકામાં આ માટે वा કે એવો કોઈ નિર્દેશ છે જ નહીં. તો આ વિકલ્પ લાવવો ક્યાંથી? અહીં આવો પાઠ કલ્પી શકાય – अथासौ सापायो, [निरपायो] नास्ति तत... અર્થ – હવે જો એ વૃક્ષ સાપાય છે, નિરપાય નથી તો...

પૃ. ૩૦૮ यस्तु (यस्य) पुनः क्लिष्टभावः... આમાં 'ક્લિષ્ટ ભાવ છે જેનો' એમ બહુવ્રીહિ સમાસ કરીને અર્થ કરી જ શકાય છે, એટલે क्लिष्टभावः માં કર્મધારય માનીને यस्य એવો સુધારો કરવાની કોઈ જરૂર નથી. મૂળ ગાથામાં પણ ટીકાને અનુસરીને જોઈએ તો किलिट्ठभावो त्ति वा यस्स એવો પાઠ નથી પણ किलिट्ठभावोऽतिपातस्स એવો પાઠ છે.

પૃ. ૩૭૭ અત્રે चाउस्सालं નો અર્થ 'ચાર માળનું ઘર' એવો કર્યો છે. વાસ્તવમાં આ શબ્દનો અર્થ 'વચ્ચે ખુલ્લો ચોક અને તેની ફરતે ૪ શાળાવાળું મકાન' એવો થાય છે. માળ સાથે આ શબ્દને કોઈ સંબંધ નથી. જુઓ *પાઈઅસદ્દ૦* – પૃ. ૪૮૬.

પૃ. ૩૮૪ વિવેચન - "માત્ર સંવિગ્નવિહારી એક જ વિશેષણ અહીં ઘટી જાય છે." આગળ સમાધાનમાં 'યતના કરવામાં ઉદ્યુક્ત' એ એક જ વિશેષણ અંગે વાત કરી છે. તેથી અત્રે આમ વાંચવું જોઈએ - "માત્ર યતના કરવામાં ઉદ્યુક્ત એ એક જ વિશેષણ અહીં ઘટી જાય છે."

પૃ. ૩૯૫ पारिहट्टीक्षीरं નો અર્થ 'કઢાયેલું દૂધ' કર્યો છે. વાસ્તવમાં पारिहट्टी શબ્દ 'પારેટ ભેંશ, વીઆયા પછી જેને ઘણો સમય પસાર થયો હોય તેવું પ્રાણી' એ અર્થમાં વપરાય

છે. આવી ભેંશના દૂધમાં ઘણું સત્ત્વ હોય તે સંભવિત છે. જુઓ દેશીશબ્દસંગ્રહ – પૃ. ૫૩૪, પાઈઅસદ્૦ – પૃ. ૮૮૮.

પૃ. ૩૯૫ અહીં એમ જણાવાયું છે કે "વળી તે જ દિવસે લીધેલો પાઠ ભૂલાય પણ ખરો." પરંતુ અત્રે જે સાધુની વાત થઈ રહી છે એ સાધુ તે દિવસે સવારે પાઠ લીધા વગર જ નીકળ્યો છે. જુઓ નિર્યુક્તિ - ગાથા – ૧૧-૧૩. તો આ વાત કેવી રીતે સંગત થાય?

પૃ. ૪૪૨ અહીં એમ જણાવાયું છે કે "જે જ્ઞાતગુણો છે તે બે પ્રકારના છે. ૧. જેમના સારા ગુણો સંભળાયેલા છે તે. ૨. જેમના ખરાબ ગુણો સંભળાયેલા હોય તે." પણ પ્રકરણ મુજબ તો અત્રે બંને જગ્યાએ 'સંભળાયેલા' ની જગ્યાએ 'જણાયેલા' શબ્દ હોવો જોઈએ.

પૃ. ૪૪૪ નિર્યુક્તિ – ગાથા – ૯૮ માં जइ सुद्धा संवासो होइ असुद्धाण दुविह पडिलेहा આવો પાઠ લીધો છે અને તેનો આવો અર્થ દર્શાવ્યો છે - "જો શુદ્ધ હોય, તો સંવાસ થાય. અશુદ્ધોની બે પ્રકારે પ્રતિલેખના કરવી." આ પરત્વે વિચારણા કરીએ તે પૂર્વે આની પૂર્વ ગાથાઓમાં કહેલા સાધુઓના ૮ પ્રકાર જોઈ લઈએ – ૧. પ્રશસ્ત જ્ઞાતગુણ ૨. અપ્રશસ્ત જ્ઞાતગુણ ૩. પ્રશસ્ત અજ્ઞાતગુણ ૪. અપ્રશસ્ત અજ્ઞાતગુણ ૫. પ્રશસ્ત શ્રુતગુણ ૬. અપ્રશસ્ત શ્રુતગુણ ૭. પ્રશસ્ત અશ્રુતગુણ ૮. અપ્રશસ્ત અશ્રુતગુણ. જ્ઞાતગુણ એટલે જેમના ગુણો જાણેલા હોય તે અને શ્રુતગુણ એટલે જેમના ગુણો સાંભળેલા હોય તે. જ્ઞાતગુણ આપણે જાતે જોયેલા હોય છે અને શ્રુતગુણ આપણે ફક્ત સાંભળેલા હોય છે. આ બન્ને પ્રશસ્ત (-સારા) અને અપ્રશસ્ત (-ખરાબ) બન્ને હોઈ શકે. એટલે કુલ ચાર ભાંગા થાય. હવે કોઈક વખત એવું પણ બને કે કોઈ સાધુને આપણે અલપ-ઝલપ જોયા તો હોય પણ એમના ગુણો પ્રશસ્ત છે કે અપ્રશસ્ત તે અંગે આપણને ઝાઝી ખબર ન હોય. એટલે આવા સાધુ અજ્ઞાતગુણ કહેવાય. આવા સાધુના પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે ભેદ સંભવે, પણ આપણને એની ખબર ન હોય. એ જ રીતે જે સાધુઓને આપણે ક્યારેય જોયા પણ ન હોય અને તેમના ગુણ વિશે કશું સાભળ્યું પણ ન હોય તે અશ્રુતગુણ કહેવાય. તેમના પણ બે પ્રકાર હોય - પ્રશસ્ત અને અપ્રશસ્ત.

હવે વિહાર કરતાં સાધુને રસ્તામાં અન્ય સાધુઓનો ભેટો થાય તો તેમની સાથે રહેવું કે નહીં તેનું પ્રકરણ અત્રે ચાલી રહ્યું છે. સ્વાભાવિક રીતે આપણે આમાં સમજી શકીએ કે પ્રશસ્ત જ્ઞાતગુણ અને પ્રશસ્ત શ્રુતગુણ સાથે રહી શકાય અને એથી ઊલટું, અપ્રશસ્ત જ્ઞાતગુણ કે અપ્રશસ્ત શ્રુતગુણ સાથે ન રહેવું જોઈએ. પ્રશ્ન એ થાય કે જો સાધુઓ અજ્ઞાતગુણ (પૂર્વે

માત્ર જોયેલા) હોય કે અશ્રુતગુણ (જોયા પણ નથી તેવા) હોય તો શું કરવું? આ સંજોગોમાં એમની પરીક્ષા કરીને જ નક્કી થઈ શકે કે તેઓ પ્રશસ્ત ગુણવાળા છે કે અપ્રશસ્ત ગુણવાળા? આ જ વાત *નિર્યુક્તિ* માં એની શૈલી પ્રમાણે સંક્ષેપમાં આમ સૂચવાઈ છે - **जइ सुद्धा संवासो होइ, असुद्धा ण, दुविह पडिलेहा...** જો શુદ્ધ હોય તો સંવાસ કરવો, અશુદ્ધ હોય તો ન કરવો અને શુદ્ધ-અશુદ્ધની ખબર ન હોય તો બે પ્રકારે પરીક્ષા કરીને નક્કી કરવું.

પરંતુ વિવેચનકાર એમ જણાવે છે કે "જો શુદ્ધ હોય, તો સંવાસ થાય. અશુદ્ધોની બે પ્રકારે પ્રતિલેખના કરવી." આમાં પ્રશ્ન એ થાય કે જેમને અશુદ્ધ તરીકે જાણેલા કે સાંભળેલા જ છે, તેમની પુનઃ પ્રતિલેખના શા માટે કરવાની? અને ધારો કે **द्विर्बद्धं सुबद्धं भवति** એ ન્યાયથી અશુદ્ધોની પણ ફરીથી પ્રતિલેખના કરવાની હોય તો, અજ્ઞાતગુણ કે અશ્રુતગુણ સાધુ હોય તો શું કરવું એનો આ ગાથામાં કોઈ નિર્દેશ જ નથી એમ માનવું પડે અને તો એને ગ્રંથકારની ન્યૂનતા ગણવી પડે, જે શક્ય જ નથી. એટલે અત્રે આવો જ અર્થ કરવો ઉચિત લાગે છે કે "જો શુદ્ધ હોય તો સંવાસ કરવો, અશુદ્ધ હોય તો ન કરવો અને શુદ્ધ-અશુદ્ધની ખબર ન હોય તો બે પ્રકારે પરીક્ષા કરીને નક્કી કરવું". આમાં આઠે ભાંગાની વાત સમાઈ જાય છે તે જોઈ શકાય છે.

વાસ્તવમાં સ્વયં *દ્રોણાચાર્ય ભગવંતે* જ **होइ असुद्धाण दुविह पडिलेहा** એમ કહીને 'અશુદ્ધોનો' એમ ષષ્ઠી વિભક્તિથી અર્થ કર્યો છે અને વિવેચનકાર એ જ અર્થને અનુસર્યા છે. પરંતુ ઉપર દર્શાવ્યું તેમ વિચારીએ તો એ અર્થ પુનર્વિચાર માંગે છે. / **त्रै.**

* * *

## 161. *ષડાવશ્યક-બાલાવબોધ* ની પ્રશસ્તિ

*સારાભાઈ મણિલાલ નવાબે* ઈ. ૧૯૭૭ માં *ષડાવશ્યકબાલાવબોધ* સંપાદિત કરીને પ્રગટ કર્યો હતો. જેમાં ટાઈટલ પેજ ઉપર તે તપાગચ્છીય <u>શ્રીવિજયસેનસૂરિસંતાનીય મુનિ શ્રીજયવિજયજી વિરચિત</u> હોવાનું જણાવવામાં આવ્યું છે. આ *જયવિજયજી* કોણ તે સંબંધે તપાસ કરતાં આ જ *બાલાવબોધ* ની પ્રશસ્તિમાં આવો શ્લોક વાંચવા મળ્યો –

वर्षे चन्द्र जनार्दन प्रियतमा पुत्रासुगर्षिक्षमाः
मे ये श्रीविजयादि मानवगणभृद्राज्ये प्रदीपोत्सवे ।

प्राज्ञ श्रीसुयशोन्वितस्यविजयस्यामुं षडावश्यकार्थो
योगं कृतवान् जिनादिविजयो ते वाचकमुख्यसुधी ।।

આનો ત્યાં જણાવાયેલો અર્થ – ચંદ્રમા એટલે એક, શ્રીકૃષ્ણની પ્રિયતમા એટલે પત્ની રુક્મિણી, પુત્ર પ્રદ્યુમ્ન એટલે કામદેવનાં બાણ પાંચ અને ઋષિ એટલે સાત, અને ક્ષમા એટલે પૃથ્વી એક, એટલે સંવત સત્તરસો એકાવન (સંવત ૧૭૫૧) ના વરસમાં, મેં હર્ષધરી આ બાલાવબોધ, અલ્પબુદ્ધિવાળાઓને સમજાવવા માટે, વિદ્યમાન આચાર્ય શ્રીવિજયસેન-સૂરિજીના સમયમાં કારતક વદિ અમાવાસ્યા એટલે દિવાળીના દિવસે શ્રીજયવિજય નામના મુનિએ અર્થ કર્યો. જે પંડિત શ્રીજિનવિજયગણિ નામના શિષ્યે ષડાવશ્યકનો પ્રગટાર્થ કર્યો.

સ્વાભાવિક રીતે આ શ્લોકની વાચના અશુદ્ધ જણાય છે, અને એ અશુદ્ધ વાચના અને તેના આધારે થયેલા ખોટા અર્થઘટનને લીધે ભ્રાંત ઉલ્લેખો પણ થવા પામ્યા છે. સંવત ૧૭૫૧ માં શ્રીવિજયસેનસૂરિ હયાત હોય કઈ રીતે? વળી, આ બાલાવબોધ રચનાર મુનિ કોણ – મુનિ જયવિજયજી કે જિનવિજયજી? શ્લોકમાં આવેલા मानवगण-भृद्राज्ये અને सुयशोन्वितस्य આ શબ્દોનો શો અર્થ? આ અંગે વિચાર કરતાં જણાયું કે સાચી વાચના આવી હોઈ શકે –

वर्षे चन्द्र-जनार्दनप्रियतमापुत्रासुग-र्षि-क्षमा-
मेये श्रीविजयादिमानगणभृद्राज्ये प्रदीपोत्सवे ।
प्राज्ञश्रीसुयशोन्वितस्य विजयस्याऽमुं षडावश्यका-
र्थोद्योगं कृतवान् जिनादिविजयोऽन्तेवासिमुख्यः सुधीः ।।

આનો અર્થ - ચંદ્રમા એટલે એક, વિષ્ણુની પ્રિયતમા એટલે લક્ષ્મી, તેનો પુત્ર એટલે કામદેવનાં બાણ પાંચ, ઋષિ એટલે સાત, અને ક્ષમા એટલે પૃથ્વી એક, એટલે સંવત સત્તરસો એકાવન (સંવત ૧૭૫૧) ના વરસમાં દિવાળીના દિવસે, વિદ્યમાન આચાર્ય

શ્રીવિજયમાનસૂરિજીના સમયમાં પંન્યાસ શ્રીસુયશવિજયજીના શિષ્યોમાં મુખ્ય એવા શ્રીજિનવિજય નામના મુનિએ આ ષડાવશ્યકનો પ્રગટાર્થ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આના આધારે જણાય છે કે 'તપાગચ્છીય શ્રીવિજયસેનસૂરિસંતાનીય મુનિ શ્રીજયવિજયજી વિરચિત' એવો ટાઈટલ પેજ પરનો ઉલ્લેખ પણ ભ્રાંત જ છે. ⁄ **त्रै.**

* * *

## 162. અંતરકરણમાં નપુંસકવેદ અને સ્ત્રીવેદની સ્થિતિ

*પં. શ્રીધીરજભાઈ મહેતા* લિખિત *સપ્તતિકા* પુસ્તકમાં પૃષ્ઠ ૨૪૮ પર ૭૫ મી ગાથાના વિવેચનમાં ૨૧ પ્રકૃતિના અંતરકરણનું વર્ણન છે. તેમાં (અનેક જીવને આશ્રયી) ઉદયવતી ૭ પ્રકૃતિની પ્રથમ સ્થિતિના વર્ણનમાં નપુંસકવેદ અને સ્ત્રીવેદની પ્રથમ સ્થિતિ પરસ્પર સમ હોય કે વિષમ તે જણાવ્યું નથી. પરંતુ પૃષ્ઠ ૨૪૯ ઉપર ૭ પ્રકૃતિના અંતરકરણની આકૃતિ આપી છે. તેમાં નપુંસકવેદની પ્રથમ સ્થિતિમાં ૪ સમય, અને સ્ત્રીવેદની પ્રથમ સ્થિતિમાં ૫ સમય દર્શાવ્યા છે. મતલબ કે નપુંસકવેદની પ્રથમ સ્થિતિ કરતાં સ્ત્રીવેદની પ્રથમ સ્થિતિ મોટી દર્શાવી છે.

પરંતુ પંડિતજીના જ *કમ્મપયડિ* ના વિવેચનમાં ભાગ - ૩ માં પૃષ્ઠ ૨૦૪ ઉપર બંનેની સ્થિતિ પરસ્પર તુલ્ય દર્શાવી છે. તથા *કમ્મપયડિ* ની *શ્રીમલયગિરિજી* કૃત ટીકામાં પણ બંનેની સ્થિતિ પરસ્પર તુલ્ય જ દર્શાવી છે. તો પ્રસ્તુત વિવેચનમાં નપુંસકવેદ કરતાં સ્ત્રીવેદની પ્રથમ સ્થિતિ શા માટે મોટી દર્શાવી હશે?

स्वोदयकालप्रमाणं च चतुर्णां संज्वलनानां त्रयाणां च वेदानामिदम् – स्त्रीवेदनपुंसकवेदयोरुदयकालः सर्वस्तोकः, स्वस्थाने तु परस्परं तुल्यः ।। (-ઉપશમના કરણ, ગાથા ૪૨) ⁄ **મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## 163. વાનપ્રસ્થ તાપસો

से जे इमे गंगाकुलगा वाणपत्था तावसा भवंति, तं जहा – होत्तिया पोत्तिया कोत्तिया जण्णई सड्ढई थालई हुंपउट्ठा दंतुक्खलिया उमज्जका सम्मज्जका निम्मज्जका संपक्खाला दक्खिणकूलका उत्तरकूलका संखधमका कूलधमका मिगलुद्धका हत्थितावसा उद्दंडका दिसापोक्खिणो वाकवासिणो अंबुवासिणो बिलवासिणो वेलवासिणो रुक्खमूलिआ अंबुभक्खिणो वाउभक्खिणो सेवालभक्खिणो मूलाहारा कंदाहारा तयाहारा पत्ताहारा बीयाहारा परिसडियकंदमूलतयपत्तपुप्फफलाहारा जलाभिसेअकढिणगायभूया...

*ઔપપાતિકસૂત્ર* – ૩૮ માં ગંગા નદીના કિનારે વસેલા વાનપ્રસ્થ તાપસોનો ઉલ્લેખ થયો છે, જે વિવિધ પ્રકારના વ્રત-નિયમો પાળે છે. આ તાપસોના આચાર અંગે વૃત્તિકાર *શ્રીઅભયદેવસૂરિજી* મહારાજે સરસ વિવરણ જણાવ્યું છે. હમણાં *અમૃતલાલ નાગર* લિખિત एकदा नैमिषारण्ये એ નવલકથામાં તાપસો અંગે આવું જ એક વિવરણ વાંચવા મળ્યું. જે સમાંતર સંદર્ભ તરીકે ઉપયોગી જણાવાથી અત્રે નોંધ્યું છે.

अश्मकुट्ट साधक पत्थर से अन्न या फल-मूल कूटकर खाते थे, दन्तोलूखली दाँतों से चबा-चबाकर कच्चा अन्न खाते थे। होत्तिय अग्निहोत्र करते थे, कोत्तिय जमीन पर सोते थे और पोत्तिय कपड़े पहनते थे। संमज्जक नदी में कई गोते लगाते थे, उम्मज्जक केवल एक गोता लगाते थे, निम्मज्जक नदी में थोड़ी देर तक खड़े रहते थे। संपक्खाल अपना शरीर मिट्टी से रगड़कर स्वच्छ करते थे। हुबौट्ठ कुण्डिका लेकर चलते थे, उड्डुंडग डंडा उठाकर चलते थे, थालई सदा अपना सामान साथ लेकर चलते थे। दिसापोक्खी फल-फूल इकट्ठा करने के पहले दिशाओं में पानी छिड़कते थे। वकवासी वल्कल पहनते थे। जलवासी जल में रहते थे, बिलवासी गुफाओं में अथवा धरती में बिल खोदकर रहते थे और रुक्खमूला वृक्षों की खोखली जड़ों में रहते थे। स्थण्डिलशायी जाड़े, गर्मी, बरसात में सदा खुले में ही रहते थे। अंबुखावी पानी पीकर जीते थे, वाउभक्खी हवा खाकर तपस्या करते थे। मियलुद्धय जीवहत्या करते थे। (પૃ૪ - ૧૩) / **त्रै.**

* * *

# 164. મોતી અંગે...

સામાન્ય સમજણ એવી છે કે મોતી છીપમાં ઉત્પન્ન થાય છે. પણ મોતી માત્ર છીપમાં જ ઉત્પન્ન થાય છે એવું નથી. મોતી હાથીના દાંત ઉપર અને સ્થાવરમાં વાંસ વિગેરેમાં પણ ઉત્પન્ન થાય છે. અને મોતી એ પૃથ્વીકાયના જીવ છે.

अथाऽपरमेतत् पूर्वमाख्यातं इहैके सत्त्वाः पूर्वं नानाविधयोनिकाः स्वकृतकर्मवशाद् नानाविधत्रसस्थावराणां शरीरेषु सचित्तेषु अचित्तेषु वा पृथिवीत्वेनोत्पद्यन्ते, तद्यथा - सर्पशिरःसु मणयः, करिदन्तेषु मौक्तिकानि, विकलेन्द्रियेष्वपि शुक्त्यादिषु मौक्तिकानि, स्थावरेष्वपि वेण्वादिषु तान्येवेति, एवमचित्तेषूषरादिषु लवणभावेनोत्पद्यन्ते ।। (*શ્રીસૂત્રકૃતાંગસૂત્ર* – ૨.૩.૬૧ – *શ્રીશીલાંકાચાર્ય* કૃત વૃત્તિ)

અર્થ - હવે બીજું આ પૂર્વે કહેવાયેલું કે અહીં કેટલાક જીવો પૂર્વમાં અનેક પ્રકારની યોનિવાળા સ્વકૃતકર્મને વશ અનેક પ્રકારના ત્રસ અને સ્થાવરોના સચિત્ત અથવા અચિત્ત શરીરોમાં પૃથ્વીરૂપે ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે - સર્પના મસ્તક ઉપર મણિઓ, હાથીના દાંત ઉપર મોતીઓ, વિકલેન્દ્રિયોમાં પણ છીપ વિગેરેમાં મોતીઓ, સ્થાવરોમાં પણ વાંસ વિગેરેમાં તે (મોતીઓ) જ, અચિત્ત ઉખર ભૂમિ વિગેરેમાં લવણરૂપે (-પૃથ્વીરૂપે) ઉત્પન્ન થાય છે. ✎ **મુનિ શ્રીસુવ્રતચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

# 165. અવક્રગામી જીવોના ગુણો

*ઉપદેશરહસ્ય* – ગાથા – ૧૦ માં અવક્રગામી જીવોના ગુણો બતાવ્યા છે. તે આ પ્રમાણે –

मग्गणुसारी सड्ढो, पन्नवणिज्जो कियावरो चेव ।
गुणरागी जो सक्कं, आरभइ अवंकगामी सो ।।

(૧) માર્ગાનુસારી - જે માર્ગાનુસારી હોય છે, તેનાં નુકસાનકારક ક્લિષ્ટ કર્મોરૂપી વિઘ્નો શાંત થઈ ગયા હોવાથી સહજ રીતે તત્ત્વને અનુકૂળ પ્રવૃત્તિ હોય છે. કોઈપણ અભિલષિત વસ્તુની પ્રાપ્તિમાં અવન્ધ્ય કારણ એટલે કે રામબાણ ઉપાય હોય તો તે વિઘ્નભૂત ક્લિષ્ટ કર્મોનો અપચય છે. દૃ. - અટવીમાં પડેલા અંધપુરુષની અમુક નિશ્ચિત નગરમાં પહોંચવાની યોગ્યતા.

શંકા - ક્લિષ્ટ કર્મોનો નાશ જો ઈષ્ટપ્રાપ્તિનું મુખ્ય કારણ હોય તો વિશિષ્ટ પ્રકારના શ્રુતાભ્યાસની શી જરૂર? સમા. - સામાન્યતઃ તત્ત્વની પ્રાપ્તિમાં ક્લિષ્ટ કર્મોનો વિલય હેતુ છે. પરંતુ વિશેષ પ્રકારની તત્ત્વપ્રાપ્તિ થવામાં શ્રુતાભ્યાસ ઘણો જરૂરી છે. લોકમાં પણ દેખાય છે કે બાળક વગેરેને નીલાદિ પદાર્થનું જ્ઞાન કરવા માટે નેત્ર રૂપ સામાન્ય સાધન વિદ્યમાન હોવા છતાં પણ વિશેષ પ્રકારની બુદ્ધિ ન હોવાથી નીલાદિ પદાર્થના વિષયમાં સામાન્ય કક્ષાનો બોધ થાય છે, જ્યારે સુજ્ઞ પુરૂષોને વિશિષ્ટ પ્રકારની બુદ્ધિનો અતિશય હોવાથી નીલાદિ પદાર્થનો વિશિષ્ટ કક્ષાનો બોધ થાય છે.

(૨) શ્રદ્ધા - તત્ત્વમાં વિશ્વાસ ધરાવનાર અથવા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોના પાલનમાં રુચિ ધરાવનાર વિઘ્નભૂત ક્લિષ્ટ કર્મોના વિશિષ્ટ પ્રકારના વિલયથી પ્રાપ્ત થનાર કોઈ ભૂમિ-અંતર્ગત મહાનિધિને ગ્રહણ કરવા માટે જે મનુષ્ય ઉત્સુક હોય છે તે મનુષ્યને તે મહાનિધિને ગ્રહણ કરવાના ઉપદેશમાં જેમ અટલ વિશ્વાસ હોય છે અને જરૂરી વિધિવિધાનોના પાલનમાં સાવધાની હોય છે તે રીતે વિશિષ્ટ પ્રકારની નિર્જરાના ઉપાયમાં અવક્રગામી જીવને અટલ વિશ્વાસ હોય છે. અથવા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોના ઉપાયોને આદરવામાં તત્પરતા હોવી તે શ્રદ્ધા છે.

(૩) પ્રજ્ઞાપનીય - કદાચિત્ યથાર્થ જ્ઞાનના અભાવમાં માર્ગથી વેગળો જઈ રહ્યો હોય અને કોઈક જ્ઞાની ગીતાર્થ તેને સન્માર્ગમાં લાવવા માટે તેની ભૂલ બતાવે તો પોતે ઝટ તેનો સ્વીકાર કરે અને પુનઃ માર્ગ પર આવવા પ્રયત્ન કરે. તાત્પર્ય એ કે એને અસદ્ગ્રહ હોતો નથી. દૃ. - ખરેખર મેળવવા યોગ્ય લાગેલા મહાનિધાનના ગ્રહણમાં કોઈ મનુષ્ય જાણકારી ન હોવાથી ઊઉલટી રીતે પ્રવૃત્તિ કરી રહ્યો છે, પણ જો તે સરળ હોય તો તે બીજાના કહેવાથી સહેલાઈથી પાછો ફરે છે.

(૪) ક્રિયાતત્પર - ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થવાથી મુક્તિસાધક ધર્માનુષ્ઠાનમાં સક્રિયપણે ઉલ્લાસ સાથે ભાગ લેતો થાય છે. દૃ. - મહાનિધિને ગ્રહણ કરવા માટે સક્રિય બનેલો પુરુષ.

(૫) ગુણાનુરાગી - તેનો અધ્યવસાય વિશુદ્ધ હોવાથી સ્વ કે પરમાં રહેલા જ્ઞાનાદિ ગુણો જોઈને તેના અંતરમાં આનંદની ઊર્મિઓ ઊછળે છે, પરંતુ મત્સર કે ઈર્ષ્યાને ત્યાં અવકાશ હોતો નથી. સદ્ગુણોના લાભમાં મત્સર કે ઈર્ષ્યા પ્રબળ વિરોધી છે. ગુણાનુરાગી જીવમાં તે ન હોવાથી તેને સદ્ગુણોની પ્રાપ્તિ થવામાં ગુણાનુરાગ સફળ અને સચોટ કારણ બને છે.

(૬) શક્યપ્રવૃત્તિ – શક્ય એટલે કે પોતાના પ્રયત્નથી સાધ્ય હોય તેવાં જ અનુષ્ઠાનોમાં. અશક્ય કાર્યમાં ઉદ્યમ કરવાથી ભાવિમાં પોતાનાં આવશ્યક કર્તવ્યો સીદાય છે, બાકી રહી જાય છે, શારીરિક શક્તિ વેડફાઈને ઘસાઈ જાય છે, અને તેથી શુભ કાર્યોની ઉત્તરોત્તર પરંપરા ચાલુ રહેતી નથી.

જિનાજ્ઞા અનુસારી અને બુદ્ધિપૂર્વક કરવામાં આવતાં શક્ય અનુષ્ઠાનો સુવર્ણના કળશ જેવાં છે, કારણ કે શુભાનુબંધી છે. જ્યારે જિનાજ્ઞા અનુસારી ન હોય એવાં વગર વિચાર્યે કરવામાં આવતાં અશક્યપ્રાયઃ અનુષ્ઠાનો માટીના ઘડા જેવાં છે, કે જે ઘણાં દિવસે આખરે ઘસાઈને નાશ પામે છે. અર્થાત્ શુભાનુબંધી હોતાં નથી. તેથી શાસ્ત્રજ્ઞ પુરુષો શક્ય કાર્યમાં જ ઉદ્યમ કરે છે, પણ અશક્યમાં ઉદ્યમ કરતાં નથી. એટલું જ નહિ, શક્યમાં પ્રમાદ પણ કરતાં નથી. ⁄**મુનિ શ્રીવિમલચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## 166. દીક્ષાર્થીની શુભાશુભ ગતિ જાણવાનો ઉપાય

શ્રીજિનેશ્વરદેવના ગુણોને કહેવાથી જિનેશ્વર પ્રત્યે તીવ્ર શ્રદ્ધાળુ બનેલા દીક્ષાર્થીને સામાન્યથી વિધિ કહેવી. પછી તેને સમવસરણમાં પ્રવેશ કરાવવો. ત્યારબાદ હાથમાં સુગંધી પુષ્પો અથવા શ્રેષ્ઠ સુગંધી ચૂર્ણો અને પુષ્પો આપીને શ્વેત વસ્ત્રથી તેની આંખોને પીડા ન થાય તેમ બંધ કરવી. પછી તેને કોઈપણ જાતનો ભય રાખ્યા વિના સમવસરણમાં બિરાજમાન

જિનબિંબ તરફ પુષ્પો નાખવાનું કહેવું. આ પુષ્પપાતથી એની ગતિ અને આગતિ જાણવી.
મૂળ પાઠ –

भुवणगुरुगुणक्खाणा, तम्मी संजायतिव्वसद्धस्स ।
विहिसासणमोहेणं,तओ पवेसो तहिं एवं ।।२४।।
वरगंधपुप्फाणं, सियवत्थेणं तहच्छिठवणं चेव ।
आगइगइविण्णाणं, इमस्स तह पुप्फपाएण ।।२५।। (- જિનદીક્ષાવિધિપંચાશક)

/ **મુનિ શ્રીઅનંતચન્દ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## 167. શિષ્યના વિશેષ ગુણ-દોષ

શિષ્યના વિશેષ ગુણ-દોષ *આવશ્યકનિર્યુક્તિ* ની *હારિભદ્રી* વૃત્તિમાં આ પ્રમાણે જણાવાયા છે –

कस्स न होही वेसो, अनब्भुवगओ अ निरुवगारी अ ।
अप्पच्छंदमईओ, पट्ठिअओ गंतुकामो अ ।।३७।।
विणओणएहिं कयपंज-लीहि छंदमणुअत्तमाणेहिं ।
आराहिओ गुरुजणो, सुयं बहुविहं लहुं देइ ।।३८।।

અનભ્યુપગત, નિરુપકારી, સ્વેચ્છાચારી મતિવાળો, પ્રસ્થિત અને જવાની ઈચ્છાવાળો હોય એવો શિષ્ય કયા ગુરુને અપ્રીતિકર ન થાય? આમાં કાળાંતરે તે શિષ્ય જ ગુરુ બને છે અને અયોગ્ય એવા શિષ્યને ગુરુપદનો સંબંધ કરવામાં તીર્થંકરની આજ્ઞાનો લોપ કરવાનો પ્રસંગ થતો હોવાથી શિષ્યના દોષ-ગુણનું કથન થાય છે.

૧. અનભ્યુપગત - જેણે શ્રુતોપસંપદા સ્વીકારી નથી. ૨. નિરુપકારી - ગુરુના વિષયમાં અકૃત્ય કરનારો હોય. ૩. આત્મછંદી - પોતાના અભિપ્રાય મુજબ કાર્ય કરનારો અથવા દરેક કાર્યમાં આત્માધીન બુદ્ધિવાળો. ૪. પ્રસ્થિત - બીજો સાધુ ગચ્છ છોડીને જવાની ઈચ્છાવાળો હોય તેની સાથે જનારો હોય. ૫. ગંતુકામ - શ્રુતસ્કંધાદિ પૂરા થાય

એટલે અવશ્ય હું જતો રહીશ, અહીં કોણ રહે? એવું જે વિચારે તે શિષ્ય ગંતુકામ તરીકે ઓળખાય છે. આવો શિષ્ય સૂત્રાર્થદાન માટે અયોગ્ય જાણવો.

અભિવંદનાદિરૂપ વિનયથી નમેલા, બે હાથ જોડી શંકિત વિષયમાં પૃચ્છાદિને કરનારા અને ગુરુના અભિપ્રાયને અનુસરનારા શિષ્યો વડે આરાધિત ગુરુજન ઘણા પ્રકારનું શ્રુત શીઘ્ર આપે છે.

ગુરુ જે કહે તેના પર શ્રદ્ધા કરે અને તેનું જ સમર્થન કરે એટલે - આપે જે કહ્યું તે જ બરાબર છે - એમ કહે અને ગુરુના કહ્યા મુજબ પોતે કરે, બીજા પાસે કરાવે - એ રીતે ગુરુના અભિપ્રાયને અનુસરનારા શિષ્યો વડે આરાધાયેલા ગુરુજન અનેક પ્રકારના સૂત્રાર્થ શીઘ્ર આપે છે. ✍ **મુનિ શ્રીસમ્યગ્ચન્દ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## 168. શિષ્ય કેવા ગુણોથી યુક્ત હોય?

લોકોત્તર શાસનને પામ્યા પછી સંયમગ્રહણ બાદ ગુરુકુલવાસમાં રહેનારો સાધુ કેવા ગુણોથી વિભૂષિત હોય તેનો આદર્શ *શ્રીધર્મદાસગણિ* મહારાજે *ઉપદેશમાલા*માં બતાવ્યો છે. *શ્રીસિદ્ધર્ષિગણિ* રચિત *હેયોપાદેયા* વૃત્તિમાં આ ગાથાનો ભાવ બહુ સરસ રીતે દર્શાવવામાં આવ્યો છે.

अणुवत्तगा विणीया, बहुक्खमा निच्चभत्तिमंता य ।
गुरुकुलवासी अमुई, धन्ना सीसा इह सुसीला ।।९६।।

अनुवर्तका- अनुकूलवृत्तयः, विनीताः- कृत्यकारिणः, बहुक्षमा- नीरोषाः, नित्यं भक्तिमन्तो- गुरौ सदाऽन्तःकरणप्रतिबद्धाः, चशब्दः समुच्चये, गुरुकुलवासिनः- स्वगुरुगच्छसेविनः, श्रुतग्रहणार्थमाचार्यान्तरान्तिकं गताः पुनरमोचका-ग्रन्थसमाप्ता- वपि न झटिति तं मुञ्चन्ति, धन्याः- पुण्यभाजः शिष्या- विनेया इत्येवं सुशीला भवन्ति, स्व-परयोः समाधिजनकत्वादिति ।। ✍ **મુનિ શ્રીમલયગિરિવિજયજી, મુનિ શ્રીપ્રેમહંસવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## જિજ્ઞાસા

**? 47** *પાણિનીય* સૂત્ર तृतीया तत्कृतार्थेन गुणवचनेन (२-१-३०) દ્વારા शङ्कुलया खण्डः शङ्कुलाखण्डः સમાસ સિદ્ધ થાય છે. અહીં शङ्कुला શબ્દને તૃતીયાવિભક્તિ હેતુઅર્થમાં થશે કે કરણઅર્થમાં?

*ભટ્ટોજી દીક્ષિતે* હેતુની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે - द्रव्यादिसाधारणं निर्व्यापारसाधारणं हेतुत्वं । અને કરણની વ્યાખ્યા - करणत्वं तु क्रियामात्रविषयं व्यापारनियतं च । અર્થાત્ દ્રવ્ય, ગુણ અને ક્રિયાને જન્માવનાર-વ્યાપારરહિત જે પદાર્થ હોય તેને 'હેતુ' કહેવાય છે. અને માત્ર ક્રિયાને જન્માવનાર અને વ્યાપારયુક્ત જે પદાર્થ હોય તેને 'કરણ' કહેવાય છે.

*ભર્તૃહરિ* એ *વાક્યપદીયમ્* માં હેતુ અને કરણની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે - अनाश्रिते तु व्यापारे निमित्तं हेतुरिष्यते, द्रव्यादिविषयो हेतुः कारकं नियतक्रियम् ।। (३-७-२४ अ અને २५ अ) અર્થાત્ વ્યાપાર-આશ્રિત ન હોય તેવા નિમિત્તને 'હેતુ' કહે છે. તથા જે હેતુ હોય છે તે દ્રવ્યાદિને જન્માવનાર હોય છે પણ જે (કરણ) કારક હોય છે તે અનિવાર્યરૂપે સવ્યાપાર હોય છે. क्रियायै करणं, तस्य दृष्टः प्रतिनिधिस्तथा, हेत्वर्था तु क्रिया तस्मात् न स प्रतिनिधीयते ।। (३-७-२६) અર્થાત્ 'કરણ' ક્રિયાની સિદ્ધિ કરવા માટે હોય છે. આથી તેનો પ્રતિનિધિ હોઈ શકે છે પરંતુ ક્રિયા તો હેતુને અર્થ હોય છે માટે તેને પ્રતિનિધિ હોતો નથી.

હવે शङ्कुला દ્વારા ખંડ બન્યો. અહીં વ્યાપારત્વ હોવાથી હેતુતૃતીયા થઈ શકતી નથી. અને ખંડ થવાની ક્રિયાને જન્માવનાર વ્યાપાર હોવાથી કરણતૃતીયા થાય તેવું સમજાય છે. ખંડ શંકુલાના સ્થાને અન્ય સાધનથી પણ થઈ શકે છે માટે તેનો પ્રતિનિધિ પણ હોઈ શકે. તેથી પણ અહીં કરણતૃતીયા જણાય છે. ક્રિયા હેતુને અર્થે હોય, જ્યારે ખંડ કરવાની ક્રિયા શંકુલા માટે નથી.

આ રીતે વિચારતાં અહીં કરણતૃતીયા હોય એમ સમજાય છે, છતાં *હૈમવ્યાકરણ* માં અહીં હેતુતૃતીયા કહી છે. તો અહીં પરમાર્થ શું? તે જણાવવા વિદ્વજ્જનો ને વિનંતિ. *બાલમનોરમા* માં આ સૂત્રની ટીકામાં અહીં કરણતૃતીયા જ કહી છે - शङ्कुलयेति करणे तृतीया । ✓ **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**? 48** यावन्तः श्लोकास्तावन्तोऽच्युतप्रणामाः – यावच्छ्लोकम् આ સમાસ નિત્ય કે અનિત્ય? *પાણિનીય* સૂત્ર यावदवधारणे (२-१-८) દ્વારા યાવત્ સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. જ્યારે *હૈમવ્યાકરણ* માં અહીં વિકલ્પ કહ્યો છે. હવે, જ્યાં સ્વપદવિગ્રહ શક્ય ન હોય ત્યાં નિત્યસમાસ જ થાય. અહીં સ્વપદવિગ્રહ શક્ય નથી. तावत् પદનું ગ્રહણ કરવું પડે છે માટે સમાસ નિત્ય જ થવો જોઈએ. તો *હૈમવ્યાકરણ* માં અહીં વિકલ્પત્વ કેમ કર્યું? ✍ **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**? 49** अधुना वयं *योगशास्त्रं* पाठयामः । तत्र चतुर्थे प्रकाशे अन्तिमे भागे आसन-वर्णनं विहितमस्ति । १२४ तः १३३ श्लोकान् यावद् आसनानि वर्णितानि । तत्र 'पर्यङ्कासन-वीरासन-पद्मासन' इति त्रिषु आसनेषु कः प्रतिविशेषः इति सम्यग् न ज्ञायते । त्रीणि अपि आसनानि समानानि इव प्रतीयन्ते । ते चेमे श्लोकाः –

(१)पर्यङ्कासनवर्णनम् -
स्याज्जङ्घयोरधोभागे, पादोपरि कृते सति ।
पर्यङ्को नाभिगोत्तान-दक्षिणोत्तरपाणिकः ।।१२५।।
(२) वीरासन-वर्णनम् -
वामोंऽह्रिर्दक्षिणोरूर्ध्वं, वामोरूपरि दक्षिणः ।
क्रियते यत्र तद्वीरो-चितं वीरासनं स्मृतम् ।।१२६।।
(३) पद्मासन-वर्णनम् -
जङ्घाया मध्यभागे तु, संश्लेषो यत्र जङ्घया ।
पद्मासनमिति प्रोक्तं, तदासनविचक्षणैः ।।१२९।।

उक्तानुगुणम् अस्माभिः आसनानि विहितानि । त्रिषु अपि एषु आसनेषु समानप्राया एव शरीरमुद्रा जाता । त्रीणि अपि इमानि समानानि स्युः चेत् *श्रीहेमचन्द्रसूरयः* तानि पृथग् न दर्शयेयुः । किञ्चित्सूक्ष्मभेदेन भाव्यमेव । परं कः अत्र भेदः इति सम्यग् न ज्ञायते । अतः इदं विदुषां समक्षम् उपस्थाप्यते । पर्यङ्कासने करौ पादयोः उपरि भवतः इति एकं वैशिष्ट्यं लक्ष्यते, नाऽन्यत् किञ्चित् । ✍ **विजयमुक्ति-मुनिचन्द्रसूरी** (श्रीकलापूर्णसूरि-समुदायसत्कौ)

**? 50** અંડગોલિક મનુષ્ય એ મનુષ્યના ભેદમાં આવે કે જળચર તિર્યંચના ભેદમાં આવે? જો મનુષ્ય હોય તો કર્મભૂમિ, અકર્મભૂમિ, અન્તર્દ્વીપ આ ત્રણમાંથી કયા ભેદમાં આવે છે? શાસ્ત્રપાઠ સાથે સમાધાન આપવા ભલામણ. ⁄ **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

**? 51** *શ્રીધર્મદાસગણિ* મહારાજ અવધિજ્ઞાનના ધારક હતા અને શાસનનાયક પ્રભુ શ્રીમહાવીરસ્વામીના હસ્તે દીક્ષિત થયા હતા એવો વૃદ્ધવાદ પ્રાચીનકાળથી ચાલ્યો આવે છે. કેટલાક ઈતિહાસકારોના મતે મહાવીર પ્રભુના હસ્તે દીક્ષિત *ધર્મદાસગણિ* અને *ઉપદેશમાલા*-કાર *ધર્મદાસગણિ* બન્ને અલગ છે.

*શ્રીધર્મદાસગણિ* ના સત્તાસમય માટે પણ વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. ૧. *ઉપદેશમાલા* પર *શ્રીસિદ્ધર્ષિગણિ* એ અને સં. ૧૨૩૮ માં અશ્વાવબોધ તીર્થમાં આચાર્ય *શ્રીરત્નપ્રભસૂરિજી* એ ટીકા બનાવેલ છે. આ ટીકાઓમાં તેમને ભગવાન મહાવીરસ્વામીના હસ્તે દીક્ષિત શિષ્ય બતાવ્યા છે. તેથી કોઈ તેમને વીરનિર્વાણ સંવતની પહેલી સદીમાં મૂકે છે.

૨. તેમણે ઉપદેશમાલામાં કરેલાં વિધાનો જેમ કે ગુરુ-ઉપદેશના આધારે ઉપદેશમાલાની રચના, ગાથા - ૧૨ માં દૂરના કાળમાં તીર્થંકરો મોક્ષે ગયાનું સૂચન, ત્રણ મોક્ષમાર્ગ અને ત્રણ સંસારમાર્ગનું પ્રવચન, સંવિગ્નપાક્ષિકનું વર્ણન તથા વિનયરત્ન, સ્થૂલભદ્ર મુનિ, સિંહગુફાવાસી મુનિ, મંગૂસૂરિ, વજસ્વામી, કાલિકાચાર્ય વગેરેના દૃષ્ટાંતો – આ બધાના આધારે કોઈ તેમને વિક્રમની બીજી સદી પછી મૂકે છે.

૩. *ઉપદેશમાલા* માં સૂચવેલ કાલિકાચાર્ય અને દત્તનો પ્રસંગ તૂરમણિમાં બન્યો છે. આ તૂરમણિ એ હૂણસમ્રાટ તોરમાણની રાજધાની પવ્વઈયા જ હોય તો તે ઘટના ત્યાં વિક્રમની પાંચમી સદી પછી બની છે. સમ્રાટ તોરમાણનો એ સત્તાસમય છે. અને *શ્રીદેવર્ષિગણિ* ના વાચનાસહાયક *શ્રીકાલિકાચાર્ય* પણ એ કાળે વિદ્યમાન છે. આ રીતે પણ *શ્રીધર્મદાસગણિ* નો સત્તાસમય વિક્રમની પાંચમી સદીમાં સ્થાપવો પડે છે.

આવા અનેક મતભેદ પ્રવર્તે છે. તો પછી *ઉપદેશમાલા* ના રચયિતા *શ્રીધર્મદાસગણિ* મહારાજ કયા? અને તેમનો સત્તાસમય કયો તેનું સમાધાન જણાવવા મિત્ર મુનિવરોને વિનંતિ. ⁄ **મુનિ શ્રીમલયગિરિવિજયજી, મુનિ શ્રીપ્રેમહંસવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**? 52** रुक्मिण्यूचे त्वयैवाऽस्मि, कृतार्था वत्स! सूनुना ।

किं च प्रसूते भूयोऽपि, न स्त्रीरत्नं कदाचन ।। (*ત્રિષષ્ટિ૦* – ૮.૭.૧૬)

આ શ્લોક પ્રમાણે શું એવું સમજવું કે વાસુદેવનું સ્ત્રીરત્ન એક જ વાર પ્રસૂતિ પામે? – **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 53** સર્વાર્થસિદ્ધ વિમાનની દરેક શય્યામાં ઉપર ચંદરવો હોય અને ત્યાં ૬૪ મણનાં મોતી પણ હોય છે આ વાત તો પ્રસિદ્ધ જ છે. પણ આ માત્ર સર્વાર્થસિદ્ધમાં જ હોય કે અન્ય વિજયાદિ ચારમાં પણ હોય? કારણ કે *લોકપ્રકાશ* – ૨૭.૬૨૩ માં આવે છે –

प्रतिशय्यं विमानेऽस्मिन्, अस्ति चन्द्रोदयो महान् ।

मुक्ताफलमयस्फूर्जच्छरच्चन्द्रातपोज्ज्वलः ।।

વિજયાદિ ચારે અનુત્તરોનું વર્ણન બે-ત્રણ ગ્રંથમાં વાંચવામાં આવ્યું હતું, પણ એમાં ક્યાંય ઉપરોક્ત વાત જણાતી નથી. તો ચંદરવો, મોતી, સંગીત વગેરે માત્ર સર્વાર્થસિદ્ધ વિમાનમાં જ હોય કે વિજયાદિ ચારમાં પણ હોય? – **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 54** મહારંભી અને અત્યંત કામાતુર એવું ચક્રવર્તીનું સ્ત્રીરત્ન વિગેરે સ્ત્રીઓ પહેલેથી છટ્ઠી નરક સુધી જાય, તો પ્રશ્ન એ થાય કે શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ આ ત્રણે પ્રભુના સ્ત્રીરત્નની પણ આ જ સ્થિતિ સમજવી? – **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 55** ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કઈ જગ્યાએ થઈ છે? ✍ **મુનિ શ્રીસૌમ્ય-પ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

* * *

**શ્રુતસંવિભાગ** ના તમામ અંકોની PDF શ્રીઅતુલભાઈ કાપડિયા પાસે ઉપલબ્ધ છે. વિહારાદિમાં જરૂર પડે તો તેમનો સંપર્ક કરીને જોઈતા અંકની ફક્ત સોફ્ટકોપી મંગાવી શકાશે. **શ્રુતસંવિભાગ** પરિવારના શ્રમણો પૂરતી જ આ સેવા મર્યાદિત છે. સંપર્કસૂત્ર માટે જુઓ પૃષ્ઠ – 100.

## સમાધાન

? 22 ૧. સ્થાપનાજીમાં શેની સ્થાપના કરવામાં આવે છે ? વર્તમાનમાં આ સંદર્ભે બે માન્યતા પ્રવર્તતી હોવાનું ખ્યાલમાં છે – ૧) ત્યાં પંચ પરમેષ્ઠિની સ્થાપના છે. ૨) શાસ્ત્રોમાં પાંચ પ્રકારના આચાર્યો જણાવવામાં આવ્યા છે, તે પાંચ આચાર્યોની ત્યાં સ્થાપના હોય છે. આ પાંચ આચાર્યો કયા તે જણાવતી ગાથા આવી વાંચવા મળે છે –

तित्थयर गणहरो केवली य पत्तेयबुद्ध पुव्वधरो ।
पंचविहायारधरो दुल्लभो आयरिओ वि ।।

તીર્થંકર, ગણધર, કેવલી, પ્રત્યેકબુદ્ધ અને પૂર્વધર – આ પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્ય પણ આ લોકમાં પ્રાપ્ત થવા દુર્લભ છે. અહીં જે પાંચ પ્રકારના આચાર્યોની વાત કરી છે, તે પાંચ આચાર્યોની સ્થાપના અક્ષોમાં કરવામાં આવે છે ?

ક્યાંક એવું પણ સાંભળવા મળ્યું કે અક્ષની પ્રતિષ્ઠા વખતે તેમાં પંચ પરમેષ્ઠિનું મુદ્રા દ્વારા આહ્વાન કરવામાં આવે છે. પણ આ વાતમાં તથ્ય જણાતું નથી. તો આમાં સત્ય શું હશે ?

@ સ્થાપનાજીમાં પંચ પરમેષ્ઠિની સ્થાપના છે એમ *તરુણપ્રભાચાર્ય* કૃત *ષડાવશ્યકબાલાવબોધવૃત્તિ* (સંપા. – *પ્રબોધ બેચરદાસ પંડિત*, પ્ર. *ભારતીય વિદ્યા ભવન, સિંઘી જૈન ગ્રંથમાળા* – ૭૧, ઈ. ૧૯૭૬) ના નીચેના પાઠ પરથી પ્રમાણિત થાય છે –

... देवगृहि देव आगइ चैत्यवंदना करेवी । पोसाल माहि पुणि स्थापनाचार्य आगइ चैत्यवंदना करेवी । गुरु आगइ चैत्यवंदना न करेवियइ । गुरु आगइ चैत्यवंदना करिवा तणा अधिकार तणा अभावइतउ इसउ अर्थु चैत्यवंदनार्थ हूंतउ पुणि जाणियइ । गुरु परंपराम्नाय हूंतउ पुणि जाणियइ । <u>स्थापनाचार्य माहि पंचपरमेष्टि स्थापना कीजइ</u> । तिणइ कारणि अर्हंत उद्दिसी तिहां चैत्यवंदना कीजइ ।। (પૃષ્ઠ - ૮)

અર્થાત્ સ્થાપનાજીમાં પંચ પરમેષ્ઠિની સ્થાપના હોવાને લીધે તેની આગળ ચૈત્યવંદન તેમ જ ગુરુવંદન – બન્ને ક્રિયા કરી શકાય છે. આ સિવાય કેટલાક સમુદાયોમાં સ્થાપનાજીમાં પંચ પીઠની સ્થાપના થવાની માન્યતા હોવાનું પણ જાણવા મળ્યું છે. બાકી, પાંચ આચાર્યોની ત્યાં સ્થાપના હોય છે એ વાત તો સર્વથા અસંગત જણાય છે.

જિજ્ઞાસામાં શ્લોકનો અર્થ પણ બરાબર નથી થયો લાગતો. તે આમ હોવો જોઈએ - તીર્થંકર, ગણધર, કેવલી, પ્રત્યેકબુદ્ધ, પૂર્વધર તેમ જ પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્ય પણ આ લોકમાં પ્રાપ્ત થવા દુર્લભ છે.

? 23 જેમ મનુષ્યનાં ચૌદ અશુચિસ્થાનોમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે તેમ પંચેંદ્રિય તિર્યંચનાં અશુચિ સ્થાનોમાં સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચો ઉત્પન્ન થાય ખરા?

@ પંચેંદ્રિય તિર્યંચનાં અશુચિ સ્થાનોમાં સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચો ઉત્પન્ન થાય તેમાં કોઈ બાધ જણાતો નથી. પણ તે જીવોની વિશેષ હકીકત *જીવવિચાર, પ્રજ્ઞાપના* જેવા ગ્રંથોમાં વર્ણવાયા મુજબ સમજવી જોઈએ.

? 24 મનુષ્યનાં ચૌદ અશુચિસ્થાનોમાં બે ઘડી પછી સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે તે વાત બરાબર છે. પણ તે અશુચિ બે ઘડી સ્થિર રહે તો જ તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે. અન્યથા બે ઘડી સમાપ્ત થતાં પહેલાં એને હલાવી દઈએ તો તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થતી નથી - આવું સાંભળવા મળે છે. તો આ વાતને કોઈ શાસ્ત્રીય આધાર ખરો ? ક્યાંક એવું પણ સાંભળેલું છે કે ઉપરની વાત માત્રું વિગેરે અશુચિમાં લાગુ પડતી નથી. પણ કાપ વગેરેનું મેલું પાણી હોય તેમાં બે ઘડી પહેલાં હલાવી દઈએ તો તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થતી નથી એટલો જ આનો મર્મ છે. તો આ અશુચિઓમાં આવું વિભાગીકરણ શક્ય ખરું ? અમુક સંજોગોમાં પરઠવતાં વાર લાગે તેવી પરિસ્થિતિને અનુલક્ષીને જ આ પ્રશ્ન છે. બાકી તો સાધુ આ બાબતે અપ્રમત્ત જ હોય.

@ અશુચિ બે ઘડી સ્થિર રહે તો જ તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે. અન્યથા બે ઘડી સમાપ્ત થતાં પહેલાં એને હલાવી દઈએ તો તેમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થતી નથી - આ વાતનો શાસ્ત્રીય આધાર મળવો મુશ્કેલ છે. જાણવા મળ્યા મુજબ તો તમામ સમુદાયોમાં આવી માન્યતા છે પણ નહીં. તર્કથી જોઈએ તો પણ ગતિશીલતા કે અસ્થિરતા યોનિ ઉત્પન્ન ન થવા દે એવું માનવું મુશ્કેલ છે. વર્તમાન જગતમાં વહેતા પાણી જેવા અનેક પદાર્થો એવા છે કે જેમાં ગતિશીલતા કે અસ્થિરતા હોવા છતાં આપણે તેમાં યોનિની ઉત્પત્તિ કે તે તે જીવોનાં જન્મ-મરણ પ્રવર્તતાં હોવાનું જ સમજીએ છીએ. તો હલાવી દેવા માત્રથી યોનિનો અનુત્પાદ કે ધ્વંસ થાય તેવું માનવું યોગ્ય લાગતું નથી. અશુચિઓમાં વિભાગીકરણની કલ્પના તો આમે અશક્ય જણાય છે. છેવટે તત્ત્વં તુ કેવલિગમ્યમ્.

? 26 *શ્રીજગચિંતામણિસૂત્ર* ના આધારે ફલિત થાય છે કે જ્યારે ૨૦ તીર્થંકર પ્રભુ વિચરતાં હોય ત્યારે કેવલી ભગવંતો ૨ કરોડની સંખ્યામાં અને સાધુ-સાધ્વી ભગવંતો ૨૦૦૦ કરોડની સંખ્યામાં હોય. તો પછી, જ્યારે ૧૭૦ તીર્થંકર પ્રભુ વિચરતાં હોય ત્યારે કેવલી ભગવંતોની સંખ્યા ૧૭ કરોડ અને સાધુ-સાધ્વીજીની સંખ્યા ૧૭૦૦ કરોડ જોઈએ. પરંતુ ૧૭૦ પ્રભુના સમયમાં ૯ કરોડ કેવલીઓ અને ૯૦૦ કરોડ સાધુ-સાધ્વી જ હોય છે. આવું કેમ ? પ્રભુની સંખ્યા વધે તે પ્રમાણમાં કેવલી અને શ્રમણ-શ્રમણીની સંખ્યા કેમ વધતી નથી ?

@ પરંપરાથી જાણવા મળ્યા મુજબ, ૮ વિજય દીઠ એક જ વિજયમાં વિહરમાન પ્રભુ હોવા છતાં તે આઠે વિજયોનો શ્રમણ-શ્રમણીપરિવાર તે પ્રભુનો જ ગણાય છે. અર્થાત્ ઉદાહરણ તરીકે જંબૂદ્વીપના ઉત્તર-પૂર્વ મહાવિદેહની ૮ વિજયમાં અંદાજે ૧૦ લાખ કેવલી અને ૧૦૦ કરોડ સાધુ-સાધ્વી હોવાનું સમજી શકાય. આમાં સીમંધરસ્વામી પોતે જે વિજયને પાવન કરી રહ્યા છે તે વિજયમાં સ્વાભાવિક રીતે અન્ય ૭ વિજય કરતાં વધારે જ પરિવાર હોવાનો સંભવ છે. હવે જો બાકીની ૭ વિજયમાં પણ વિહરમાન પ્રભુ પ્રાપ્ત થાય તો તેમના પ્રતાપે ૮ વિજયની કુલ કેવલીસંખ્યા અને શ્રમણ-શ્રમણીસંખ્યા ક્રમશઃ ૧૦ લાખ અને ૧૦૦ કરોડથી વધીને લગભગ ૪૫ લાખ અને ૪૫ કરોડ સુધી પહોંચતી હશે અને તેથી ૧૭૦ પ્રભુના સમયમાં ૯ કરોડ કેવલીઓ અને ૯૦૦ કરોડ સાધુ-સાધ્વી થતા હશે એમ સમજી શકાય. જો સીમંધરસ્વામી પોતે જે વિજયમાં છે તે વિજયમાં જ ૧૦ લાખ કેવલી અને ૧૦૦ કરોડ સાધુ-સાધ્વી હોત તો ૧૭૦ તીર્થંકરના કાળે કેવલી ભગવંતોની સંખ્યા ૧૭ કરોડ અને સાધુ-સાધ્વીજીની સંખ્યા ૧૭૦૦ કરોડ મળત. પણ તેવું નથી. (અત્રે સમાધાનમાં ભરત અને ઐરાવત ક્ષેત્રની સંખ્યાને અલ્પ હોવાને લીધે નજરઅંદાજ કરી છે.

? 27 "સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ, એસો પરિવાર સીમંધર ભગવાન;

દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર, *વાચક યશ* વંદે નિત નિત વાર હજાર."

ઉપાધ્યાય *શ્રીયશોવિજયજી* રચિત આ સ્તુતિમાં જણાવ્યા મુજબ શ્રીસીમંધરસ્વામી પાસે જો સો કરોડ સાધુ ભગવંતો અને સો કરોડ સાધ્વીજી ભગવંતો – એમ કુલ મળીને ૨૦૦ કરોડ શ્રમણ-શ્રમણીઓનો પરિવાર હોય તો ૨૦ વિહરમાન પ્રભુજીના પરિવારની કુલ સંખ્યા ૪૦૦૦ હજાર કરોડ થશે. હવે આ વિહરમાન પ્રભુજીઓ તો ફક્ત ૨૦ વિજયોમાં જ છે. એમાં જો બાકી

રહેલી ૧૪૦ વિજયોમાં વિચરતા સાધુ-સાધ્વીજીઓની સંખ્યા ઉમેરીએ તો ૪૦૦૦ કરોડથી અધિક સંખ્યા થશે. તે જ પ્રમાણે કેવલી ભગવંતો પણ ૧૦ લાખ × ૨૦ = ૨ કરોડ થશે. અને એમાં અન્ય ૧૪૦ વિજયોમાં વિચરતા કેવલી ભગવંતોની સંખ્યા ઉમેરીએ તો એ પણ ૨ કરોડથી વધારે જ થવાની.

હવે બીજી તરફ *શ્રીજગચિંતામણિસ્તોત્ર* માં "સમણહ કોડી સહસ્સ દુઅ" અને "બિહું કોડીહિં વરનાણ" એ પાઠોમાં તો કેવલી ભગવંતોની સંખ્યા ૨ કરોડ અને સાધુ-સાધ્વીજી ભગવંતોની સંખ્યા ૨૦૦૦ હજાર કરોડ જણાવવામાં આવી છે. તો ઉપરોક્ત સ્તુતિમાં થયેલ પ્રતિપાદન અને અત્રે સ્તોત્રમાં જણાવાયેલી વાતની સંગતિ કઈ રીતે સમજવાની છે તે વિદ્વજ્જનોને જણાવવા વિનંતિ છે.

@ ઉપરના સમાધાનમાંથી જ આનો પણ જવાબ મળી જ જાય છે. એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે समणह कोडी सहस्स दुह માં એકલી શ્રમણોની સંખ્યા સમજવાની કે શ્રમણ-શ્રમણી ઉભયની તે વાતે ભિન્ન મત પ્રવર્તે છે. જે મતે એકલા શ્રમણોની જ સંખ્યા સમજવાની છે તે મતને અનુસરીને ઉપાધ્યાયજી ભગવંતે 'સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ' એમ લખ્યું હોવાનું સમજાય છે.

? 29 સમવસરણમાં છદ્મસ્થ ગણધર ભગવંતની દેશના ચાલતી હોય ત્યારે એ જ સમવસરણમાં કેવલિ પર્ષદામાં કેવલી ભગવંતો હોય? અને તેઓ ગણધરની દેશના સાંભળે?

@ હા, અવશ્ય. જૈન શાસનની લોકોત્તર વ્યવસ્થા પ્રમાણે ગણધર ભગવંતો કેવલી ભગવંતો કરતાં વ્યાવહારિક સ્તરે ઊંચી ભૂમિકાએ ગણાયા છે. સમવસરણમાં પણ તેમનું સ્થાન ગણધર ભગવંતો છદ્મસ્થ હોય તો પણ તેમની પાછળના ભાગમાં હોય છે, આગળ નહીં. (જુઓ *બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૧૧૮૬ ની વૃત્તિ). વળી, તીર્થંકર દેશના આપીને દેવછંદમાં પધારે ત્યારે ગણધર ભગવંતો જ દેશના આપે છે. તેમાં પણ કેવલી ભગવંતો ઊભા થઈને જતા રહે તેવો કોઈ સંદર્ભ જણાવાયો નથી. (જુઓ *બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૧૨૧૪ ની વૃત્તિ)

? 37 આકાશાસ્તિકાયનો ઘનગોલક આકાર કેવી રીતે ઘટાવવો?, કારણ કે આકાર તો જેને મર્યાદા - છેડો હોય તેનો જ હોઈ શકે. પુસ્તક મર્યાદિત ક્ષેત્રમાં હોવાથી તે પુસ્તકનો આકાર કહી શકાય છે. પણ આકાશાસ્તિકાય તો લોકાલોક-સર્વવ્યાપી છે, અનંત છે, તેને કોઇ મર્યાદા કે છેડો નથી. તો પછી તેનો ઘનગોલક કેવી રીતે ઘટાવવો?

@ કોઈપણ એવો પદાર્થ કે જેનો દશે દિશાઓમાં છેડો નથી, જે સર્વવ્યાપી-અનંત છે તેને જો સમજણ ખાતર (વાસ્તવિક રીતે નહીં) આકારમાં ઢાળવો હોય તો ઘનગોલક સિવાય બીજી એકપણ રીતે શક્ય નથી જ. ઘનગોલક આકાર જ તે પદાર્થના કેંદ્રબિંદુથી તે પદાર્થ ચોતરફ એકસરખી રીતે પ્રસરેલો છે તે સૂચવી શકે. ચોરસ કે બીજો કોઈપણ આકાર તે પદાર્થના કેંદ્રબિંદુથી તે પદાર્થ ચોતરફ એકસરખી રીતે પ્રસરેલો છે તે સૂચવી શકે નહીં. એટલે ઘનગોલક આકારને તે પદાર્થ મર્યાદિત છે એ રીતે નહીં, પણ તે પદાર્થના કેંદ્રબિંદુથી તે પદાર્થ ચોતરફ એકસરખી રીતે પ્રસરેલો છે તે સૂચવનાર આકાર તરીકે જ ઘટાવવો જોઈએ.

? 38 *આચારાંગસૂત્ર* ની *શ્રીશીલાંકાચાર્ય* કૃત વૃત્તિ – ૧.૧.૧.૪ માં જણાવ્યું છે કે કોઈક જીવ ચાર પ્રકારની બુદ્ધિ વડે પોતાની ગતિ-આગતિને જાણે છે. તે ચાર જ્ઞાનમાં અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, કેવલજ્ઞાન અને જાતિસ્મરણજ્ઞાનનો ઉલ્લેખ છે. તો હવે અહીં પ્રશ્ન એ થાય છે કે જીવ મનઃપર્યાયજ્ઞાન વડે પોતાના સંખ્યાત કે અસંખ્યાત ભવોની ગતિ-આગતિને કેવી રીતે જાણી શકે?

@ જીવ મનઃપર્યાયજ્ઞાન વડે અવધિજ્ઞાન કે જાતિસ્મરણજ્ઞાન ધરાવતી અન્ય વ્યક્તિના મનોવ્યાપારને અવલોકીને, પોતાના સંખ્યાત કે અસંખ્યાત ભવોની ગતિ-આગતિ, જો તેમના જ્ઞાનનો તેમ જ મનોવ્યાપારનો વિષય બની હોય તો, જાણી શકે તેમાં કોઈ બાધ જણાતો નથી.

? 45 क्या लवणसमुद्र-कालोदधिसमुद्र में बादर अग्नि होती है?

@ હા, હોઈ શકે. લવણસમુદ્રમાં અનેક દ્વીપો હોવાનું શાસ્ત્રોમાં વર્ણન મળે છે. એ જ રીતે કાલોદધિસમુદ્રમાં પણ દ્વીપો હોઈ જ શકે. અને જો દ્વીપો હોય, તેમાં કર્મભૂમિ જેવી માનવવસતિ હોય તો ત્યાં બાદર અગ્નિનો સદ્ભાવ સ્વાભાવિકપણે હોવાનો. એ સિવાય યાતાયાત કરતાં વહાણો, વિમાનો વગેરેમાં પણ બાદર અગ્નિનો સદ્ભાવ સમજી શકાય.

? 39 મનઃપર્યાયજ્ઞાનનો વિષય અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોએ મનરૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોને જાણવાનો છે. તો પછી મનઃપર્યાયજ્ઞાની આ પાણી સચિત્ત છે કે અચિત્ત છે તે કેવી રીતે જાણે?

@ ઉપરના સમાધાનની જેમ જ અત્રે પણ જીવ મનઃપર્યાયજ્ઞાન વડે અવધિજ્ઞાન કે શ્રુતજ્ઞાન ધરાવતી અન્ય વ્યક્તિના મનોવ્યાપારને અવલોકીને, પાણીની સચિત્તતા કે અચિત્તતા, જો તેમના જ્ઞાનનો તેમ જ મનોવ્યાપારનો વિષય બની હોય તો, જાણી શકે તેમાં કોઈ બાધ જણાતો નથી.

? 43 गंधादि के पुद्गल अन्य पुद्गलों को शब्द की तरह वासित नहीं करते तो मनुष्यलोक की गंध उपर ९०० से १००० योजन तक कैसे जाती है? घ्राणेन्द्रिय का विषय-परिमाण तो ९ योजन ही है तो देवों को ९००-१००० योजन तक कैसे गंध आती है?

@ આ સંદર્ભે એક મહત્ત્વપૂર્ણ શાસ્ત્રપાઠ *રાજપ્રશ્નીયસૂત્ર* – ૭૫૩ ની વૃત્તિમાં ઉપલબ્ધ થાય છે –

इह यद्यपि नवभ्यो योजनेभ्यः परतो गन्धपुद्गला न घ्राणेन्द्रियग्रहणयोग्या भवन्ति, पुद्गलानां मन्दपरिणामभावाद् घ्राणेन्द्रियस्य च तथाविधशक्त्यभावात् । तथापि तेऽत्युत्कटगन्धपरिणामा इति नवसु योजनेषु मध्येऽन्यान् पुद्गलानुत्कटगन्धपरिणामेन परिणामयन्ति । तेऽप्यूर्ध्वं गच्छन्तः परतोऽन्यान्, तेऽप्यन्यानिति चत्वारि पञ्च वा योजनशतानि यावद् गन्धः । केवलमूर्ध्वमूर्ध्वं मन्दपरिणामो वेदितव्यः । तत्र यदा मनुष्यलोके बहूनि गोमृतकलेवरादीनि तदा पञ्च योजनशतानि यावद् गन्धः, शेषकालं चत्वारि ।।

એટલે ગંધના પુદ્ગલો અન્ય પુદ્ગલોને વાસિત નથી કરતા એવું વિધાન પુનર્વિચારણીય લાગે છે. / **त्रै.** (૧૧ સમાધાન)

? 32 જૈન દર્શનમાં બધાં દર્શનો સમાઇ જાય છે. તો નવધા ભક્તિનો જૈન દર્શનમાં આપણે કેવી રીતે સમાવેશ કરી શકીએ?

@ જૈન દર્શનમાં નવધા ભક્તિના સમાવેશ અંગે પૂજ્ય પંન્યાસપ્રવર *શ્રીભદ્રંકરવિજયજી* મહારાજ નું લખાણ વાંચવા મળ્યું -

'નમો' માં નવધા ભક્તિ રહેલી છે. નવધા ભક્તિમાં ચારે નિક્ષેપાએ થતી પરમાત્માની ઉપાસના સમાઈ જાય છે. તેમાં ૧. શ્રવણ ૨. કીર્તન ૩. સ્મરણ - આ ત્રણ પરમાત્માના નામનિક્ષેપાને ઉદ્દેશીને છે. ૪. વંદન ૫. પૂજા ૬. કીર્તન સ્થાપનાનિક્ષેપાને ઉદ્દેશીને છે. ૭. સેવા ૮. ભક્તિ - આ બે દ્રવ્યનિક્ષેપાને ઉદ્દેશીને છે. ૯. આત્મનિવેદન (સર્વસમર્પણ) એ ભાવનિક્ષેપાને ઉદ્દેશીને છે. (અહીં સમર્પણ એ આજ્ઞાપાલનનો જ એક અધ્યવસાય છે.) ✍ **મુનિ શ્રીત્યાગમંડનવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## *પત્રચર્ચા*

51. ✉ (✍ ∑ 112 સપ્તભંગીગત ચોથા ભાંગાની વિકલાદેશતા)

આ લેખમાં એવું જણાવાયું હતું કે - એક ઘણી જ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે *શ્રીભગવતીસૂત્ર* - ૧૨.૧૦ માં સ્વયં શ્રીવીરપ્રભુએ પરમાણુમાં સપ્તભંગીના પહેલા ત્રણ જ ભાંગા ઘટે, છેલ્લા ચાર સાંયોગિક ભાંગા ત્યાં ન ઘટે તેમ સ્પષ્ટ ફરમાવ્યું છે. ત્યાં તેનું કારણ એ જ જણાવાયું છે કે પરમાણુમાં ટૂકડા કરવા સંભવિત ન હોવાથી તેમાં અવયવો જ નથી હોતા. અને અવયવભેદ વગર તો સાંયોગિક ભાંગા ઘટાવાય જ કઈ રીતે? એ જ રીતે દ્વ્યણુકમાં બે અવયવો શક્ય હોવાથી તેમાં પહેલા ત્રણ અસાંયોગિક ભાંગા અને પછીના ત્રણ સાંયોગિક ભાંગા ઘટાવ્યા છે, પણ સપ્તભંગીના સાતમા ભાંગા માટે અવયવીના ત્રણ અવયવો જરૂરી બનતા હોવાથી સાતમો ભાંગો દ્વ્યણુકમાં ન ઘટે એમ જણાવ્યું છે.

હમણાં કેટલાક મિત્રો તરફથી મૌખિક સંદેશો આવ્યો કે અમને ભગવતીજી ના ઉપરોક્ત પાઠમાંથી આવું ફલિત થતું લાગતું નથી, કેમ કે તેમાં સપ્તભંગી કરતાં જુદા જ પ્રકારના ભાંગા જણાય છે અને ભાંગાની સંખ્યા પણ ઘણી વધારે છે. તો તમે કઈ અપેક્ષાએ

આવું લખ્યું છે તે જણાવો. તો અત્રે આ અંગે વિચાર કરીએ તે પૂર્વે કયા પાઠને અનુલક્ષીને આવું વિધાન થયું હતું તે જોઈ લઈએ –

आया भंते! परमाणुपोग्गले, अन्ने परमाणुपोग्गले? एवं जहा सोहम्मे तहा परमाणुपोग्गले वि भाणियव्वे।

आया भंते! दुपदेसिए खंधे, अन्ने दुपएसिए खंधे? गोयमा! दुपएसिए खंधे सिय आया, सिय नोआया, सिय अवत्तव्वं - आया ति य नोआया ति य, सिय आया य नोआया य, सिय आया य अवत्तव्वं - आया ति य नोआया ति य, सिय नोआया य अवत्तव्वं - आया ति य नोआया ति य ।

से केणट्ठेणं भंते! एवं तं चेव जाव नोआया य अवत्तव्वं - आया ति य नोआया ति य? गोयमा! अप्पणो आदिट्ठे आया; परस्स आदिट्ठे नोआया; तदुभयस्स आदिट्ठे अवत्तव्वं - दुपएसिए खंधे आया ति य नोआया ति य; देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे दुपदेसिए खंधे आया य नोआया य; देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे तदुभयपज्जवे दुपएसिए खंधे आया य अवत्तव्वं - आया ति य नोआया ति य; देसे आदिट्ठे असब्भावपज्जवे देसे आदिट्ठे तदुभयपज्जवे दुपएसिए खंधे नोआया य अवत्तव्वं - आता ति य नोआया ति य । से तेणट्ठेणं तं चेव जाव नोआया ति य । (*ભગવતીજી* – ૧૨.૧૦)

આમ તો આ પાઠ સ્વયં જ એટલો જ સ્પષ્ટ છે કે તેના પર વિશેષ વિવરણની જરૂર જ નથી લાગતી. છતાંય જોઈએ તો અત્રે દ્વિપ્રદેશિક સ્કંધમાં કુલ ૬ ભાંગા દર્શાવ્યા છે – ૧. દ્વિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે. ૨. દ્વિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા નથી. ૩. દ્વિપ્રદેશિક સ્કંધ સ્યાદવક્તવ્ય છે. ૪. દ્વિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે અને સ્યાદાત્મા નથી. ૫. દ્વિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે અને સ્યાદવક્તવ્ય છે. ૬. દ્વિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા નથી અને સ્યાદવક્તવ્ય છે. આવા ૬ ભાંગા થવાનું કારણ તે તે વખતે લાગુ થનારી વિશેષ અપેક્ષાઓ જ છે. આ અપેક્ષાનું વિવરણ આ પ્રમાણે પ્રભુ વીરે જણાવ્યું છે – ૧. દ્વિપ્રદેશિક સ્કંધ સદ્ભાવપર્યાયોની અપેક્ષાએ આત્મા છે. ૨. દ્વિપ્રદેશિક સ્કંધ અસદ્ભાવપર્યાયોની અપેક્ષાએ આત્મા નથી. ૩. દ્વિપ્રદેશિક સ્કંધ સદ્ભાવપર્યાયો અને અસદ્ભાવપર્યાયો –

ઉભયની અપેક્ષાએ અવક્તવ્ય છે. ૪. દ્વિપ્રદેશિક સ્કંધના એક દેશમાં સદ્ભાવપર્યાયોનો આદેશ કરો અને અન્ય દેશમાં અસદ્ભાવપર્યાયોનો આદેશ કરો તો આત્મા છે અને આત્મા નથી. ૫. દ્વિપ્રદેશિક સ્કંધના એક દેશમાં સદ્ભાવપર્યાયોનો આદેશ કરો અને અન્ય દેશમાં ઉભયપર્યાયોનો આદેશ કરો તો આત્મા છે અને અવક્તવ્ય છે. ૬. દ્વિપ્રદેશિક સ્કંધના એક દેશમાં અસદ્ભાવપર્યાયોનો આદેશ કરો અને અન્ય દેશમાં ઉભયપર્યાયોનો આદેશ કરો તો આત્મા નથી અને અવક્તવ્ય છે. પરમાણુ પુદ્ગલમાં પ્રથમ ત્રણ ભાંગા જ દર્શાવાયા છે અને દ્વિપ્રદેશિક સ્કંધમાં ૬ ભાંગા દર્શાવાયા છે એ અત્રે ધ્યાનપાત્ર મુદ્દો છે.

આ પછી ત્રિપ્રદેશિક સ્કંધ સંબંધી ભાંગાની પૃચ્છામાં કુલ ૧૩ ભાંગા જણાવાયા છે (જેનો પાઠ વિસ્તારભયથી અહીં મૂક્યો નથી, પણ મૂળસૂત્રમાં જોઈ શકાશે.) –

(૧) ૧. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે. (૨) ૨. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા નથી. (૩) ૩. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદવક્તવ્ય છે. (૪) ૪. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે અને સ્યાદાત્મા નથી. ૫. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે અને સ્યાદાત્માઓ નથી. ૬. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્માઓ છે અને સ્યાદાત્મા નથી. (૫) ૭. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે અને સ્યાદવક્તવ્ય છે. ૮. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે અને સ્યાદવક્તવ્યો છે. ૯. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્માઓ છે અને સ્યાદવક્તવ્ય છે. (૬) ૧૦. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા નથી અને સ્યાદવક્તવ્ય છે. ૧૧. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા નથી અને સ્યાદવક્તવ્યો છે. ૧૨. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્માઓ નથી અને સ્યાદવક્તવ્ય છે. (૭) ૧૩. ત્રિપ્રદેશિક સ્કંધ સ્યાદાત્મા છે, સ્યાદાત્મા નથી અને સ્યાદવક્તવ્ય છે.

આમાં () માં લખેલા અંકો પર ધ્યાન આપીશું તો જણાશે કે ત્રિપ્રદેશિક સ્કંધમાં મૂળ ભાંગા તો ૭ જ છે, જે વિસ્તાર છે તે તો એક-અનેકનો છે. આ જ રીતે ચતુઃપ્રદેશિક સ્કંધમાં ૧૯, પંચપ્રદેશિક સ્કંધમાં ૨૨ અને ષટ્પ્રદેશિક સ્કંધમાં ૨૩ ભાંગા થાય છે, તેમાં પણ મૂળ ભાંગા તો ૭ જ છે.

આ સમગ્ર ચર્ચાનો સારભાગ એ છે કે સાંયોગિક ભાંગા માટે દેશભેદ અનિવાર્ય છે. પરમાણુમાં દેશભેદ સંભવિત ન હોવાથી ૩ જ ભાંગા થાય છે, દ્વિપ્રદેશિક સ્કંધમાં બે દેશ સંભવિત હોવાથી ૬ ભાંગા થાય છે અને ત્રિપ્રદેશિક સ્કંધમાં ત્રણ દેશભેદ સંભવિત હોવાથી ૭ ભાંગા થાય છે. / **त्रै.**

52.-54. ✉ (🔗 ∑ 110 કિલ્બિષિક ચારિત્રી અને કિલ્બિષિક દેવ)

અપ્રશસ્ત ભાવનાઓ કુલ ૫ છે – કાંદર્પી, કિલ્બિષી, આભિયોગી, આસુરી અને સાંમોહી. જે સાધુઓ આ અપ્રશસ્ત ભાવનાઓ દ્વારા આત્માને વાસિત કરે છે તેઓ તેવા પ્રકારના કાંદર્પિક, કિલ્બિષિક વગેરે દેવયોનિમાં જન્મ લે છે એમ *બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૧૨૯૪ માં જણાવાયું છે. એટલે અત્રે લેખક મુનિભગવંતે કિલ્બિષિક ચારિત્રી અને કિલ્બિષિક દેવ વચ્ચે સંબંધ હોવાની જે કલ્પના કરી છે તે યોગ્ય જ જણાય છે. ફક્ત આવા ચારિત્રધર આત્માઓ જ કિલ્બિષિક દેવ બને, બીજા નહીં એવો નિયમ સમજી શકાય નહીં. ⁄ **त्रै.**

કિલ્બિષિક ચારિત્રી જ કિલ્બિષિક દેવ બને છે એવું નીચેના વર્ણનથી જણાતું નથી.

धम्मायाररयाणं आयरियाणं विसुद्धसीलाणं ।
सुत्तप्पवत्तयाणं उज्झायाणं गुणनिहीणं ।।३।।
कुलगणसंघाणं पि पडिणीया जे हवंति इह जीवा ।
विउलं पि तवं काउं ते किब्बिसिएसु जायंति ।।४।। (*મહાવીરચરિયં* – ૮ પ્રસ્તાવ)

સાધુધર્મના આચારમાં રહેલા, વિશુદ્ધ શીલવાળા આચાર્યના તથા સૂત્રની પ્રવૃત્તિ કરનાર (-ભણાવનાર) અને ગુણના નિધાનરૂપ ઉપાધ્યાયના તેમજ કુળ, ગણ અને સંઘના જેઓ પ્રત્યનીક હોય છે તે જીવો મોટું તપ કરીને પણ કિલ્બિષિક દેવોમાં ઉત્પન્ન થાય છે. આથી જણાય છે કે સાધુ સિવાયના જીવો પણ આવી રીતે નિંદાદિ કરે તો કિલ્બિષિક બની શકે છે. તેથી એ જીવોની જેમ કિલ્બિષિક ચારિત્રી પણ કિલ્બિષિક દેવ બને છે. એ વાત બરાબર જણાય છે. ⁄ **મુનિ શ્રીપદ્મચંદ્રસાગરજી ગણિ** (સાગરજી મહારાજનો સમુદાય)

આ જ વાતની પુષ્ટિ કરનારો પાઠ *શ્રીવિજયપ્રદ્યુમ્નસૂરિજી* મહારાજ સંપાદિત, *શ્રીધર્મદાસગણિ* રચિત *ઉપદેશમાલા* ના *શ્રીનન્નસૂરિજી* કૃત *બાલાવબોધ* માં મળે છે –

विग्गहविवायरुइणो, कुलगणसंघेण बाहिरकयस्स ।
नत्थि किर देवलोए वि, देवसमिईसु अवगासो ।।७०।।

બાલાવબોધ - વિગ્રહ- ઝૂંઝ, વિવાદ- વચનકલહ, તેહ ઊપરિ અભિલાષ છઈ જેહનઈં, કુલ ચંદ્રાદિક, ગણ- ગચ્છ, સંઘ ચતુર્વિધ, તેહે બાહિરિ કીધઉ છઈ, ઈસિયાહંઈ દેવલોકિ- દેવસભા માહિ પ્રવેશ નથી. તે મરી કિલ્બિષીઉ દેવ થાઈ ઈસિઉ ભાવ. ⁄ **મુનિ શ્રીમલયગિરિવિજયજી, મુનિ શ્રીપ્રેમહંસવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

55. ✉ (🔗 ? 13 પ્રભુનું સિંહાસન સ્ફટિકમય કે સુવર્ણમય?)

*કુવલયમાળા* ગ્રંથમાં *શ્રીઉદ્યોતનસૂરિજી* એ ધર્મનાથ ભગવાનના સમવસરણના વર્ણનમાં સિંહાસનનું વર્ણન કર્યું છે –

एतस्याऽन्तराले रचितं देवेन मणिमयं तुङ्गम् ।
काञ्चनशैलमिव स्थिरं वरासनं भुवननाथस्य ॥

અત્રે સિંહાસન મણિમય અને કાંચનશૈલ જેવું સ્થિર જણાવાયું છે. ✍ **મુનિ શ્રીનિરાગચંદ્રસાગરજી** (સાગરજી મહારાજનો સમુદાય)

56. ✉ (🔗 ∑ 115 સાન્નિપાતિકના ૨૬ ભાંગા)

*શ્રીદેવેન્દ્રસૂરિજી* વિરચિત નવ્યકર્મગ્રંથ – ૪ ની ગાથા – ૬૮ માં સાન્નિપાતિક ભાવના ૧૫ ભાંગા કરતાં જણાવ્યું છે કે - इय पन्नर सन्निवाइय, भेया वीसं असंभविणो તથા, આ જ ગાથાની સ્વોપજ્ઞ ટીકામાં પણ જણાવાયું છે કે – वीसं असंभविणो त्ति विंशतिसङ्ख्याः संयोगाः असम्भाविनः, प्ररूपणामात्रभावित्वेन न जीवेषु तेषां सम्भवोऽस्तीति ॥ આથી, સમાધાન રૂપ 'વિંશતિ' પાઠ જ યોગ્ય જણાય છે. ✍ **મુનિ શ્રીનિર્ગ્રંથચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

57. ✉ (🔗 ∑ 98 ૨૪ તીર્થંકરોને દેવદૂષ્ય વસ્ત્ર ક્યાં સુધી રહ્યું?)

અત્રે ચોવીસ પ્રભુને દેવદૂષ્ય વસ્ત્ર ક્યાં સુધી રહ્યું તેના ૨ મતાંતર જણાવાયા છે. તેમાં *લોકપ્રકાશ* ના પાઠ કરતાં *સપ્તતિશતસ્થાનક* ગ્રંથના મતને ભિન્ન જણાવ્યો છે. આ વખતે *કલ્પસુબોધિકા* ના વાંચન સમયે ધ્યાન ગયું કે *ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી* એ તેમાં *સપ્તતિશતસ્થાનક* થી ભિન્ન પ્રરૂપણામાં આધાર તરીકે *જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ* નો પાઠ આપ્યો છે - उसभे णं अरहा कोसलिए संवच्छरं साहिअं चीवरधारी होत्थ त्ति । સાથે *સપ્તતિશતસ્થાનક* નો પાઠ પણ આપ્યો જ છે. આના પરથી સમજી શકાય કે તેઓશ્રીએ *લોકપ્રકાશ* માં જે વાત કરી છે તે *જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ* ના ઉપરોક્ત પાઠના આધારે જ કહી હશે. - **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

58. ✉ (🔗 ∑ 115 દંડકપ્રકરણ અને ષડશીતિમાં ભિન્ન-ભિન્ન અલ્પબહુત્વ વિશે)

અત્રે જેમ *દંડકસૂત્ર* ના **पज्ज मणु...** પદના **पज्ज** શબ્દને દરેક પદ સાથે જોડવાનું તેમણે જણાવ્યું છે તે જ રીતે **बायर** પદ, જે અગ્નિકાય માટે લખાયું છે તે પણ, પ્રત્યેક પદમાં યથાયોગ્ય જોડવું જોઈએ. કારણ કે *દંડક* માં બાદર અગ્નિકાયથી વૈજ્ઞાનિક દેવો, ભવનપતિ, નારકો, વ્યંતર દેવો, જ્યોતિષી દેવો, ચઉરેન્દ્રિયો અનુક્રમે અસંખ્યગુણ, ત્યારબાદ પંચેન્દ્રિય તિર્યંચ, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અનુક્રમે વિશેષાધિક, તેનાથી પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અનુક્રમે અસંખ્યગુણ અને વનસ્પતિકાય અનંતગુણ કહ્યા છે. જ્યારે, *ષડશીતિ* માં તેઉકાયના જીવોથી પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાય અનુક્રમે વિશેષાધિક કહ્યા છે. અર્થાત્ *ષડશીતિ* માં સૂક્ષ્મ અને બાદર બંનેને સંયુક્ત ગણવા જોઈએ.

પર્યાપ્ત-પદની જેમ બાદર-પદની અનુવૃત્તિ યથાયોગ્ય પદ સાથે જોડવી તે માટે ટીકાકારનું સમર્થન આપતું વચન –

पज्जत्ति बायरत्ति पदं वदतः सूत्रकृतोऽयमाशयो – यदहं पर्याप्तबादर-जीवविषयमेवाऽल्पत्वबहुत्वं वदिष्यामि नाऽपर्याप्तसूक्ष्मविषयमिति ।। (ગાથા ૪૨ – ટીકા) ✍ **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## *શ્રુતશુદ્ધિ*

આપણે અભ્યાસ કરીએ એટલે સામાન્ય રીતે એવું બને જ કે આપણને તે તે ગ્રંથોમાં કે પુસ્તકોમાં અમુક ઠેકાણે શુદ્ધિપાત્ર સ્થાનો જડે. આવી અશુદ્ધિઓ કોઈક વાર મુદ્રણદોષોની નીપજ હોય, તો કેટલીક વાર સંપાદક-સંશોધકના ગલત અર્થબોધના કારણે પણ તે સર્જાતી હોય. અનવધાન, સમાંતર સંદર્ભોનો અનભ્યાસ તેમ જ મુદ્રણકળાની સમજણનો અભાવ પણ આમાં કારણભૂત હોઈ શકે. તો છદ્મસ્થસુલભ અનાભોગ તો બધે પોતાનો પરચો દેખાડે જ. હવે જો આવી અશુદ્ધિઓ આપણને જડી તો શું કરવું? આ પ્રશ્ન બધાને મૂંઝવતો હોય છે. અન્ય અભ્યાસીઓ-વિદ્યાર્થીઓ સુધી સાચા પાઠ પહોંચે તો એમને ઘણી સરળતા થાય, ખોટો અર્થબોધ કરતાં તે અટકે અને સાચા અર્થઘટન તથા ગ્રંથકર્તાના સમ્યગ્ આશય સુધી તેઓ સહેલાઈથી પહોંચી શકે એમ બને. પણ તે કરવું

કેમ? ધારો કે આપણે સીધું સંપાદક-સંશોધકને જ તે શુદ્ધિપત્રક પહોંચાડી દીધું, પણ પછી શું? વાત ત્યાં તો પૂરી નથી જ થતી. એ પણ બધે જાણ કેવી રીતે કરશે તે પ્રશ્ન તો એમનો એમ ઊભો જ રહે છે. અને જો એ મહાત્માએ એ શુદ્ધિપત્રક કોઈપણ કારણસર ધ્યાન પર ન લીધું તો તો જાય બધી મહેનત પાણીમાં! આપણે તો કદાચ - કર્મનિર્જરા થઈ એ લાભ - એમ કહીને મન મનાવી લઈએ પણ અન્ય વિદ્યાર્થીઓ એનાથી વંચિત રહી જાય તેનું શું?

અને મુશ્કેલી તો ખરેખર એ પણ છે કે સ્વયં સંપાદન-સંશોધનકારને જ ગ્રંથ છપાયા પછી અને તેનું વ્યાપક વિતરણ થયા પછી ધારો કે કોઈ ક્ષતિ નજરે ચડી, તો એ શું કરે? એ ત્રણ-ચાર અશુદ્ધિઓ માટે થઈને જેટલે ઠેકાણે પુસ્તકો મોકલ્યાં છે તે બધાને યાદ કરી કરીને નવેસરથી આખું તંત્ર ગોઠવીને એના કાગળ બધે પહોંચાડવા એ કંઈ જેવીતેવી મહેનતનું કામ નથી જ. અલબત્ત, આ મહેનત નિરર્થક નથી જતી, પણ પ્રતિભા અને પુરુષાર્થ, સમય અને શક્તિ આવાં કાર્યોમાં વપરાય તેના કરતાં વધુ મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ કાર્યો માટે વપરાય તે ઇચ્છનીય છે. (અમને પોતાને જ *બૃહત્કલ્પચૂર્ણિ* – ખંડ – ૧ માં આ મુશ્કેલીનો અનુભવ થયો.) અને દર વખતે ગ્રંથ કુલ કેટલાં ઠેકાણે ગયો છે તેનો અંદાજ આપણને હોય જ તેવું ન પણ બને. અને તો વ્યવસ્થાના અભાવે ખોટું અધ્યયન થયા કરે તેની જવાબદારી કોની?

કમનસીબે, સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં *અનુસંધાન* ને બાદ કરતાં એવું એક પણ સામયિક પ્રાયઃ નથી કે જે આવાં શુદ્ધિપત્રક છાપતું હોય. અને *અનુસંધાન* ની ઉચ્ચ કક્ષાને લીધે એનો ફેલાવો સ્વયં એટલો સીમિત છે કે આપણે આ કાર્ય માટે બીજી વ્યવસ્થા ઊભી કરવી જ પડે.

**શ્રુતસંવિભાગ** નું માળખું પહેલેથી એવું ગોઠવાયું છે કે તે સ્વાધ્યાયને લગતી કોઈપણ વાત માટે The Forum of All Purpose બની શકે. તેથી આ અંકથી **શ્રુતશુદ્ધિ** એ નામથી એક નવા જ વિભાગનો આરંભ થઈ રહ્યો છે. આ વિભાગમાં ફક્ત શુદ્ધિપત્રક જ પ્રગટ કરવામાં આવશે. શુદ્ધિપત્રક સાથે આટલી વિગતો નોંધવામાં આવશે – ૧. તે કયા ગ્રંથનું છે ૨. સંબંધિત વ્યક્તિ (સંપાદક-સંશોધક વગેરે) ૩. પ્રકાશક સંસ્થા અને વર્ષ ૪. શુદ્ધિપત્રક તૈયાર કરનાર મુનિવર્ય. [આમાંથી ક્રમાંક ૨-૩ માંથી કોઈ એક વિગત ન નોંધીએ તો પણ ચાલે. અને ક્રમાંક ૪ ની વિગત પણ અનિવાર્ય નથી.] શુદ્ધિપત્રકમાં ૪ કોલમ કરવી – ૧. પૃષ્ઠ ૨. પંક્તિ ૩. અશુદ્ધિ ૪. શુદ્ધિ.

આ પ્રવૃત્તિને સ્વાધ્યાયના ઉદ્દેશ્યથી આરંભેલા ઉપર જણાવેલા દૃષ્ટિકોણથી જ મૂલવવા ભલામણ છે. આને કોઈ ક્લેશ જન્માવવા માટે આરંભેલી પ્રવૃત્તિ તરીકે ન ગણે અને તેવી રીતે તેનો ઉપયોગ પણ ન કરે તેવી હાર્દિક વિનંતિ. શાસ્ત્રાભ્યાસ અને શાસનની આરાધના આપણને વધુ ઉદાર, સહિષ્ણુ તેમ જ સત્યનિષ્ઠ બનાવે છે તેવી વડીલો તરફથી હમેશાં હિતશિક્ષા મળતી રહી છે. અને બધે તેમ જ હશે તેવો વિશ્વાસ જ આ પ્રવૃત્તિનું ચાલકબળ છે. **/ત્રૈ.**

## શ્રુતશુદ્ધિ – ૧

ગ્રંથ – બૃહત્કલ્પસૂત્ર – ભાગ – ૧

સંપાદક – આ. શ્રીવિજયશીલચંદ્રસૂરિજી, મુનિ ત્રૈલોક્યમંડનવિજયજી

પ્રકાશક – હેમચંદ્રાચાર્ય શિક્ષણનિધિ – અમદાવાદ, સં. ૨૦૭૪

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 51 | ૭ | ટિ. ૮૪ | ટિ. ૮૫ |
| 51 | ૯ | ટિ. ૮૫ | ટિ. ૮૪ |
| ૨૧૫ | ૯ | मा(वा)से | मासे |
| ૨૧૫ | ૧૧ | व सरा(र)य | दसराय |

*

## શ્રુતશુદ્ધિ - ૨

ગ્રંથ – ઓઘનિર્યુક્તિ – ભાગ – ૧ વિવેચનકાર – મુનિ શ્રીગુણહંસવિજયજી

પ્રકાશક – કમલ પ્રકાશન ટ્રસ્ટ – અમદાવાદ, સં. ૨૦૬૩

શુદ્ધિ – ત્રૈ. અને સહવર્તી મુનિગણ

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૫૩ | ૯ | डापि | टापि |
| ૭૦ | ૭ | वृत्तिभूताः | वृतिभूताः |
| ૭૦ | ૭ | वृत्ति• | वृति• |
| ૭૪ | ૧ | दर्शनशद्ध• | दर्शनशुद्ध• |
| ૭૫ | ૫ | सङ्ख्याः | सङ्ख्या |
| ૯૧ | ૧૨ | लोचना अपराध• | लोचना [आ] अपराध• |
| ૧૨૦ | ૧ | दृष्टि संपातपरिहारः | दृष्टिसंपातं परिहरेत् |

| | | | |
|---|---|---|---|
| १२२ | ७ | व्रत्यव्रती (तिनौ) वा | व्रत्यव्रती वा |
| १७३ | ८ | सागरिकः | सागारिकः |
| १७४ | ११ | प्रसङ्गात् ?, | प्रसङ्गात्, |
| १९० | ७ | •शब्दत्कर्षक• | •शब्दात्कर्षक• |
| १९२ | १,२ | स्त्री मार्गं | स्त्रीमार्गं |
| २१० | ४ | शुष्कः - चिक्खल्ल | शुष्कः चिक्खल्ल |
| २२६ | ४ | इदानी | इदानीं |
| २९० | ८ | संयमि• | संयम• |
| २९० | ७ | विशेषो? | विशेषो |
| २९९ | ४ | तदाह (तनाह) - | तदाह - |
| २९९ | ८ | शब्दाद्दुष्टवागादि• | शब्दाद् दृष्टिवागादि• |
| ३०१ | ६ | संहङ्कः | संटङ्कः |
| ३५७ | ८ | सञ्झिकुले | सञ्ज्ञिकुले |
| ३५७ | ८ | संशिकुले | सञ्ज्ञिकुले |
| ३७६ | १ | (संवसिहित्ति) | - |
| ३८२ | ८ | •कुशीलनिण्हवास्तेषां | •कुशीलास्तेषां |
| ३८२ | १० | •निण्हावकानां | •निह्नवकानां |
| ३९४ | ३ | पडुच्छि• | पडुच्छि• |
| ४४३ | १ | यात्रादौ | स्नात्रादौ |
| ४९६ | ११ | यतंति (ते)? | यतंति? |
| ५०७ | १३ | इत्यवयवं तं | इत्यवयवेन तद् |
| ५७६ | ११ | साघयति | साधयति |
| ६०९ | १३ | सिंगारो | संगारो |

| | | | |
|---|---|---|---|
| ૬૪૩ | ૫ | तेणा | स्तेना |
| ૬૫૩ | ૯ | उपांश्रयं | उपाश्रयं |
| ૬૫૫ | ૧ | शुष्केन | शुक्लेन |
| ૬૯૫ | ૧૧ | निवेदयति | निवेदयन्ति |
| ૭૨૬ | ૯ | ८ | २० |
| ૭૪૯ | ૫ | (आचार्याणां) | - |
| ૮૧૬ | ૬ | पश्यति | पश्यन्ति |
| ૮૧૬ | ૬ | पृच्छति | पृच्छन्ति |
| ૮૨૮ | ૧૨ | भुञ्जते | भुङ्क्ते |
| ૮૩૨ | ૧૧ | तामिदानीं | तदिदानीं |
| ૮૩૩ | ૧ | संबन्धिनीं | संबन्धिनी |

*

## શ્રુતશુદ્ધિ - ૩

ગ્રંથ – ઓઘનિર્યુક્તિ (પૂર્વાર્ધ)

પ્રકાશક – આગમોદય સમિતિ, સં. ૧૯૭૫

શુદ્ધિ – ત્રૈ. અને સહવર્તી મુનિગણ

| **પૃષ્ઠ** | **પંક્તિ** | **અશુદ્ધિ** | **શુદ્ધિ** |
|---|---|---|---|
| ૩-A | ૨ | निउणा | निउणं |
| ૩-A | ૭ | संजातान | संजाता न |
| ૭-B | ૪ | यदुभयत्र क्वचित्तत्र | यदुत यत्र क्वचित् सम्बन्धस्तत्र |
| ૮-A | ૧૪ | चत्वार? इत्युच्यते, विशिष्ट• | चत्वार इत्युच्यते? विशिष्ट• |
| ૯-B | ૯ | सङ्ख्याः | सङ्ख्या |
| ૧૨-A | ૯ | •लोचना अपराध• | ••लोचना [आ] अपराध• |

| | | | |
|---|---|---|---|
| १३-B | १० | •सकारणगच्छन्• | •सकारण[निष्कारण]गच्छन्• |
| १५-A | ४ | कोहा | को |
| १५-B | १ | दिट्ठीइ संकमइ | दिट्ठीइ [न] संकमइ |
| १५-B | ११ | दृष्टिसंपातपरिहारः | दृष्टिसंपातं परिहरेत् |
| १५-B | ११ | दृष्टेः संक्रामंते | दृष्टेः [न] संक्रामन्ते |
| १६-A | १० | (को जानाति न) | (को जानाति) |
| १६-A | ११ | वसेति | वसे इति |
| १७-A | ५ | भणणति - जो(जइ) समत्थो तुमं | भणणति जो समत्थो – तुमं |
| १९-A | १ | कुप्येत्? | कुप्येत् |
| १९-A | ३ | प्रद्विष्यति | प्रद्विष्यात् |
| १९-A | १३ | राजद्विष्टो | राजा द्विष्टो |
| १९-B | ४ | स्थानं तद् व्याख्यायाः | स्थानमेतद् व्याख्यायाः |
| २०-B | ६ | तेसिं पासे | तेसिं [पि] पासे |
| २१-A | ६ | अहो? कीस | अहो! कीस |
| २२-A | १ | •मन्त्रयन्त्यसौ | •मन्त्रयत्यसौ |
| २२-A | ९ | विदधाति | विदधति |
| २४-A | १ | ·ग्राहिकेन | ·ग्राहिकेण |
| २४-A | ४ | प्साटा• | झाटा• |
| २४-B | ६ | दुविहा [जहा जयणा] तिविहा | दुविहा तिविहा |
| २५-A | १ | पृच्छनीयं | प्रच्छनीयं |
| २५-A | ६ | अन्यधार्मिक• | [साधर्मिक]अन्यधार्मिक• |

| | | | |
|---|---|---|---|
| २५-A | ७ | पृच्छनीयं | प्रच्छनीयं |
| २५-B | १ | पृच्छनीय• | प्रच्छनीय• |
| २५-B | ६ | पृच्छनीय | प्रच्छनीय |
| २५-B | ११ | पृच्छनीयः | प्रच्छनीयः |
| २५-B | १४ | स्त्रीमार्गं | स्त्रीर्मार्गं |
| २६-A | १ | दृढस्मृतिः, अथ स्थविरा न भवति ततस्तरुणी प्रष्टव्या, तदभावे | दृढस्मृतिः, तदभावे |
| २६-A | ८ | एक्को उ | एक्को [भेओ] उ |
| २६-B | ११ | तरुणी थेर साहम्मिणी | तरुणी साहम्मिणी |
| २६-B | ११ | साहम्मिणी नपुंसय• | साहम्मिणी [मज्झिम]नपुंसय• |
| २६-B | ११ | मज्झिमनपुंसय• | थेरनपुंसय• |
| २६-B | १३ | तरुणी साहम्मिणी मज्झिमो नपुंसय साहम्मिओ य ४३, थेरनपुंसयसाहम्मिओ तरुणनपुंसयसाहम्मिओ अ ४४ | मज्झिमनपुंसयसाहम्मिओ थेरनपुंसयसाहम्मिओ य ४३, मज्झिमनपुंसयसाहम्मिओ तरुणनपुंसयसाहम्मिओ य ४४, थेरनपुंसयसाहम्मिओ तरुणनपुंसयसाहम्मिओ य ४५ |
| २७-B | ३ | अण्णधम्मिअथेरी अण्णधम्मिअथेरनपुंसगो य ३७, अण्णधम्मिअथेरी अणधम्मिअमज्झिमनपुंसगो य ३८ | अण्णधम्मिअथेरी अण्णधम्मिअमज्झिमनपुंसगो य ३७, अण्णधम्मिअथेरी अण्णधम्मिअथेरनपुंसगो य ३८ |

| | | | |
|---|---|---|---|
| २७-B | ५ | ४२, अन्नधम्मिअतरुणी अन्नधम्मिअमज्झिमनपुंसगो य ४३, अन्नधम्मिअमज्झिम• | ४२, अन्नधम्मिअमज्झिम• |
| २७-B | ६ | •थेरी• | •थेर• |
| २७-B | ६ | ४४ | ४३ |
| २७-B | ७ | ४५ | ४४ |
| २७-B | ७ | ४६ | ४५ |
| २८-A | ६,७ | साहम्मिअतरुणपुरिसो अन्नधम्मिअतरुणनपुंसगो य ८, साहम्मिअतरुणपुरिसो अन्नधम्मिअथेरनपुंसगो य ९, | साहम्मिअतरुणपुरिसो अन्नधम्मिअथेरनपुंसगो य ८, साहम्मिअतरुणपुरिसो अन्नधम्मिअतरुणनपुंसगो य ९, |
| २९-A | १३ | शुष्कः – चिक्खल्ल | शुष्कः चिक्खल्ल |
| २९-B | ८ | मधुसित्थको• | मधुसिक्थको• |
| ३०-A | १२ | •सपच्चवायभेय• | •सपच्चवाय[निपच्चवाय]भेय• |
| ३०-B | ७ | निर्व्रण च | निर्व्रणा [निर्ग्रन्थिः] च |
| ३१-A | ७ | सापायो वा नास्ति | सापायो, [निरपायो] नास्ति |
| ३२-A | १ | पाषाणादि, यो | पाषाणादेर्यो |
| ३२-A | ३ | अदूरंमि ॥३२॥ | अदूरंमि ॥३३॥ |
| ३२-A | ५ | असभयश्चेति | अभयश्चेति |
| ३२-A | ६ | चलः – अनासक्तः | चल - अण - सभ |
| ३२-A | १० | चेव ॥३३॥ | चेव ॥३४॥ |
| ३२-A | ११ | •सित्थु• | •सिक्थ• |

| | | | |
|---|---|---|---|
| ३२-B | ११ | अगाराणां | अगारिणां |
| ३३-B | १ | अणावाहे | अणाबाहे |
| ३३-B | ३ | कुशलेन | कुसलेन |
| ३३-B | ८ | चक्खल्लाउडुओ (चम्मक्खल्लाहुओ) | चक्खल्ला (चम्मक्खल्ला), उडुओ |
| ३५-A | ३ | गुडूचीमुद्गादीनां | गुडूची[कङ्कटुक]मुद्गादीनां |
| ३५-B | २,३ | पृथिवीं त्यक्त्वैव | पृथिवी त्वस्त्येव |
| ३६-A | ८ | •निमित्तं देह• | •निमित्तं [तु] देह• |
| ३६-A | १२ | विशेषो? | विशेषो |
| ३७-A | ७ | तुल्लग्गहणेण संवलिआणं | तुल्लग्गहणेण [केवलेणं] संवलिआणं |
| ३७-A | ९ | श्रद्धामता• | श्रद्धावता• |
| ३९-A | ६ | संजइओ वि | संजईओ वि |
| ३९-A | ११ | •द्रव्यं | •द्रव्यैः |
| ३९-B | ९ | पृच्छ्य | प्रच्छ्य |
| ४०-A | ३ | पक्खा | पक्खं |
| ४२-A | ६ | उपलब्धश्चरक• | उपलब्धः [पाठः] चरक• |
| ४२-B | १ | ग्लाने | ग्लानः |
| ४२-B | ६ | निषेधिकी | नैषेधिकी |
| ४२-B | ७ | निषीधिकायां | नैषेधिक्यां |
| ४६-A | ९ | ततो | तेन |
| ४६-B | २ | ततोहितो | ततोहुत्तो |

| | | | |
|---|---|---|---|
| ४६-B | ३ | तुम्हमावासो | [न] तुम्हमावासो |
| ४६-B | ५ | यात्रोद्गहदारुणा (त्रोद्गते भोजिके दण्डिके च तृणेन दारुणा च) | यात्रोद्गतभोगिकदण्डिनोर्गृह-दारुणा |
| ४७-A | ७ | कृतंपए | कयं पए |
| ४७-B | ३ | •तत्र | •तन्न |
| ४७-B | ४ | स्युः? | स्युः, |
| ४८-A | ४ | •विराधना प्रवचनो• | •विराधना [संयमविराधना] प्रवचनो• |
| ४८-A | ८ | आइन्नगेलण्णं | आइन्न[खद्ध]गेलण्णं |
| ४८-A | १० | •गेलण | •गेलण्णं |
| ५०-A | ५ | बहुं | बहु |
| ५२-B | ४ | मुणि(पिसा)ऊ | मुणिऊ |
| ५२-B | ८ | कुटिकापवड्डुकेन कटकेन पश्यति | कुटिकाफड्डुकेन पश्यति |
| ५३-B | ४ | •तिष्ठति साधु• | •तिष्ठति । साधु• |
| ५४-A | १ | पंचेव | [ति] पंचेव |
| ५४-A | ३ | अन्यद् ग्रामं | अन्यं ग्रामं |
| ५४-B | १० | इयरेत्ति - इतरे इत्यदृष्टानां परामर्शः ते अदृष्टाः | इयरे त्ति ते अदृष्टाः |
| ५५-A | १ | प्रशस्ताज्ञात• | प्रशस्तज्ञात• |
| ५६-B | ४ | संविज्ञेषु | संविग्नेषु |
| ५७-A | १० | धनकादि | रन्धनकादि |
| ६०-A | ३ | स्तूपादि• | [चक्र]स्तूपादि• |

| | | | |
|---|---|---|---|
| ६२-B | ५ | यतनया - संक्रामणया क्षेत्र• | यतनया संक्रामणा-क्षेत्र• |
| ६३-A | १ | तं | तद् |
| ६३-B | २ | (हरि) | - |
| ६४-A | ५ | रोगे | रागे |
| ६४-B | २ | भवति, पथे (पन्था इ)त्यर्थः,तदा | भवति, तदा |
| ६५-A | ८ | एच्चिरेण एहामो | एच्चिरेण (कालेणं) एहामो |
| ६५-A | १२ | कायिका• | कायिकी• |
| ६५-B | ५ | •चिद्रूपा | •चिद् रुषा |
| ६८-B | ९ | उत्सकलय | उत्संकलय |
| ७१-B | ७ | यापयन्ति (प्यन्ते) । | यापयन्ति । |
| ७१-B | १० | •जूर्णा (जीर्णाः) स्थविराः | •जूर्णाः स्थविराः |
| ७२-A | १३ | केन केचित्सह | केनचित्सह |
| ७३-A | ११ | आचार्यः | आचार्याः |
| ७३-B | ८ | •लेखनामकृत्वा | •लेखनां कृत्वा |
| ७५-B | ११ | •सिंगारो | •संगारो |
| ७६-A | १ | •पेक्षिता तस्या | •पेक्षितायास्तस्या |
| ७६-A | २ | वसतेर्ग्रहण• | वसते[रन्यवसति]ग्रहण• |
| ७६-B | ३ | जीर्णा | जीर्णो |
| ७७-A | ४ | मार्गानभिज्ञाः | मार्गाभिज्ञाः |
| ७७-A | ६ | गच्छस्य, गच्छस्य भाव• | गच्छस्य, भाव• |
| ७८-B | १२ | किञ्चित् | किं |

| | | | |
|---|---|---|---|
| ७९-A | ९ | •स्थितः गच्छात् | •स्थितगच्छात् |
| ७९-B | १२ | •मटित्वा गताः | •मटित्वाऽऽगताः |
| ८०-A | १३ | तेणा | स्तेना |
| ८०-B | १ | संयमविराधना | संयम(आत्म)विराधना |
| ८०-B | २ | •गम(ह)णे | •गमणे |
| ८०-B | ५ | •मार्गणा, अन्वेषणे च विकाल• | •मार्गणे - अन्वेषणे विकाल• |
| ८१-A | ९ | वेसित्थिकुत्सिते | वेसित्थिकुत्सिते (दुगुंछिए) |
| ८१-B | १ | संथारुत्ति | संथारे त्ति |
| ८२-B | २ | •दण्डन• | •दण्डक• |
| ८४-B | २ | प्रतिजागर्ति- | प्रतिजागर्ति । |
| ८४-B | ६ | •प्रमादौ | •प्रमादो |
| ८५-A | १० | सञ्ज्ञयो वा | सञ्ज्येव |
| ८५-A | १२ | साम्भोगिकैश्च | साम्भोगिकै[रसाम्भोगिकै]श्च |
| ८५-B | १३ | गृह्णन्ति- | गृह्णन्ति । |
| ८६-A | ४ | वत्थव्वा । जइ | वत्थव्वा जइ |
| ८६-A | १० | भवति | भणति |
| ८६-A | १३ | अप्रघूर्णकाः | प्राघूर्णकाः |
| ८७-A | १३ | वदन्ते | वन्दन्ते |
| ८७-A | १४ | निर्युक्ताः | नियुक्ताः |
| ८७-B | ५ | निवेदयति | निवेदयन्ति |
| ८८-A | ९ | निषेधिकां | नैषेधिकीं |

| | | | |
|---|---|---|---|
| ८८-B | ५ | भुञ्जीत | भुञ्जीध्वम् |
| ९२-A | १३ | विच्छिन्नाए | वित्थिन्नाए |
| ९३-A | २ | यथा | तथा |
| ९४-A | ६ | तथाहि - एत | स्तब्धा हि एत |
| ९५-A | ५ | अतः- | - |
| ९५-B | ४ | •श्राद्धकान् | •श्राद्धकः |
| ९५-B | ४ | •श्राद्धः(द्धान्) | •श्राद्धः |
| ९५-B | ४ | •सम्यक्त्वसाधुः(श्राद्धान्) | •सम्यक्त्वः |
| ९६-B | ४ | •पतिस्तः | •पतिस्त[त]: |
| ९८-B | ४ | ज्ञातौ | ज्ञातं |
| ९९-B | ९ | अण्णाए गारीए | अण्णाएऽगारीए |
| १००-B | २ | अडविंगतया | अडविं गता |
| १०१-A | १० | तद्ग्रहणे (तत्र गमने) | तद्ग्रहणे |
| १०१-B | ८ | पूर्वनिर्युक्तान्-कस्मिंश्चिद् भिक्षावेलायां | अनियुक्ते कस्मिंश्चिद् भिक्षौ |
| १०१-B | ८ | निर्युक्त | नियुक्त |
| १०२-A | १२ | जाव | जात |
| १०३-A | २ | पश्यति | पश्यन्ति |
| १०३-A | २ | पृच्छति | पृच्छन्ति |
| १०३-B | १ | किन्तु?, | किन्तु |
| १०३-B | ३ | आचार्योऽप्यनेनैव वाक्येनोत्तरं ददाति | - |
| १०३-B | ६ | प्रथमालियंति | प्रथमालियति |

| | | | |
|---|---|---|---|
| १०४-B | ९ | भुञ्जते | भुङ्क्ते |
| १०५-A | ३ | तामिदानीं | तदिदानीं |
| १०५-A | ५ | संबन्धिनां | संबन्धिनी |
| १०६-A | २ | •हिंडिअं *[न] नगरे* | •हिंडिअं नगरे |
| १०६-A | १० | •मेवार्थ [गाथाया]मुप• | •मेवार्थमुप• |

[* આમાં મૂળ ગાથાનું પુસ્તક અલગથી પ્રકાશિત થઈ રહ્યું હોવાથી મૂળ ગાથાની અશુદ્ધિઓ નોંધી નથી. * આ સિવાય આ જ સંપાદનનું પુનઃસંપાદનપૂર્વક પુનર્મુદ્રણ આનંદ પુસ્તકાલય તરફથી પ્રકાશિત થયું છે. તેમાં તો આના કરતાં અનેકગણી વધારે અશુદ્ધિઓ હોવાથી તેનું શુદ્ધિપત્રક અત્રે રજૂ કર્યું નથી. – **त्रै.**]

* * *

## *अहो! सारल्यम्* (Quick Grammar References)

આજના સમયમાં વિદ્યાર્થીમાં ધીરજ, પરિશ્રમ, એકાગ્રતા, સાહસવૃત્તિ, યાદશક્તિ, સમજણ – આવા ગુણોનો પ્રાયઃ હ્રાસ થતો જતો હોય એવું જોવા મળે છે. અલબત્ત, આમાં સુખદ અપવાદસ્વરૂપ દાખલા બધે જ મળવાના. પરંતુ એની સંખ્યા કેટલી? બીજી તરફ, વ્યાવહારિક શિક્ષણની પદ્ધતિમાં મૂલગામી પરિવર્તન આવતું જાય છે. યાદશક્તિ કરતાં સમજણશક્તિ કેટલી તે વધુ મહત્ત્વનો પ્રશ્ન ગણાતો થયો છે. પહેલાના સમયમાં વિદ્યાર્થીઓ ગોખવામાં નીરસતા નહોતા અનુભવતા. આજે ગોખવાની વાત જ એમને ન પસંદ પડે તેવું લગભગ દેખાય છે. અને વ્યાકરણમાં તો ગોખ્યા વગર ચાલે જ નહીં. કરવું શું?

વિચારવા જેવી વાત એ પણ છે કે આપણા વડીલોના સમયમાં દીક્ષા પછી ૨૦-૨૫ વર્ષ અધ્યયન ખાતે ફાળવવામાં આવે તે સામાન્ય વાત હતી. ત્યાં સુધી સઘળી જવાબદારીમાંથી એમને મુક્ત રાખવામાં આવતા હતા. આજે શાસનપ્રભાવનાના જમાનામાં કેટલા સાધુઓ આટલો સમય વિદ્યા પાછળ ખરચવા તૈયાર થાય? અને ધારો કે તૈયાર થાય તો પણ શક્તિ કરતાં વધુ જવાબદારીનું વહન કરતાં એમના વડીલો એમને આટલો બધો સમય જવાબદારીમાંથી મુક્ત રાખે તે શક્ય ખરું?

પ્રશ્ન તો એ પણ છે કે વિદ્યાના મહિમાનો પોતાને પણ ખ્યાલ હોય અને એ વાત શિષ્યને ગળે ઉતારવા માટે પણ સક્ષમ હોય તેવી વિભૂતિઓ છે કેટલી?

આ સંજોગોમાં વ્યાકરણ ભણવું આવશ્યક (કદાચ અનિવાર્ય) છે એમ સ્વીકાર્યા પછી પણ, એ સ્વીકારને ક્રિયાન્વિત કરવાનું કેટલું અઘરું છે એનો પરચો લગભગ બધાને મળતો રહે છે. અને એકવાર સારી રીતે એનો અભ્યાસ કરી લીધા પછી પણ, કાયમ માટે એને યાદ રાખવું એ તો અતિદુષ્કર છે એમ લાગે છે. આની સામે, બુકપદ્ધતિથી કરાવાતો સંસ્કૃતભાષાનો અભ્યાસ પૂરતો નથી હોતો એ પણ સૌ કોઈ માને છે. આજે શ્રમણવર્ગમાં સંસ્કૃતભાષામાં જે લખાય છે, તેમાંનો ઘણો મોટો અંશ પોતે જ આ વાતની સાબિતી આપી શકે તેમ છે.

આ સમસ્યાના એક વચલા રસ્તા તરીકે આ વિભાગ આરંભવાનું થયું છે. આમાં, સંસ્કૃતવ્યાકરણને સંબંધિત તે તે જરૂરી વિષયને (બધા વિષયો નહીં) જેમ બને તેમ વધુ સરળ અને સરસ રીતે રજૂ કરવાનું વિચાર્યું છે. *સિદ્ધહેમવ્યાકરણ* ને જ મુખ્ય આધાર રાખીને તેમ જ વ્યાવહારિક અભ્યાસમાં પ્રચલિત કોષ્ટક અને ચાર્ટ પ્રદ્ધતિને અપનાવીને અહીં નાના-મોટા વિષયો સમજાવાશે. અલબત્ત, આ વિષય વિદ્યાર્થીઓ જાતે સમજી શકે તેવું તો ભાગ્યે જ બનવાનું. પણ, ગુરુજનોને અધ્યાપન માટે આ પદ્ધતિ અવશ્ય ખપ લાગે તેવી હશે. અને બુકપદ્ધતિથી કરાવાતો સંસ્કૃતભાષાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી આ કોઠાઓ વિદ્યાર્થીને પોતાને પણ ઉપયોગી બની શકશે. આ કોષ્ટકો કે માહિતી ગોખવાની જરૂર નથી. માત્ર થોડા-થોડા સમયે તેના પર સમજણપૂર્વક નજર ફેરવતાં રહીશું તો પણ મનમાં તેના સંસ્કારો આપોઆપ પડતા રહેશે.

જો કે આ કે આવો કોઈ પણ પ્રયાસ અભ્યાસનું મૂળભૂત સાધન નથી હોતો, પણ સહાયક સાધન હોય છે. તેથી તેમાં સંપૂર્ણતા તો ન જ હોય તે વાત ભૂલવી નહીં. આવો કોઈપણ પ્રયાસ ખરેખર તો વ્યાકરણના સંગીન અભ્યાસનો વિકલ્પ બની શકે નહીં જ. <u>ઉત્તમ વિદ્યાર્થીને તો કોઈપણ રીતે વ્યાકરણનો અભ્યાસ કરાવવો જ જોઈએ.</u> પણ જેની તેવી ક્ષમતા નથી તેના માટે કંઈક વધુ સારું કરવું જ જોઈએ એમ વિચારીને આ પ્રકલ્પ આરંભ્યો છે.

આજે સંસ્કૃતભાષામાં શ્રમણો દ્વારા લેખન વધ્યું છે. તેમાં પણ તે તે વિષયને લગતા આ કોષ્ટકો જરૂર પડે ત્યારે હાથવગા હશે તો ઉપયોગી બનશે. આ વખતે રજૂ થતાં ત્રણ કોષ્ટકો ત્રણ અલગ-અલગ શ્રમણ ભગવંતોની પૃચ્છાને અનુલક્ષીને તૈયાર કર્યાં છે. મિત્ર મુનિવરો પોતાને યોગ્ય જણાય તે વિષય માટે કોષ્ટક તૈયાર કરવાનો સૂઝાવ આપે તેવી ખાસ વિનંતિ. તમારો નિર્દેશ સૌ માટે લાભકારી બનશે. અને અત્રે રજૂ થનારી સામગ્રીમાં કોઈપણ ક્ષતિ જણાય તો ખાસ સૂચવશો. તે મુનિવરનો આભાર માનવા સાથે તે સુધારો અહીં રજૂ થશે. / **त्रै.**

## ૧. વર્તમાન કૃદંતના સ્ત્રીલિંગ અંગમાં न् નો આગમ (સિદ્ધ૦ ૨.૧.૧૧૫-૬)

| ગણ | ધાતુ | न् આગમ | ઉદાહરણ |
|---|---|---|---|
| ૧ | સર્વ | હા | गच्छन्ती |
| ૨ | આકારાંત | હા/ના | यान्ती, याती |
| ૨ | આકારાંત સિવાય | ના | रुदती |
| ૩ | સર્વ | ના | ददती |
| ૪ | સર્વ | હા | नृत्यन्ती |
| ૫ | સર્વ | ના | आप्नुवती |
| ૬ | સર્વ | હા/ના | तुदन्ती, तुदती |
| ૭ | સર્વ | ના | रुन्धती |
| ૮ | સર્વ | ના | तन्वती |
| ૯ | સર્વ | ના | क्रीणती |
| ૧૦ | સર્વ | હા | रचयन्ती |
| - | પ્રેરક | હા | कारयन्ती |
| - | ઈચ્છાદર્શક | હા | चिकीर्षन्ती |
| - | નામધાતુ | હા | पटयन्ती |

* ભવિષ્યત્કૃદંતના સ્ત્રીલિંગ અંગમાં न् નો આગમ વિકલ્પે થાય છે – करिष्यन्ती, करिष्यती.
* નપું. પ્ર./દ્વિ. દ્વિવચનમાં પણ ઉપરોક્ત નિયમો જ લાગુ થાય છે.
* अतृश्-પ્રત્યયાંત अधीयती, सुन्वती વગેરેમાં પણ ઉપરોક્ત નિયમ જ લાગુ પડે છે.

## २. પૂરણાર્થક પ્રત્યય (સિદ્ધ૦ ૭.૧.૧૫૫-૬૬)

| શબ્દ | પ્રક્રિયા | ઉદાહરણ |
|---|---|---|
| सप्तन् – दशन् | न् → म | सप्तमः, दशमः |
| एकादशन् – नवदशन् | न् × | एकादशः, द्वादशः |
| विंशति – नवविंशति | ति × / + तम | विंशः, विंशतितमः, एकविंशः, एकविंशतितमः |
| त्रिंशत् – नवपञ्चाशत् | त् × / + तम | त्रिंशः, त्रिंशत्तमः, एकचत्वारिंशः, एकचत्वारिंशत्तमः |
| षष्टि, सप्तति, अशीति, नवति | + तम | षष्टितमः, सप्ततितमः |
| एक/द्वि...नव + षष्टि, सप्तति, अशीति, नवति | इ → अ / + तम | एकषष्टः, एकषष्टितमः, एकसप्ततः, एकसप्ततितमः |
| शत, सहस्र, लक्ष | + तम | शततमः, सहस्रतमः, लक्षतमः |

* एक → प्रथमः/अग्रिमः/आदिमः, द्वि → द्वितीयः, त्रि → तृतीयः, चतुर् → चतुर्थः/तुर्यः/तुरीयः, पञ्चन् → पञ्चमः, षष् → षष्ठः
* કેટલામો, જેટલામો વગેરે અર્થોમાં इयतिथः, कियतिथः, यावतिथः, तावतिथः, एतावतिथः, कतिथः, कतिपयथः આવા પ્રયોગો થાય છે.
* પખવાડિયું, મહિનો, વર્ષના છેલ્લા દિવસો માટે अर्धमासतमः, मासतमः, संवत्सरतमः આવા પ્રયોગો થાય છે.
* प्रथमा, अग्रिमा, आदिमा, द्वितीया, तृतीया, तुर्या, तुरीया આટલા અપવાદોને બાદ કરતાં ઉપરોક્ત તમામ પ્રયોગોના સ્ત્રીલિંગમાં અંતે ई થાય છે – पञ्चमी, षष्ठी, विंशी...

## ૩. ક્રિયાના મૂળ કર્તાને પ્રેરક પ્રયોગમાં વિભક્તિ (સિદ્ધ૦ ૨.૨.૪-૯)

| ધાતુ | વિભક્તિ | ઉદાહરણ |
|---|---|---|
| ગત્યર્થક (नी, वह् સિવાય) | દ્વિતીયા | गमयति मैत्रं ग्रामं चैत्रः |
| સામાન્ય બોધાર્થક | દ્વિતીયા | बोधयति/ज्ञापयति शिष्यं धर्मं गुरुः |
| વિશેષ બોધાર્થક (ચોક્કસ રીતે જ થનારા બોધને દર્શાવતા) (दृश् આત્મનેપદ સિવાય) | દ્વિતીયા | दर्शयति मैत्रं मृगं चैत्रः, घ्रापयति मैत्रं कमलं चैत्रः, श्रावयति शिष्यं धर्मं गुरुः, स्पर्शयति मैत्रं वस्त्रं चैत्रः |
| આહારાર્થક (खाद्, अद्, भक्ष् સિવાય) | દ્વિતીયા | भोजयति मैत्रं मोदकं चैत्रः |
| શબ્દાત્મક ક્રિયાવાળા (ह्वे, शब्दाय, क्रन्द् સિવાય) | દ્વિતીયા | संभाषयति मैत्रं भार्यां चैत्रः, अध्यापयति बटुं वेदं गुरुः |
| શબ્દસ્વરૂપ કર્મવાળા | દ્વિતીયા | जल्पयति मैत्रं वाक्यं चैत्रः |
| નિત્ય અકર્મક | દ્વિતીયા | आसयति मैत्रं चैत्रः |
| नी, खाद्, अद्, ह्वे, शब्दाय, क्रन्द् | તૃતીયા | नाययति मैत्रेण भारं चैत्रः, खादयति मैत्रेण मोदकं चैत्रः, ह्वाययति मैत्रेण भार्यां चैत्रः |
| वह् (જો ભારવહન કરવા માટે અયોગ્ય વ્યક્તિ ભારનું વહન કરે તો) | તૃતીયા | वाहयति मैत्रेण भारं चैत्रः (અન્યથા - वाहयति बलीवर्दान् भारं चैत्रः) |
| भक्ष् (જો હિંસાત્મક આહાર ન હોય તો) | તૃતીયા | भक्षयति मैत्रेण पिण्डीं चैत्रः (અન્યથા - भक्षयति बलीवर्दान् सस्यं चैत्रः) |
| કર્મની વિવક્ષા ન હોય તેવા સકર્મક ધાતુઓ (ગત્યર્થક વગેરે નિત્ય દ્વિતીયાવાળા સિવાય) | દ્વિતીયા/તૃતીયા | पाचयति मैत्रं/मैत्रेण चैत्रः, लेखयति मैत्रं/मैत्रेण चैत्रः (गमयति मैत्रं चैत्रः, बोधयति मैत्रं चैत्रः) |

| | | |
|---|---|---|
| हृ, कृ (તમામ અર્થોમાં) | દ્વિતીયા/તૃતીયા | विहारयति गुरुं/गुरुणा देशं चैत्रः,<br>आहारयति मैत्रं/मैत्रेण मोदकं चैत्रः,<br>कारयति मैत्रं/मैत्रेण कटं चैत्रः |
| दृश्, अभिवद् (આત્મનેપદમાં જ) | દ્વિતીયા/તૃતીયા | दर्शयते भृत्यं/भृत्येन राजा,<br>अभिवादयते शिष्यं/शिष्येण गुरुः |

* ઉપર દર્શાવ્યા સિવાયના તમામ ધાતુઓના મૂળ કર્તાને પ્રેરક પ્રયોગમાં તૃતીયા વિભક્તિ જ થાય છે – पाचयति मैत्रेण तण्डुलं चैत्रः, लेखयति मैत्रेण लेखं चैत्रः...

* વિશેષ બોધાર્થક ધાતુઓમાં અન્ય મતે दृश् સિવાય બધે મૂળ કર્તાને પ્રેરકમાં તૃતીયા જ થાય છે - घ्रापयति मैत्रेण कमलं चैत्रः, श्रावयति शिष्येण धर्मं गुरुः...

* * *

## *શ્રુતવધામણાં*

→ **શ્રુતસંવિભાગ** પરિવારના મુનિ *શ્રીનયજ્ઞવિજયજી* (ડહેલાવાળા-સમુદાય) દ્વારા અનૂદિત *નવ્યન્યાયભાષાપ્રદીપ* અને તેની *સુપ્રભા* વૃત્તિ વિશે *શ્રીહર્ષવદન ત્રિવેદી* નો એક સરસ લેખ પ્રબુદ્ધ-જીવન ના જુલાઈ, ૨૦૧૮ ના અંકમાં પ્રકાશિત થયો છે. તેમાં આ ગ્રંથની ઉપયોગિતા તેમ જ સંપાદક-અનુવાદકની પ્રબુદ્ધતા અંગે ખૂબ સુંદર રજૂઆત થઈ છે. સૌ મિત્ર મુનિવરોને આ લેખ વાંચવા અનુરોધ છે.

→ **શ્રુતસંવિભાગ** પરિવારના મુનિ *શ્રીરાજસુંદરવિજયજી* (શ્રીરાજેંદ્રસૂરિજી-સમુદાય) ને સાહિત્ય અકાદેમી – ભારત સરકાર દ્વારા चित्रकाव्यदर्शनम् ગ્રંથ માટે સંસ્કૃત ભાષાના સંદર્ભમાં યુવા પુરસ્કાર અર્પણ થયો છે. એમની આ ઉપલબ્ધિની **શ્રુતસંવિભાગ** પરિવાર અનુમોદના કરે છે.

**શુદ્ધિ** **શ્રુતસંવિભાગ** – ૧૧, પૃ. ૩૪, પંક્તિ – ૬, આગમથી → નોઆગમથી, પંક્તિ – ૮ નોઆગમથી → આગમથી, પૃ. ૩, પંક્તિ – ૭, ૧.૧.૧.૨૨ → ૧.૧.૧.૨૧

# *વિશેષ પ્રતિસ્પંદ*

**श्रुतसंविभागः** - ११ लब्धः । त्वरितमेव आऽन्तं सरुचि पठितः अपि । अनुक्रमप्रास्ताविकमपि पठितम् । मुनिः नयज्ञविजयः विचारकः विद्वांश्चाऽस्ति । अनेन अत्र दूरस्थितेनाऽपि सहकृतमतः स साधुवादार्हः । नूतनदिगपि तेनैव दर्शिता । आत्मीयतां विना इदं न सम्भाव्यते । मुनिश्री-सौम्यप्रभविजयेनाऽपि विजयलक्ष्मीसूरिचरितावबोधार्थं १२ ग्रन्थाः सञ्चिताः । तदाधारेण च सर्वम् अन्विष्टम् । सोऽपि नवोदितः मुनिः अभिनन्दनार्हः । आवश्यकचूर्णिकृद् जिनदासगणिः नाऽस्तीति नयज्ञविजयेन सप्रमाणं प्रतिपादितमस्ति । मुनिश्री-शीलचन्द्रविजयेनाऽपि 'चत्तारि पंच' इति गाथानुवादक्षतिः सम्यग् दर्शिता । तदनु च तदविरोधी लोकप्रकाशपाठोऽपि प्रदत्तः । मुनेः प्रतिभा स्फुटं विलोक्यते । ⁄ **विजयमुक्ति-मुनिचन्द्रसूरी** (श्रीकलापूर्णसूरि-समुदायसत्कौ)

**श्रुतसंविभाग** – ૧૧ મળ્યું. આનંદ થયો. દર વખતે જે SIZE માં આવે છે તેના કરતા અન્ય રીતે આવ્યું. અને આવું વધું ગમ્યું. સપ્તભંગીગત ચોથા ભાંગાની વિકલાદેશતાનો લેખ બહુ સુંદર છે. તારા પોતાનું સ્થાન છોડે છે એ વાતની સુવિસ્તૃત ચર્ચા થઈ છે. આવો વિશદ જવાબ આપનારા જૂજ વિદ્વાનો હશે. **श्रुतसंविभाग** – ૧૦ સુધીના વિષય-વિભાગની વાતોનું પરિશિષ્ટ સુંદર બનવા પામ્યું છે. ⁄ **મુનિ શ્રીન્યાયરત્નવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

**श्रुतसंविभाग** – અંક ૧૧ પ્રાપ્ત થયેલ છે. ૧ થી ૧૦ અંકમાં કયા લેખ ક્યાં છે એ સૂચિ જે આપશ્રીએ બનાવી છે તે દેખતા આપશ્રીની મહેનત અનુમોદનીય છે. સાધુ ભગવંતોને વાંચવામાં સુલભતા રહે એ માટે આપશ્રીએ કરેલ મહેનત સાધુભગવંતો પ્રત્યેના બહુમાનને દેખાડે છે. સાચે જ **श्रुतसंविभाग** લોહચુંબક જેવું લાગે છે. ⁄ **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

**श्रुतसंविभाग** – અંક ૧૧ મળ્યો. વાંચી આનંદ. આ વખતે કાંઈક નવું જ લાગ્યું. સાથે અનુક્રમણિકા પણ સરસ રીતે તૈયાર કરવામાં આવી અને સૂચિ પણ. સહાય કરનાર મુનિવરની પણ અનુમોદના. **श्रुतसंविभाग** ની સહવર્તી મુનિવરોમાં ચર્ચા-વિચારણા સરસ રીતે થાય છે. તથા અધ્યયનની પદ્ધતિ પણ ઘણી બદલાઈ છે. વિષયની સૂક્ષ્મતા સુધી મનને લઈ જવા પ્રયત્ન કરીએ છીએ. મજા આવે છે. **श्रुतसंविभाग** માં ભાગ લેનારા સર્વ મુનિવરોના નામને વાંચીને ખૂબ આનંદની લાગણી થઈ. ⁄ **મુનિ શ્રીઅક્ષયરત્નવિજયજી** (શ્રીધર્મસૂરિજી-સમુદાય)

**श्रुतसंविभाग** નો અંક ૧૧ મળ્યો! આનંદ! **श्रुतसंविभाग** ના અંક – ૧ થી ૧૦ ની સૂચિ સંદર્ભ માટે ખૂબ જ ઉપયોગી બનશે! એક સાર્થક પ્રયત્ન! શક્ય બને તો **श्रुतसंविभाग** માં

આપણા ઓછા જાણીતા કે અપ્રકાશિત (પણ પ્રકાશિત કરવા યોગ્ય) શાસ્ત્રગ્રંથોનો સર્વગ્રાહી પરિચય આપતો વિભાગ પણ શરૂ કરી શકાય. / **મુનિ શ્રીયશેશયશવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

આ પરિપત્રથી સમ્યગ્જ્ઞાનમાં વૃદ્ધિ તો થઈ જ છે. સાથે સાથે ૧ થી ૧૦ અંકનો અનુક્રમ અને એમાં રહેલા પદાર્થોની વિષયવાર સમજૂતિથી જૂનો સ્વાધ્યાય પણ થયો છે. આ પરિપત્ર દ્વારા નાના દીક્ષાપર્યાયવાળા શ્રમણ ભગવંતોમાં પણ કેવી ઉચ્ચ પ્રતિભા છૂપાયેલી છે તેનો ખ્યાલ આવે છે. / **મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

**શ્રુતસંવિભાગ** - ૧૧ નવા જ આકારમાં આવ્યું. આ પુસ્તકાકાર ખૂબ ગમ્યો. સંગ્રહ કરવામાં પણ સારું પડે. આમગ વિનાનો સાધુ બેગમ છે – આ પહેલું વાક્ય જ આપણને આખું **શ્રુતસંવિભાગ** વાંચવા આકર્ષિત કરે... આ વખતની અનુક્રમણિકાએ તો રંગ રાખ્યો. એક સાથે દસેય અંકનું પુનરાવર્તન થઈ ગયું. / **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**શ્રુતસંવિભાગ** - ૧૧ મળ્યું. પૂજ્ય ગુરુદેવોએ ખાસ ખાસ ધન્યવાદ-અનુમોદના પાઠવ્યા છે. પ્રાયઃ એકી બેઠકે વાંચવા મજબૂર કરે છે. પૂજ્ય આચાર્ય ભગવંતના લેખો Introspection તરફ દોરે છે. ૧૦ અંકની યાત્રાએ તો આ અંકે ખૂબ તંદુરસ્તી પ્રાપ્ત કરી લીધી છે. પદાર્થો, એની સમજણ, જિજ્ઞાસા વગેરે વગેરે બધું જ સરસ છે. સાધુઓને વિશેષ સ્વાધ્યાય તરફ દોરવણી આપે છે. / **મુનિ શ્રીતીર્થયશવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

[**શ્રુતસંવિભાગ** ના બદલાતા રૂપરંગ માટે આનંદ વ્યક્ત કરનાર મિત્ર મુનિવરોને એટલું જ કહેવાનું કે આના યશના ખરા હકદાર મુનિ શ્રીશીલચંદ્રવિજયજી (ડહેલાવાળા-સમુદાય) જેવા મિત્રો છે. જે આ પરિપત્રને પોતાનું સમજીને વખતોવખત સરસ સૂચનો મોકલે છે. – **ત્રૈ.**]

**શ્રુતસંવિભાગ** - ૧૩ મહા શુદિ પંચમી, સં. ૨૦૭૫ ના દિવસે પ્રગટ થશે.
પોષ શુદિ એકમ, સં. ૨૦૭૫ સુધીમાં મળનારા લેખો/લખાણોનો
સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ
**શ્રુતસંવિભાગ** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135